



શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર

Retail Price Rs. 10/- Each

વર્ષ : ૩૮ ◆ અંક : ૧૧

નવેમ્બર - ૨૦૧૪


आलम्बनं भवजले पतता जनानाम् ।

- શ્રી ભક્તામર સ્તોત્ર


શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર

કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪ ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

Email : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

# સ્વબોધ

- પૂર્ણિમાબેન શાહ

(રાગ : આઓ બચ્ચોં તુમ્હેં દિખાઉં ઝાંકી હિન્દુસ્તાનકી)

વારે વારે શાને જીવ તું, માયામાં મોહાય છે ? કોઈ નથી આ જગમાં તારું, ફોગટ તું ભરમાય છે;
ભોળો થઈને તું હે જીવડા, વારંવાર ફસાય છે, કડવો અનુભવ થાતાં પાછો, નિજભૂલથી પસ્તાય છે.
ચેતન જાગ તું, હે જીવ જાગ તું...

સ્વાર્થી આ સંસારમાં તારું, કોઈ કદી ન થાય છે, 'મારું, મારું' કરતો કરતો, ફોગટ તું ફુલાય છે;
દિવસ, માસ અને વર્ષો વીતતાં, આયુષ્ય પૂરું થાય છે, ખાલી હાથે આવ્યો જીવ તું, ખાલી હાથે જાય છે.
ચેતન જાગ તું...૨

જગતના જીવો ઘડી ઘડીમાં, રૂપ બદલતા જાય છે, ઈન્દ્રધનુષ્યના રંગો જેવો, આ સંસાર જણાય છે;
તન, મન, ધનની સરભરામાં, સમય સરકતો જાય છે, "અમૂલ્ય એવું જ્ઞાનજીવન, પ્રપંચમાં અવરાય છે."
ચેતન જાગ તું...૩

શુદ્ધ સ્ફટિક સમ રૂપ છે તારું, શાશ્વત નગરે વાસ છે, ક્ષણભંગુર આ દેહનો તુજને, શા કારણે વિશ્વાસ છે ?
આવું ચક્ર અનાદિનું, આ જગતનું ફરતું જાય છે, કરી લે તું 'મહાકામ' તારું, કોઈ ન કોઈનું થાય છે.
ચેતન જાગ તું...૪

જળમાં રહેતા કમળ જેવો, તું રહેજે સંસારમાં, હારી જતો નહીં મોહથી જીવડા, અલિપ્ત રહેજે સંસારમાં;
લેપાતો નહીં માયાથી તું, અસંગતાના સાથમાં, ભવને સફળ કરવો એ તો, હવે છે તારા હાથમાં.
ચેતન જાગ તું...૫

સાચું સુખ છે અંતરમાં, તે બાહ્યમાં મળશે નહીં, સુખ શોધવા મથી રહ્યો તું, દુઃખ તો ટળશે નહીં;
દુનિયા આખી દુઃખ, દુઃખ ને દુઃખમાં ડૂબેલી છે, એની પાસે સુખની આશા, કરવી એ વાત ઘેલી છે.
ચેતન જાગ તું...૬

પારસમણિના સ્પર્શથી, લોઢું પણ પારસ થાય છે, ચિંતામણિના ચિંતનથી, ચિંતિતને પમાય છે;
સદ્‌ગુરુદેવના શરણથી, મોક્ષમાર્ગ સમજાય છે, રાહ હવે તને શાની છે ? આ જીવન વ્યતીત થાય છે.
ચેતન જાગ તું...૭

તારા-મારાનો ભેદ કરીને, કર્મો બાંધતો જાય છે, કોઈ નથી તારું, તું નથી કોઈનો, નાહક તું લેપાય છે;
એકલો તું આવ્યો જગમાં, એકલો તું જાય છે, અનંતકાળથી અંધકારની ભૂલ એક જ થાય છે.
ચેતન જાગ તું...૮

રાગ-દ્વેષના બંધન તોડી, સમતાભાવને ભાવી લે, સર્વ જીવને પશ્ચાત્તાપથી, હે જીવ ! હવે ખમાવી લે;
વિચાર તારા વાળી લે, ધર્મ તારો સંભારી લે, ચોર્યાસીના ચક્કરમાંથી, આત્માને ઉગારી લે.
ચેતન જાગ તું...૯

જ્ઞાન-દર્શન સહિત છે, તું અજર, અમર અવિનાશી છે, શુદ્ધ-બુદ્ધને સ્વયંપ્રકાશિત, મુક્તિપુરીનો વાસી છે;
ચેતી જા તું, ચેતી જા જીવ ! જીવન સફળ બનાવી લે, પ્રગટાવી લે હવે જ્ઞાનદીપક, ભવોનું સાટું વાળી લે.
ચેતન જાગ તું...૧૦

-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**

ટ્રસ્ટી, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭ ૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220


# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ .......... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) ગૃહસ્થાશ્રમમાં ધર્મઆરાધના .પૂ.શ્રી આત્માનંદજી ...... ૬

(૩) મન તો તમારું પોતાનું ને ! ................ ...................... ડૉ. કુમારપાળ દેસાઈ.... ૧૦

(૪) સમાધિતંત્ર-અમૃતરસપાન .................. ...................... પ્રા.ચંદાબહેન પંચાલી.... ૧૩

(૫) સ્થિતપ્રજ્ઞ મહાત્માના લક્ષણો ... પૂજ્ય બહેનશ્રી.... ૧૭

(૬) શ્રી આનંદઘન ચોવીશી... શ્રી અશોકભાઈ શાહ.... ૧૯

(૭) સમ્યગ્દર્શન ...............બા.બ્ર.શ્રી સુરેશજી.... ૨૩

(૮) શ્રી ભક્તામર સ્તોત્ર .... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર.... ૨૫

(૯) હે ગુરુ ગૌતમ ! ................................ ૩૧

(૧૦) પુસ્તક સમાલોચના ...... શ્રી મિતેશભાઈ શાહ.... ૩૪

(૧૧) બાળવિભાગ ............ શ્રી મિતેશભાઈ શાહ.... ૩૫

(૧૨) ગુરુસ્તુતિ .......... પૂ. મુનિશ્રી ૧૦૮ નિર્દોષસાગરજી ................... પૂ. મુનિશ્રી ૧૦૮ નિર્લોભસાગરજી ..... ૩૭

(૧૩) Yuva Times .................................................. ૩૮

(૧૪) સમાજ-સંસ્થા દર્શન ............................ ૩૯



**વર્ષ : ૩૮ નવેમ્બર, ૨૦૧૪ અંક - ૧૧**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

mail@shrimadkoba.org

www.shrimadkoba.org

## લેખકો / ગ્રાહકો / વાચકોને

☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.

☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.

☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.

☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.

☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.

☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.

☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.

☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.

☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.


**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩




# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીના કેવળજ્ઞાનની પ્રાપ્તિથી પ્રારંભ થતું આ નૂતનવર્ષ અમારા જીવનમાં પણ અરમાનો અને ઊર્મિઓ સાથે પ્રારંભ થયું છે. અને અમે –

"શાલિભદ્રની રિદ્ધિ હોજો અને ગૌતમસ્વામીની લબ્ધિ,
બાહુબલિનું બળ હોજો અને અભયકુમારની બુદ્ધિ..."

એવી એવી શુભકામનાઓ ભાવી હતી. પરંતુ ત્યાર પછી આપના એક અમૂલ્ય વચનનું સ્મરણ થયું કે, "કર વિચાર તો પામ." મનમાં એવો વિચાર આકાર પામ્યો કે "પ્રભુ જેવા ધીંગધણી મળ્યા પછી આવી કામનાઓથી શું સંતુષ્ટ થવું ?"

"મારે તો તું સમર્થ સ્વામી તો કેમ ઓછું માગું?" એ ન્યાયે આપના જેવા સમર્થસ્વામી પાસે તો ઉત્કૃષ્ટની જ વાંછના કરવી જોઈએ ને ? તેથી અમે પણ આ નૂતનવર્ષે આપની પાસે માગીએ છીએ કે અમને -

શ્રી લઘુરાજસ્વામી જેવી સમર્પણતા મળો.

શ્રી સોભાગભાઈ જેવી માર્ગનૈષ્ઠિકતા મળો.

અંબાલાલભાઈ જેવી બુદ્ધિમત્તા મળો.

શ્રી દેવકરણજી જેવી સહનશીલતા મળો અને


આપના ચરણ-શરણ-વચન અને નિદિધ્યાસનથી અમો આ ભવને સફળ કરી શકીએ એવા આપના આશીર્વાદ મળો.

"તમે કરુણાના સાગર પ્રભુજી, બિંદુની અમને આશજી,
પ્યાસ બુઝવજો, કારજ સારજો, સુધાજલનિધિ રાજજી;
હૃદયેશ્વર શ્રી રાજજી, સહજસ્વરૂપી શ્રી રાજજી,
રાખજો અમારી લાજ આજ હે, પરમકૃપાળુ રાજજી."

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી



પત્રાંક - ૭૮૩

**મુંબઈ, અસાડ સુદ ૪, રવિ, ૧૯૫૩**

**શ્રી સોભાગને નમસ્કાર**

શ્રી સોભાગની મુમુક્ષુ દશા તથા જ્ઞાનીના માર્ગ પ્રત્યેનો તેનો અદ્‌ભુત નિશ્ચય વારંવાર સ્મૃતિમાં આવ્યા કરે છે.

સર્વ જીવ સુખને ઇચ્છે છે, પણ કોઇ વિરલા પુરુષ તે સુખનું યથાર્થ સ્વરૂપ જાણે છે.

જન્મ, મરણ આદિ અનંત દુઃખનો આત્યંતિક (સર્વથા) ક્ષય થવાનો ઉપાય અનાદિકાળથી જીવના જાણવામાં નથી, તે ઉપાય જાણવાની અને કરવાની સાચી ઇચ્છા ઉત્પન્ન થયે જીવ જો સત્‌પુરુષના સમાગમનો લાભ પામે તો તે ઉપાયને જાણી શકે છે, અને તે ઉપાયને ઉપાસીને સર્વ દુઃખથી મુક્ત થાય છે.

તેવી સાચી ઇચ્છા પણ ઘણું કરીને જીવને સત્પુરુષના સમાગમથી જ પ્રાપ્ત થાય છે. તેવો સમાગમ, તે સમાગમની ઓળખાણ, દર્શાવેલા માર્ગની પ્રતીતિ, અને તેમ જ ચાલવાની પ્રવૃત્તિ જીવને પરમ દુર્લભ છે.

મનુષ્યપણું, જ્ઞાનીનાં વચનોનું શ્રવણ પ્રાપ્ત થવું, તેની પ્રતીતિ થવી, અને તેમણે કહેલા માર્ગમાં પ્રવૃત્તિ થવી પરમ દુર્લભ છે, એમ શ્રી વર્ધમાનસ્વામીએ ઉત્તરાધ્યયનના ત્રીજા અધ્યયનમાં ઉપદેશ્યું છે.

પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમ અને તે આશ્રયમાં વિચરતા મુમુક્ષુઓને મોક્ષ સંબંધી બધાં સાધનો અલ્પ પ્રયાસે અને અલ્પ કાળે પ્રાયે (ઘણું કરીને) સિદ્ધ થાય છે; પણ તે સમાગમનો યોગ પામવો બહુ દુર્લભ છે. તે જ સમાગમના યોગમાં મુમુક્ષુજીવનું નિરંતર ચિત્ત વર્તે છે.

સત્પુરુષનો યોગ પામવો તો સર્વકાળમાં જીવને દુર્લભ છે, તેમાં પણ આવા દુષમકાળમાં તો કવચિત્ જ તે યોગ બને છે. વિરલા જ સત્પુરુષ વિચરે છે. તે સમાગમનો લાભ અપૂર્વ છે, એમ જાણીને જીવે મોક્ષમાર્ગની પ્રતીતિ કરી, તે માર્ગનું નિરંતર આરાધન કરવું યોગ્ય છે.

તે સમાગમનો યોગ ન હોય ત્યારે આરંભ પરિગ્રહ પ્રત્યેથી વૃત્તિને ઓસરાવી સત્શાસ્ત્રનો પરિચય વિશેષ કરીને કર્તવ્ય છે. વ્યાવહારિક કાર્યોની પ્રવૃત્તિ કરવી પડતી હોય તો પણ તેમાંથી વૃત્તિને મોળી પાડવા જે જીવ ઇચ્છે છે તે જીવ મોળી પાડી શકે છે; અને સત્શાસ્ત્રના પરિચયને અર્થે ઘણો અવકાશ પ્રાપ્ત કરી શકે છે.

આરંભ પરિગ્રહ પરથી જેની વૃત્તિ ખેદ પામી છે, એટલે તેને અસાર જાણી તે પ્રત્યેથી જે જીવો ઓસર્યા છે, તે જીવોને સત્પુરુષોનો સમાગમ અને સત્શાસ્ત્રનું શ્રવણ વિશેષ કરીને હિતકારી થાય છે. આરંભ પરિગ્રહ પર વિશેષ વૃત્તિ વર્તતી હોય તે જીવમાં સત્પુરુષનાં વચનનું અથવા સત્શાસ્ત્રનું પરિણમન થવું કઠણ છે.

આરંભ પરિગ્રહ પરથી વૃત્તિ મોળી પાડવાનું અને સત્શાસ્ત્રના પરિચયમાં રુચિ કરવાનું પ્રથમ કઠણ પડે છે; કેમ કે જીવનો અનાદિ પ્રકૃતિભાવ તેથી જુદો છે; તોપણ જેણે તેમ કરવાનો નિશ્ચય કર્યો છે, તે તેમ કરી શક્યા છે; માટે વિશેષ ઉત્સાહ રાખી તે પ્રવૃત્તિ કર્તવ્ય છે.

સર્વ મુમુક્ષુઓએ આ વાતનો નિશ્ચય અને નિત્ય નિયમ કરવો ઘટે છે, પ્રમાદ અને અનિયમિતપણું ટાળવું ઘટે છે.

# ગૃહસ્થાશ્રમમાં ધર્મઆરાધના

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



આર્યધર્મમાં ચાર આશ્રમ કહ્યાં છે : (૧) **બ્રહ્મચર્ય આશ્રમ :** જેમાં વિદ્યા પ્રાપ્ત થાય છે. (૨) **ગૃહસ્થાશ્રમ :** એમાં અર્થોપાર્જન દ્વારા ધન પ્રાપ્ત થાય છે. (૩) **વાનપ્રસ્થ આશ્રમ :** એમાં પુણ્ય પ્રાપ્ત થાય છે. (૪) **સંન્યસ્તાશ્રમ:** એમાં ધર્મની પ્રાપ્ત થાય છે. આ ચારે આશ્રમોમાં પ્રેમતત્ત્વ ઉત્તરોત્તર વર્ધમાન થાય છે. આમ તો પ્રેમતત્ત્વને સમજવાની લાયકાત માત્ર ઉત્તમ મુમુક્ષુની જ છે. તેનાથી નીચે રહેલા જગતના જીવો પ્રેમનું સ્વરૂપ સમજી શકતા નથી. પ્રેમનું સ્વરૂપ વિશેષપણે જ્ઞાની અને મુનિ જ સમજી શકે છે. મોહ - સ્વાર્થ = પ્રેમ. જેટલો જેટલો પ્રેમ ફેલાતો જાય, તેનો વિસ્તાર વધતો જાય તેટલો તેટલો તેમાંથી મોહ અને સ્વાર્થ ઘટતાં જાય છે.

શ્રી કુંદકુંદાચાર્યે સમયસાર ગાથા - ૨૦૬માં પ્રેમનું વર્ણન કરતા કહ્યું છે,

**"આમાં સદા પ્રીતિવંત બન, આમાં તું સદા સંતુષ્ટ ને;**
**આનાથી બન તું તૃપ્ત તુજને, સુખ અહો ! ઉત્તમ થશે."**

પ્રીતિ એટલે પ્રેમ. આમાં જ તું પ્રીતિવંત એટલે પ્રેમવાળો બન. આચાર્ય મોટા પુરુષ છે. અહીં સંદર્ભ જુદો છે એટલે અધ્યાત્મદષ્ટિથી કહ્યું છે. પરંતુ તેમણે જે પ્રેમ કર્યો છે તે પ્રેમથી પૂર્ણતા પ્રાપ્ત થશે એવી તેમણે અહીં ખાતરી આપી છે. અત્યારે આપણે બધા ગૃહસ્થ છીએ. ગૃહસ્થ એટલે જેને હજુ મહાવ્રત આદિ પ્રગટ્યા નથી, અંતરંગ - બહિરંગ પરિગ્રહ ત્યાગ્યો નથી તથા જેમને પ્રતિદિન આત્માનો અનુભવ થતો ન હોય તેને ગૃહસ્થ કહે છે.

ગૃહસ્થ અવસ્થામાં ભગવાનની ભક્તિ, ભગવાનની પૂજા સાથે નવધા પ્રકારમાંથી કોઈપણ પ્રકારની ભક્તિ જો તેઓ ન કરે તો તે ગૃહસ્થ કહેવાય નહીં. 'શ્રી રયણસાર'માં ગૃહસ્થધર્મના બે મુખ્ય પાયા કહ્યાં છે : (૧) ભક્તિ (૨) દાન.

શ્રી પદ્મનંદિ આચાર્યકૃત 'પદ્મનંદિ પંચવિંશતિ'માં પહેલા અધ્યાયના ૧૩મા શ્લોકમાં આચાર્યમહારાજે શ્રાવકના આવશ્યક કહ્યાં છે,

**आराध्यन्ते जिनेन्द्रा गुरुषु च विनतिधार्मिकैः प्रीतिरूचैः**
**पात्रेभ्यो दानमापन्निहतजनकृते तच्च कारूण्यबुद्धया ।**
**तत्वाभ्यासः स्वकीयव्रतरतिमलं दर्शनं यत्र पूज्यं**
**तद्गार्हस्थ्यं बुधानामितरदिह पुनर्दुःखदो मोहपाशः॥१३॥**

**અર્થ :** જે ગૃહસ્થ અવસ્થામાં જિનેન્દ્રની આરાધના કરાય છે, નિર્ગ્રંથ ગુરુઓના વિષયમાં વિનયયુક્ત વ્યવહાર કરાય છે, ધર્માત્મા પુરુષો પ્રત્યે અતિશય વાત્સલ્યભાવ રાખવામાં આવે છે, પાત્રોને દાન આપવામાં આવે છે, તે દાન આપત્તિથી પીડિત પ્રાણીઓને પણ દયાબુદ્ધિથી આપવામાં આવે છે, તત્ત્વોનું પરિશિલન કરવામાં આવે છે, પોતાના વ્રતો પ્રત્યે અર્થાત્ ગૃહસ્થધર્મ પ્રત્યે પ્રેમ રાખવામાં આવે છે તથા નિર્મળ સમ્યગ્દર્શન ધારણ કરવામાં આવે છે - આવી ગૃહસ્થ અવસ્થા વિદ્વાનોને પૂજ્ય છે અને તેનાથી વિપરીત ગૃહસ્થ અવસ્થા અહીં લોકમાં દુઃખદાયક મોહજાળ જ છે.

### (૧) પરમાત્મા પ્રત્યે પ્રેમ :

ભગવાનના ગુણગાન કરવાં, તેમનું જીવન-ચરિત્ર વાંચવું તથા તેમના ગુણોનું ચિંતવન કરવું, અભિષેક, પૂજા, મંદિરને સ્વચ્છ તથા સુંદર રાખવું ઈત્યાદિ વિવિધ પ્રકારની ક્રિયાઓ દ્વારા તથા ગુણગાન દ્વારા તેમના ગુણોમાં અનુરક્ત થઈ, વિવિધ પ્રકારે પરમાત્માની ઓળખાણ કરી પ્રેમની વૃદ્ધિ કરે છે તથા પ્રેમ - ભક્તિની અભિવ્યક્તિ કરે છે.

### (૨) ગુરુપાસ્તિ :

સદ્‌ગુરુઓની, મહાત્માઓની, ગુણિયલ-જનોની સેવા કરવી. જે સાચા સત્સંગની ઉપાસના ન કરે તેનું ત્રણ કાળમાં આત્મકલ્યાણ થવું સંભવ નથી. આત્મસાક્ષાત્કારની પ્રાપ્તિ મુખ્યપણે સદ્‌ગુરુના ઉપદેશથી થાય છે અને ગૌણપણે આગલા ભવોની સાધનાનું અનુસંધાન થવાથી થાય છે. તેમાં પણ જ્ઞાનીપુરુષનો બોધ પ્રબળ પ્રેરક નિમિત્તકારણ છે; જેનો વિસ્તાર પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ વચનામૃત પત્રાંક - ૨૧૩માં કર્યો છે,

“સંસાર કેવળ અશાતામય છે. કોઈ પણ પ્રાણીને અલ્પ પણ શાતા છે, તે પણ સત્પુરુષનો જ અનુગ્રહ છે; કોઈ પણ પ્રકારના પુણ્ય વિના શાતાની પ્રાપ્તિ નથી; અને એ પુણ્ય પણ સત્પુરુષના ઉપદેશ વિના કોઈએ જાણ્યું નથી; ઘણે કાળે ઉપદેશેલું તે પુણ્ય રૂઢિને આધીન થઈ પ્રવર્તે છે; તેથી જાણે તે ગ્રન્થાદિકથી પ્રાપ્ત થયેલું લાગે છે, પણ એનું મૂળ એક સત્પુરુષ જ છે; માટે અમે એમ જ જાણીએ છીએ કે એક અંશ શાતાથી કરીને પૂર્ણકામતા સુધીની સર્વ સમાધિ તેનું સત્પુરુષ જ કારણ છે; આટલી બધી સમર્થતા છતાં જેને કંઈ પણ સ્પૃહા નથી, ઉન્મત્તતા નથી, પોતાપણું નથી, ગર્વ નથી, ગારવ નથી, એવા આશ્ચર્યની પ્રતિમારૂપ સત્પુરુષને અમે ફરી ફરી નામરૂપે સ્મરીએ છીએ.”

### (૩) સ્વાધ્યાય :

કળિયુગમાં કોઈક જ મનુષ્યને સત્પુરુષનો યોગ થાય કારણ કે અત્યારે આ કાળમાં જ્ઞાની અને મુમુક્ષુ તે બંનેનો દુકાળ છે માટે તે બંનેનો યોગ થાય તેવું તો ભાગ્યે જ બને. પરંતુ આપણે પુરુષાર્થ કરી તેવા જ્ઞાનીને મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ. શ્રીમદ્ રાજચંદ્રજીએ શ્રી આત્મસિદ્ધિ-શાસ્ત્રમાં કહ્યું છે,

“જો ઈચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;<br>
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ.”

આવા સત્સંગને શોધવા માટે શું કરવું ? શ્રી આત્મસિદ્ધિ ગાથા - ૩૭માં કહ્યું છે,

“એમ વિચારી અંતરે, શોધે સદ્‌ગુરુ યોગ;<br>
કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ.”

આ કાળની વિપરીતતા હોવાથી ઘણું શોધવા છતાં જો સદ્‌ગુરુ ન મળે તો શું કરવું તેના માટે શ્રીમદ્‌જીએ આત્મસિદ્ધિ ગાથા-૨૩માં કહ્યું,

“આત્માદિ અસ્તિત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્ર;<br>
પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગ નહિ, ત્યાં આધાર સુપાત્ર.”

ભગવાન અને સદ્‌ગુરુઓની વાણી તે શબ્દરૂપે પણ અંકિત થયેલી છે. તો યથાયોગ્ય વિનયપૂર્વક, વારંવાર વાંચવી, સમજવી, વિચારવી, તેના અર્થનું ચિંતન કરવું, વિશેષ અનુપ્રેક્ષા-મનન કરવું તો અંતે તેનાથી પણ આગળ જઈને આત્મજ્ઞાનની પ્રાપ્તિ સંભવે છે.

### (૪-૫) સંયમ અને તપ :

સંયમમાં ઈન્દ્રિયોને જીતવાની મુખ્યતા છે

અને તપમાં ચિત્તવૃત્તિને જીતવાની મુખ્યતા છે.

इच्छा निरोधः तपः ।

ઈચ્છા એ જીવની ચિત્તવૃત્તિ છે. જો તે અશુભ હોય તો તે એકાંતે દુઃખનું કારણ છે અને જો તે શુભ હોય તો તે સમાધાનરૂપ છે અને શુદ્ધનો લક્ષ હોય તો તે વિશુદ્ધિનું કારણ બને છે. શુદ્ધ તો હોતી નથી કારણ કે શુદ્ધમાં ઈચ્છા હોતી જ નથી. શ્રી આત્મસિદ્ધિ ગાથા - ૯૦માં કહ્યું છે, **''વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ.''** આ ઈચ્છા છે અને **''તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ''** તે શુદ્ધોપયોગ છે. આપણે નીચી કક્ષાના જીવો છીએ એટલે આપણી બુદ્ધિ સૂક્ષ્મને ગ્રહણ કરી શકે તેવી શક્તિવાળી નથી. આપણી બુદ્ધિ ભેદવાસિત છે એટલે કે આપણે સ્થૂળ અને મલિન બુદ્ધિવાળા છીએ. મહાત્મા ગાંધીજીએ પોતાની આત્મકથામાં બ્રહ્મચર્યની સાધનાના બે પ્રકરણમાં લખ્યું છે કે, હું એવું માનતો હતો કે આપણે વ્રત લઈએ એટલે એક રીતે પરાધીન થઈ જઈએ, તે વ્રત આપણા માટે બંધનરૂપ થઈ પડે પણ આજે થોડા વર્ષની સાધના પછી મને એવું લાગે છે કે વ્રત તે સ્વતંત્રતાની પ્રાપ્તિનું એક અદ્ભુત સોપાન છે. માટે નિયમ લેવો તે પરાધીનતા નથી પણ સ્વાધીનતાનું દ્વાર ખોલવાની 'માસ્ટર કી' છે, જેને ભગવાન સંકલ્પ અથવા વ્રત કહે છે. આ વ્રત તે આત્માના ચારિત્રગુણની દઢતા છે. શ્રી ગંગાસતીએ પણ કહ્યું છે,

''વિપદ પડે પણ વણસે નહિ,
સોઈ હરિજનના પરમાણ રે... મેરુ તો ડગે...''

જ્ઞાની નિઃશંક છે એટલે નિર્ભય છે. નિર્ભય છે એટલે અડગ છે. માટે સંયમનું પાલન કરવું, ઈન્દ્રિયોને બહેકાવવી નહિ, સાદું જીવન અને ઉચ્ચવિચારો રાખવાં.

ભગવાને તપના બાર પ્રકાર કહ્યાં છે. તે સર્વનું પોતપોતાનું અલગ સ્થાન છે. તો પણ સર્વ તપમાં રાજા તો ધ્યાન અને વ્યુત્સર્ગ જ છે પણ આપણી શક્તિ ઓછી છે, જેથી આપણે માટે સ્વાધ્યાય, વિનય, પ્રાયશ્ચિત્ત આદિ તપ સાથે કરવાં જરૂરી છે પણ એ બધા તપને વિશેષ વિશુદ્ધિ સહિત કરવા માટે સાથે સાથે રસાસ્વાદત્યાગ અને ઊણોદરી આદિ બાહ્ય તપ પણ કરવા જરૂરી છે. આ બધા તપ એકબીજાના પૂરક છે. અહીં ગૃહસ્થના પાંચ કર્તવ્ય આવ્યા. ઈન્દ્રિયો તથા મનને સ્વાધીન રાખવાનો અભ્યાસ કરવો. આપણે સર્વથા તેને સ્વાધીન ન રાખી શકીએ પણ તેનો અભ્યાસ કરવા માટે ગૃહસ્થને આચાર્ય ભગવંતોએ અણુવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રત ગ્રહણ કરવાં કહ્યું છે. સંયમ તથા તપને જો સાદી ભાષામાં કહેવું હોય તો, –

**''ચાલશે, ફાવશે, ભાવશે અને ગમશે.''**

આ સૂત્ર પ્રમાણે કરવું. તેનો અર્થ એમ છે કે મને જીવનમાં કોઈ ફરિયાદ નથી. કહેવતમાં કહ્યું છે કે,

''માગે તેની આઘે, ત્યાગે તેની પાસે.''

આત્મજ્ઞાન થયા પછી શ્રાવક અવસ્થામાં પણ પોતપોતાની સ્થિતિ પ્રમાણે અયાચકવ્રત ગ્રહણ કરી શકાય છે. જેમ કે જમવા બેસીએ અને કોઈ વસ્તુ ખલાસ થઈ જાય તો પિરસનાર આપે તો ઠીક, બાકી આપણે માગવું નહીં. આમ, નાની નાની વાતો આપણને આગળ વધારી શકે છે. એવી સતત જાગૃતિ રાખવી. આપણે વાતો તો આત્મજ્ઞાનની કરીએ છીએ. પણ જો તેના માટેની ભૂમિકા તૈયાર ન કરીએ તો તે આપણી માયાચારી પણ છે. આપણે એટલા નબળા પણ છીએ અને વિવેકી પણ નથી. આ તો મુંબઈ જવું છે પણ ત્યાં જવા માટે ટ્રેન, બસ કે પ્લેનમાં જતા નથી.

પગપાળા મુંબઈ જવાય તો ખરું પણ ઘણો સમય લાગે. તેમ આપણે આત્મદર્શન પ્રાપ્ત કરીએ તે પહેલા જ કાળ કોળિયો કરી જાય અને મનની વાત મનમાં જ રહી જાય કારણ કે આપણી આત્મજ્ઞાન પ્રાપ્તિની વાત સાચી ન હતી, પ્રામાણિક ન હતી, પરાક્રમયુક્ત પણ ન હોતી અને પ્રબુદ્ધ એટલે વિવેકયુક્ત પણ ન હતી.

### (૬) દાન :

સંતોષ ગુણને વધારવા માટે ભગવાને દાન કરવાનું કહ્યું. બીજી બધી સાધના ગૃહસ્થ સામાન્ય રીતે જંજાળમાં પડ્યો હોવાથી એટલી કરી શકતો નથી એટલે કૃપાળુદેવે પુષ્પમાળાની શરૂઆતમાં જ ગૃહસ્થને દિવસના ભાગ પાડી આપ્યા છે; જો કે તે ઉત્તમ સાધક માટે છે :

પુષ્પમાળા - ૭ મુજબ,

"જો તું સ્વતંત્ર હોય તો સંસારસમાગમે તારા આજના દિવસના નીચે પ્રમાણે ભાગ પાડ :

(૧) ૧ પ્રહર - ભક્તિ કર્ત્તવ્ય, (૨) ૧ પ્રહર - ધર્મકર્ત્તવ્ય, (૩) ૧ પ્રહર - આહાર પ્રયોજન, (૪) ૧ પ્રહર - વિદ્યાપ્રયોજન, (૫) ૨ પ્રહર - નિદ્રા, (૬) ૨ પ્રહર - સંસારપ્રયોજન = ૮ પ્રહર."

જો આટલું ન કરી શકાય તો તેનાથી અડધું તો કરવું. આપણે આપણા જીવનમાં સંતોષ પ્રગટાવવાનો પુરુષાર્થ કરવો.

ટૂંકમાં જ્યાં સુધી આપણે મુનિ થઈએ નહીં ત્યાં સુધી આ છ કર્તવ્યોને નિયમિતપણે, સમજણપૂર્વક અને પોતાની શક્તિ ગોપવ્યા વિના આપણા જીવનમાં આચરીશું તો આચાર્ય ભગવાને કરેલ આજ્ઞા પ્રમાણે આપણે ગૃહસ્થધર્મમાં આગળ વધીશું; જેને શાસ્ત્રીયભાષામાં અગિયાર પગથિયારૂપ પ્રતિમાઓ કહે છે કે જેમને ગ્રહણ કરી ગૃહસ્થ સર્વસંગપરિત્યાગ કરવાને લાયક નિશ્ચયથી બને છે. આપણે પણ આવા પ્રબુદ્ધ ગૃહસ્થધર્મનો અભ્યાસ કરીને અંતિમ આદર્શરૂપ મુનિધર્મ કે જે અત્યારે પ્રાપ્ત થવો દુર્લભ છે તેની ભાવના કરવી. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ એવી ભાવના ભાવી છે,

"અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો ?"

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

• • •

## ભજો રાજચંદ્ર નામ

**રચયિતા : આત્માર્થી શ્રી કપિલભાઈ**

રાજચંદ્ર તુમ વિશાલ દીપક, તુમ સે અગણિત દીપ જલે,
હુઆ દૂર તમ નિજ આતમ સે, જીવન કે સબ દુઃખ ટલે.
ભજો રાજચંદ્ર નામ, જપો રાજચંદ્ર નામ...
રાજચંદ્ર તુમ શાન્તકાન્ત હો, વીતરાગ પંથે ચલે,
સુજ્ઞ પ્રજ્ઞ તુમ બ્રહ્મ તેજમય, અવિરલ અનથક બઢે ચલે;
નવપ્રભાત જીવન મેં આયો, અતિ દુર્લભ તવ દરસ મિલે,
તુમ્હારી અનુપમ મૂરત નિરખી, હિય નયનન મમ તૃપ્ત ભયે;
હુઆ દૂર તમ નિજ આતમ સે, જીવન કે સબ દુઃખ ટલે.
ભજો રાજચંદ્ર નામ, જપો રાજચંદ્ર નામ...
વચનામૃત ગુરુ રાજ તુજ, પરમૌષધ ભવરોગ કે,
ગ્રંથ-ગ્રંથિ સબ ભેદ મિટે, જબ મમ હૃદય મેં આન બસે;
નિજ સ્વભાવ સિદ્ધિ કરાયે, વસ્તુ-વિવેક વિચાર લહે,
પરમ કૃપાલુ પરમ દયાલુ, પ્રેમ-રાજ પરમેશ પ્રભુ;
પાકર પૂરન ગુરુ તુમ સમ હમ, ધન્ય - ધન્ય હૈ ભાગ ખિલે,
ભજો રાજચંદ્ર નામ, જપો રાજચંદ્ર નામ...
રાજચંદ્ર તુમ વિશાલ...
જય રાજ ગુરુરાજ, જય રાજ ગુરુરાજ...

પરમનો સ્પર્શ - ૬૧

# મન તો તમારું પોતાનું ને !

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

તમને સમાજમાં આ પ્રકારનાં લોકો જરૂર મળતાં હશે ! કોઈ તમને એમ કહેશે કે, 'મેં મારા ગુસ્સા પરથી કાબૂ ગુમાવી દીધો અને એને કારણે હું અન્ય વ્યક્તિ પર ક્રોધ, દુર્વર્તન કે હત્યા કરી બેઠો.' વળી, કોઈ યુવક એમ કહેશે કે, 'મારા મનમાં તો ઘણાં ઉચ્ચ ગગનગામી આદર્શો હતા; પરંતુ જીવનમાં એક નિષ્ફળતા મળી અને હું આખુંય જીવન હારી બેઠો.' કોઈ એમ કહેશે કે, 'મનમાં એક ખોટો વિચાર આવ્યો અને હું ભૂલ કરી બેઠો.'

આ તમામ પ્રસંગોએ વ્યક્તિ એ વિચારતી નથી કે સંજોગો ગમે તેવા મુશ્કેલ હતા, પણ મન તો તમારું પોતાનું જ હતું ને ! જે મન દ્વારા આ બધું થયું, તેમાં તો તમે ભાગીદાર બન્યા ને ! તમારા મનમાં તમે એ વિચાર કર્યો, એને માટે તમે જ જવાબદાર. એ મનને તમે કઈ રીતે રાખો છો, સમજો છો, જાળવો છો, કેળવો છો એના પર જ સઘળો મદાર છે.

કોના જીવનમાં કપરી, કફોડી કે મુશ્કેલ પરિસ્થિતિ આવતી નથી ? આવી કટોકટીના સમયે, આવા આસમાની-સુલતાનીના કાળમાં કે હતાશા, નિરાશા કે ઉપેક્ષાના સમયે તમારા મનનું વલણ મહત્ત્વનું બની જાય છે. આ સમયે તમે શું કરશો ? એનો પ્રતિભાવ તમે કેવો આપશો ? કોઈ કહેશે કે આવે સમયે તમારે અકળાવાને બદલે ઊંડો શ્વાસ લેવો, બીજી કોઈ વ્યક્તિ તમને એવો નુસખો બતાવશે કે આ પરિસ્થિતિમાંથી ઊભા થઈને બીજા રૂમમાં જઈને ઈશ્વરનું કે ઇષ્ટ મંત્રનું સ્મરણ કરવું, ત્રીજી વ્યક્તિ વળી એમ કહેશે કે એ પરિસ્થિતિમાં સ્વસ્થ રહેવા પ્રયત્ન કરવો.

આપણે જાણીએ છીએ કે રામ, બુદ્ધ, મહાવીર કે ઈસુના જીવનમાં એમને અકળાવવાના અને એમને ક્રોધિત કરવાના અનેક પ્રયત્નો એમનાં વિરોધીઓએ કર્યાં હતા, આમ છતાં તેઓ સહેજે અકળાયા નહોતા. એમણે શત્રુને મિત્ર માન્યા હતા અને તેથી એમણે શત્રુતાપૂર્ણ વર્તાવને મિત્રતાપૂર્ણ ગણ્યો હતો. ભગવાન મહાવીરે છ-છ મહિના સુધી વીસ-વીસ ઉપસર્ગો આપનારા સંગમ દેવ તરફ કોઈ શત્રુતા રાખી નહોતી. ઈસુ ખ્રિસ્તે પોતાના વિરોધીઓ પ્રત્યે ક્ષમાશીલ કરુણા દાખવી હતી, ત્યારે ભગવાન બુદ્ધ એમનો વિરોધ કરનારાઓ પ્રત્યે સ્નેહ દાખવતા હતા.

આ ઘટનાઓનો મર્મ શો ? અકળાવનારી પરિસ્થિતિમાં આપણે શું કરીએ છીએ ? કેટલાક અત્યંત ગુસ્સે થાય છે, કોઈ અપશબ્દો બોલવા લાગે છે, કોઈ હાથ-પગ ઉછાળીને બૂમબરાડા પાડવા લાગે છે, કોઈ સભા કે એ સ્થળ છોડીને ચાલ્યા જાય છે, કોઈ બાજુમાં પડેલી ચીજવસ્તુને લઈને ફેંકે છે.

આમ, તમારો પરિસ્થિતિ પ્રત્યેનો પ્રતિભાવ મહત્ત્વનો બને છે. જો તમારા મનમાં રહેલા ગુસ્સા પર તમારું નિયંત્રણ નહીં હોય, તો તમારા બધા આવેગો બેકાબૂ બની રહેશે. આના માટે શું કરવું જોઈએ ?

આપણે 'અપસૅટ' તો થઈએ છીએ, આપણે અકળાઈએ પણ છીએ. વળી, સંવેદનશીલ હોવાને કારણે એ ઘટનાનાં ઊંડા આઘાતનો અનુભવ પણ

કરીએ છીએ; પરંતુ ‘અપસૅટ’ થયા પછી તમે કેવી રીતે શાંત થાઓ છો તે મહત્ત્વની બાબત છે. એમ કહેવાય છે કે કપરા સંજોગોમાં સ્વસ્થતાથી જીવનારની આગળ શેતાનનાં સઘળાં શસ્ત્રો બુઠ્ઠાં બની જશે. એને શું કરવું તે સૂઝશે નહીં; પરંતુ આ રીતે મન શાંત રાખવા માટે સામર્થ્ય જરૂરી છે.

તમે તમારી આસપાસ કેવું વાતાવરણ રચો છો તે અગત્યનું છે. એ વાતાવરણ ખૂબ ‘સ્ટ્રેસ’વાળું છે કે હળવુંફૂલ છે તે જોવું જોઈએ. તમારા શબ્દો, વિચારો, વર્તન અને અભિગમ એક વાતાવરણનું સર્જન કરે છે. કેટલીક વ્યક્તિઓ પાસે જાઓ એટલે તમને એમ લાગે કે અહીં તો ધમાલ મચી ગઈ છે, કેટલાકની પાસે જાઓ તો એવો અનુભવ થાય કે આ સજ્જન તો એમના કાર્યમાં અત્યંત વ્યસ્ત છે, જ્યારે કેટલીક વ્યક્તિની પાસે જાઓ તો તમને એની આસપાસનું વાતાવરણ શાંત, ‘પૉઝિટિવ’ અને આનંદભર્યું લાગે છે. બધું આડુઅવળું પડ્યું હોય અને એના ઢગલા વચ્ચે માણસ દબાઈ ગયો હોય તો એમ માની લેવું કે આ વ્યક્તિનું જીવન વ્યવસ્થિત નહીં હોય. માનવી સુઘડ અને સૌજન્યશીલ હોય તો જાણી લેવું કે એનાં જીવનમાં, વ્યવહારમાં અને એની ઑફિસમાં પણ સુઘડતા અને સૌજન્યશીલતા અનુભવાશે.

આજે એ વિચાર કરો કે તમારી આસપાસ તમે કેવું વાતાવરણ સર્જી શક્યા છો ? એનું કારણ એ કે આ વાતાવરણ તમારી દૃષ્ટિ, શક્તિ અને ક્ષમતાને પ્રભાવિત કરે છે. જો એ વાતાવરણમાં ઉશ્કેરાટ, ઉધમાત, વ્યસ્તતા અને ઘોંઘાટ હશે, તો ત્યાં તમારા મનની પ્રફુલ્લિતતા જાળવવી મુશ્કેલ બનશે. આનો અર્થ એટલો કે જો પૉઝિટિવ વાતાવરણ સર્જી શક્યા હશો, તો તમારી આસપાસનું વાતાવરણ પૉઝિટિવ રહેશે. તમને હકારાત્મક વિચારો આવશે. કોઈનું ભલું કરવાની ભાવના જાગશે, કોઈને મદદરૂપ થવાની ચાહના જાગશે. જો તમારી આસપાસનું વાતાવરણ નૅગેટિવ હશે, તો સાવ જુદું જ થશે. ઘોંઘાટ અને બૂમબરાડામાં તમે કોઈ વાતનો શાંતિથી વિચાર કરી શકશો નહીં. વ્યસ્તતા અને દોડધામ વચ્ચે તમારું ચિત્ત સ્વસ્થ રીતે વિચારી શકશે નહીં. આમ, જો તમે પૉઝિટિવ હો અને નૅગેટિવ પરિસ્થિતિ ઊભી થઈ હોય, તો તમે તેમાંથી બહાર આવી શકશો, પણ જો તમે નૅગેટિવ પરિસ્થિતિનું સર્જન કર્યું હોય અને તમારી સમક્ષ એવી જ નૅગેટિવ વાત આવે તો તમે વધુ નૅગેટિવ બની જશો !

આ વિચાર, કાર્ય કે અનુષ્ઠાન ધર્મમય છે કે નહીં, એનો માપદંડ શો ? એનો માપદંડ એ કે જે વિચાર, ક્રિયાકાંડ કે અનુષ્ઠાન કરતી વખતે આપણા મનમાં ઉત્સાહ જાગે અને જે આપણી જીવનદૃષ્ટિનો વિકાસ સાધે, જે આપણા હૃદયને વધુ વ્યાપક બનાવે એ ધર્મ છે. જે આપણા જીવનમાં નિષ્ક્રિયતા આણે, કોઈપણ કાર્ય પ્રત્યે નિરુત્સાહ પ્રેરે, કોઈ વ્યક્તિને માટે આપણા મનમાં દુર્ભાવ જગાડે તે અધર્મ.

આમ, જીવનને આગળ લઈ જતો પૉઝિટિવ વિચાર તે ધર્મ અને જીવનને પ્રમાદ, નિષ્ક્રિયતા જેવી નૅગેટિવ બાબતોમાં ડૂબાડે તે અધર્મ. એટલે કે તમે પૉઝિટિવ વિચાર રાખશો તો કપરા સંજોગો વચ્ચે પણ સ્વસ્થ રહી શકશો અને એમાંથી માર્ગ કાઢી શકશો. આવા વિચારો તમને મુસીબતની વચ્ચે શાંતિ આપશે અને તમારા ચિત્તને પ્રસન્ન રાખશે. જ્યારે નૅગેટિવ વલણ ધરાવતી વ્યક્તિઓ સાથે કામ કરવાથી તેઓ તમારા ઉત્સાહને ઠંડો પાડી દેશે, કામમાંથી તમારો રસ ઊડી જાય એવી દલીલો કરશે અને સમય જતાં તમારી સર્જનાત્મકતાનો કે તમારી શક્તિ યા આવડતનો સર્વનાશ કરશે. નકારાત્મક વિચારો કરનાર વ્યક્તિ સામી વ્યક્તિને

ધીમું ઝેર આપતો હોય છે. એને ખબર ન પણ પડે, એ રીતે એના મનમાં નિષ્ક્રિયતા, નિર્બળતા કે કામવિકારનો પગપેસારો થતો હોય છે.

જો તમે જાગ્રત હશો, તો તમારા વિચારોને તમે જોઈ શકો છો. તમારા મનથી દૂર રહીને એ જાણી શકો છો કે તમારા મનમાં કયો વિચાર ધીરે ધીરે પ્રવેશી રહ્યો છે ! તમારું મન કઈ તરફ વળી રહ્યું છે. જો જાગૃતિ હશે તો મનમાં જે ક્ષણે ક્રોધિત થવાનો વિચાર આવશે કે તરત જ તમે સાવધ થઈ જશો. એને મનના બારણે પ્રવેશતો અટકાવી દેશો અને જો પ્રવેશ્યો હશે, તો તત્કાળ વિદાય આપશો. એ મનમાં આવતાં વિચાર કે આવેગના ગુલામ બનવાને બદલે એના પર પ્રભુત્વ ધરાવી શકશે. એના મનને ઇચ્છે તેમ વાળી શકશે. તમે આ ઘટનાને જોઈ શકતા નથી; પરંતુ જરૂર અનુભવી શકો છો. તમારા શબ્દો, વિચાર, વલણ, શારીરિક ચેષ્ટા, હાવભાવ અને તમારો 'મૂડ' એ બધાં એકઠાં થઈને એક વાતાવરણ સર્જતા હોય છે.

આપણા જીવનની આસપાસના વાતાવરણ વિશે થોડો ગંભીર વિચાર કરવાની જરૂર છે. માત્ર આપણું મન જ નહીં, પરંતુ આપણા નિકટના મિત્રો પણ આપણી આસપાસના વાતાવરણ પર પ્રભાવ પાડતા હોય છે. જે વ્યક્તિ આપણને ક્યારેક જ મળતી હોય છે, એની આપણા મન પર બહુ અસર થતી નથી, પરંતુ જેઓ આપણી સાથે ઘણો લાંબો સમય ગાળતા હોય છે, એની ગાઢ અસર આપણા જીવન પર થતી હોય છે. એનાં વિચારો આપણા વિચારો પર અસર કરે છે. એની વૃત્તિઓ ધીરે ધીરે આપણા મનમાં પ્રવેશે છે. એનું વલણ આપણને પણ કેળવતું હોય છે અને તેથી જ આપણે આપણી આસપાસ બને ત્યાં સુધી પૉઝિટિવ વિચાર કરનારા લોકોને રાખવા જોઈએ.

આપણાથી ઊંચા વિચાર, ઉમદા મનોવૃત્તિ અને વિશાળ અનુભવ ધરાવનારા લોકો સાથે મેળ પાડવો જોઈએ, આથી તો દરેક ધર્મોમાં સત્સંગનો મહિમા કહ્યો છે. જો સારો સંગ મળે તો જીવન સફળ થાય.

આ દૃષ્ટિએ તમે મિત્રો બદલીને પણ તમારું જીવન બદલી શકો છો. સારું જોનારા મિત્રો, સારા વિચાર કરનારા મિત્રો અને સારાં કાર્યો કરનારા મિત્રો સાથે તમે રહો અને તમે જે વાતાવરણનો અનુભવ કરો છો તે એક આગવો અનુભવ હોય છે. એની સામે જો તમે મલિન મનોવૃત્તિવાળા, નિંદાખોર, પ્રમાદી, અભિમાની અને વાસનાગ્રસ્ત લોકોની સાથે મૈત્રી રાખશો, તો તમારું જીવન પણ ધીરે ધીરે એ નૅગેટિવ બાબતોની અસર અનુભવે છે અને મનમાં આવેલી એ અસર તમારા વિચારમાં, પછી આચરણમાં અને અંતે સમગ્ર જીવન પર છવાઈ જાય છે.

• • •

## સાધુ

**ટ્રેઈનનું તોફાન નહિ, સ્ટીમર કે વિમાન નહિ,**
**ફ્રીજ અને ફીયાટ નહીં - તેનું નામ સાધુ.**
**ડાઈનીંગ ટેબલ નહીં, ટી.વી. કે ચેનલ નહીં,**
**ડીગ્રીના લેબલ નહીં - તેનું નામ સાધુ.**
**કાચું પાણી અડે નહિ, મોંઘવારી નડે નહીં,**
**પારકી પંચાતમાં પડે નહિ - તેનું નામ સાધુ.**
**પગમાં બૂટ નહિ, સફારી કે સૂટ નહિ,**
**ઝાઝી માથાકૂટ નહિ - તેનું નામ સાધુ.**
**જેને કોઈ ગામ નહીં, હજામનું જેને કામ નહિ,**
**પૈસાનું નામ નહિ - તેનું નામ સાધુ.**

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૨૦)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

પરમકૃપાળુદેવની અમૃતગિરાના શબ્દરત્નો છે કે ''સત્સંગ થાય ત્યારે માયા વેગળી રહે છે; અને સત્સંગનો યોગ મટ્યો કે પાછી તૈયાર ને તૈયાર ઊભી છે. માટે બાહ્ય ઉપાધિ ઓછી કરવી તેથી સત્સંગ વિશેષ થાય છે. આ કારણથી બાહ્ય ત્યાગ શ્રેષ્ઠ છે. બાહ્ય ત્યાગમાં જ્ઞાનીને દુઃખ નથી; અજ્ઞાનીને દુઃખ છે. સમાધિ કરવા સારું સદાચરણ સેવવાના છે. ખોટા રંગ તે ખોટા રંગ છે. સાચો રંગ તે સદા રહે છે. જ્ઞાનીને મળ્યા પછી દેહ છૂટી ગયો, (દેહ ધારણ કરવાનું ન રહે) એમ સમજવું. જ્ઞાનીના વચનો પ્રથમ કડવા લાગે છે, પણ પછી જણાય છે કે જ્ઞાનીપુરુષ સંસારના અનંત દુઃખો મટાડે છે. જેમ ઓસડ કડવું છે, પણ ઘણા વખતનો રોગ મટાડે છે તેમ.... જ્યારે જ્ઞાનીનો ત્યાગ (દઢ ત્યાગ) આવે અર્થાત્ જેવો જોઈએ તેવો યથાર્થ ત્યાગ કરવાનું જ્ઞાની કહે ત્યારે માયા ભૂલવી દે છે; માટે ત્યાં બરાબર જાગૃત રહેવું; જ્ઞાની મળ્યા ત્યારથી તૈયાર થઈ રહેવું; ભેઠ બાંધી તૈયાર થઈ રહેવું.'' આ શબ્દરત્નોમાં જ્ઞાનીના વચનામૃતો, જ્ઞાનીની આજ્ઞાનું માહાત્મ્ય જીવને સદા સત્યસુખ સુધી પહોંચાડે તેવી દિવ્યદષ્ટિ આપે છે. બહિરાત્મા જ્ઞાનીના વચનોને લક્ષગત કરતો નથી તેથી વિભ્રમમાં, અવિદ્યાના સંસ્કારમાં રહે છે. અંતરાત્મા જ્ઞાનીના વચનોને શિરોધાર્ય સમજી સેવે છે, જેથી સહજ સુખને પ્રાપ્ત થાય છે.

આપણે શ્રી પૂજ્યપાદ આચાર્ય રચિત 'સમાધિતંત્ર'નું અમૃતમય રસપાન કરી રહ્યા છીએ. શ્લોક -૧૨માં વિચાર્યું કે બહિરાત્મા દેહબુદ્ધિમાં જીવે છે તેથી સત્સ્વરૂપ આત્મા સુધી પહોંચી શકતો નથી. બીજાના દેહને પણ આત્મા સમજી વિપરીતતામાં જીવન પસાર કરે છે પરિણામે વિભ્રાન્ત બને છે. વિભ્રાન્તિને કારણે અવિદ્યાના સંસ્કાર જન્મે છે, જે અત્યંત દઢ થવાથી જન્મ-જન્માન્તરોમાં સાથે રહેતા સંસારચક્રમાં ઘૂમ્યા કરે છે. હવે શ્લોક -૧૩માં આચાર્યદેવ દેહબુદ્ધિના અને આત્મબુદ્ધિના પરિણામ કેવા ભિન્ન આવે છે તે દર્શાવે છે,

**देहे स्वबुद्धिरात्मानं युनक्त्येतेन निश्चयात् ।**
**स्वात्मन्येवात्मधीस्तस्माद्वियोजयति देहिनं ॥१३॥**

**પદ્યઃ**દેહાત્મબુદ્ધિ દેહોનાં, કારણો મેળવે નકી;
આત્મામાં આત્મબુદ્ધિમાન્, દેહની કેદ દે મૂકી.

**અન્વય :** देहे स्वबुद्धिः निश्चयात् आत्मानं एतेन युनक्ति स्व आत्मनि एव आत्मधीः देहिनं तस्मात् वियोजयति ।

**શબ્દાર્થ :** देहे स्वबुद्धिः = દેહમાં આત્મબુદ્ધિ કરનાર બહિરાત્મા; निश्चयात् = નિશ્ચયથી; आत्मानं = પોતાના આત્માને; एतेन = તેની સાથે - દેહની સાથે; युनक्ति = સંબંધ કરે છે, જોડે છે; स्वआत्मनि एव = પોતાના આત્મામાં જ; आत्मधीः = આત્મબુદ્ધિ કરનાર અંતરાત્મા; देहिनं = પોતાના આત્માને; तस्मात् = તેનાથી, દેહથી; **वियोजयति** = છૂટો કરે છે, અલગ કરે છે.

**ભાવાર્થ :** દેહમાં આત્મબુદ્ધિ કરનાર બહિરાત્મા નિશ્ચયથી પોતાના આત્માને દેહની સાથે સંબંધ કરે છે અને અંતરાત્મા આત્મબુદ્ધિ કરનાર

દેહથી પોતાના આત્માને અલગ કરે છે. ભેદજ્ઞાનથી દેહ અને આત્માને ભિન્ન કરે છે.

**વિશેષાર્થ :** બહિરાત્માને દેહમાં પ્રીતિ વર્તે છે. તે દેહના વિચારોમાં વ્યસ્ત રહે છે. દેહના પોષણમાં, દેહને સૌંદર્યપૂર્ણ બનાવવામાં પ્રવર્તે છે. અહંકારમાં મસ્ત બની લોકોમાં 'વાહ વાહ' થાય તેવી દૃષ્ટિથી બહિરાત્મા જીવતો હોય છે. પરલોકના વિચારો કરે તો પણ દેવગતિમાં જઉં, ભૌતિક સુખોની પ્રાપ્તિ થાય એવા દેહભાવમાં જ રહે છે. લૌકિક ભાવોમાં જીવતાં બહિરાત્માને સત્સંગ મળે અને તેનો ભાવ સમજે તો અલૌકિક આત્મસ્વરૂપમાં પ્રવેશી શકે છે.

देहे स्वबुद्धिः (करोति) = બહિરાત્મા દેહભાવમાં જીવતો હોવાથી દેહની ક્રિયામાં સુખી દુઃખી થાય છે.

आत्मानं एतेन युनक्ति = પોતાના આત્માને શરીરની સાથે જોડે છે. શરીરની સાથે સંબંધમાં રહે છે. જ્યાં રાગ-રસ-રુચિ હોય ત્યાં જીવ સંબંધ જોડે છે. બહિરાત્માને શરીર સાથે સંબંધ છે. ખરેખર જ્યાં શરીર છે ત્યાં એકક્ષેત્રાવગાહે આત્મા રહ્યો છે છતાં દેહાધ્યાસને કારણે દેહમાં અધ્યાસ રાખે છે.

પંડિતશ્રી ટોડરમલજી **'મોક્ષમાર્ગ પ્રકાશક'** ગ્રંથમાં જણાવે છે કે આ જીવ શરીરને પોતાનું અંગ જાણી પોતાને અને શરીરને એકરૂપ માને છે. પણ શરીર તો કર્મોદય આધીન કોઈ વેળા કૃષ થાય, કોઈ વેળા સ્થુળ થાય, કોઈ વેળા નષ્ટ થાય અને કોઈ વેળા નવીન ઊપજે-ઇત્યાદિ ચરિત્ર થાય છે એ પ્રમાણે તેની પરાધીન ક્રિયા થવા છતાં આ જીવ તેને પોતાને આધીન જાણી મહાખેદખિન્ન થાય છે.

દેહાધ્યાસથી બહિરાત્મા શરીરને આત્મા માને છે. નવા નવા શરીરો સાથે સંબંધ થતા રહે છે. આ રીતે અનંતકાળ સંબંધમાં જીવ્યા કરે છે. ગહન સંસારવનમાં ભટક્યા કરે છે. ગહનવન હોય, અનેક વૃક્ષોની પરંપરા હોય, વાયુ જોરથી વાતો હોય, તેમાં કોઈ મુસાફર આવી જાય ત્યારે તેને તેમાંથી બહાર નીકળવું મુશ્કેલ પડે છે. ગહનવનમાં અટવાઈ જાય છે તેમ બહિરાત્મા શરીર સાથે સંબંધ જોડી અટવાઈ જાય છે.

દેહાધ્યાસથી છૂટી શાંત સ્વરૂપ, આનંદ સ્વરૂપ, સુખ સ્વરૂપ વિજ્ઞાનઘન, ચૈતન્ય ચિત્ ચમત્કાર માત્ર, અનંતશક્તિના પુંજ સ્વરૂપમાં જો દૃષ્ટિ કરે તો સદ્ગુરુના આશ્રયે દેહાધ્યાસથી મુક્ત થઈ શકાય છે.

**છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;**
**નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.**

આ આત્મસારભૂત 'દિવ્યધ્વનિ'માં પરમ યોગીશ્વર કૃપાળુદેવ ધર્મના મર્મને પરમ રહસ્યરૂપે પ્રગટ કરે છે. એક વાર બહિરાત્મા શરીરના સંબંધથી પર-બહાર થાય તો અંતરાત્માનું ગુંજન થાય જ.

आत्मनि एव आत्मधीः = પોતાના આત્મામાં આત્મબુદ્ધિ સાધે છે તે અંતરાત્મા છે. શરીરના મમત્વથી અંતરાત્મા મૂકાઈ ચૂક્યો છે. રાગ-દ્વેષના વિભાવભાવથી મુક્ત થયો છે. અનંત અનુબંધ થાય તેવા દેહાધ્યાસ જ્ઞાનીને નથી. શરીરમાં આત્મબુદ્ધિ થતી નથી. અંતરાત્મા સ્ત્રી-પુત્ર - પિતા - માતા - બન્ધુ - મિત્ર - ધન - ધાન્ય આદિમાં એકત્વરૂપે વર્તતો નથી.

देहिनं तस्मात् वियोजयति = સ્વ આત્માને શરીરાદિથી અલગ કરે છે. ભેદજ્ઞાની શરીર અને આત્માને સદા ભિન્ન માને છે. **અંતરાત્માની દૃષ્ટિ પોતાના જ્ઞાન-દર્શન ચારિત્ર સ્વરૂપ આત્મામાં**

**જોડાયેલી હોય છે. નિરંતર જ્ઞાનધારા વર્તતી હોવાથી ત્રિકાળ શુદ્ધ ચૈતન્યને સ્પર્શ કરતી પરિણતી પ્રવહ્યા કરે છે.** શરીરને પુદ્‌ગલપિંડ સમજી તેનાથી અલગભાવથી જીવે છે.

સત્પુરુષના ભાવને શબ્દદેહ આપીએ કે દેહ, દેહરૂપે ત્રણે કાળ રહી શકે તેમ નથી કારણ સંયોગી પદાર્થ છે. જેટલા સંયોગો થયા તેનો વિયોગ નિશ્ચયે છે. **અનિત્ય, સંયોગી પદાર્થનો મોહ વ્યર્થ છે. આત્મા આત્મા રૂપે રહી શકે તેવો મહાસ્વરૂપ સત્તાવાન પદાર્થ છે. તેનો સંગ સાધી પરમપદની પ્રાપ્તિ કરવી ઘટે છે.** બહિરાત્મપણાને લીધે જન્મ - મરણાદિ દુઃખો અનંતકાળથી ભોગવતાં આ જીવની દયા લાવી, તેને અનંત સુખનો ભોક્તા સર્વકાળ માટે કરી, કૃતકૃત્ય થવા યોગ્ય છે. દેહદેવળમાં રહેલો આત્મા તે હું છું એવી આત્મબુદ્ધિ જેને પ્રગટે છે તેને ફરી દેહ ધારણ કરવો ન પડે. અંતરાત્મા દેહાદિ સંયોગોનો આત્યંતિક અભાવ થાય તે અર્થે આ ભવમાં જ નિરંતર સત્ય પુરુષાર્થ આચરે છે.

સર્વ દુઃખથી મુક્ત થવા માટે આત્મજ્ઞાન-આત્માનુભૂતિ પરમ આવશ્યક છે. અંતરાત્મા ભેદજ્ઞાનને જાણે છે તેથી આત્માને માણે છે. બહિરાત્મા માટે 'ભાસ્યો દેહાધ્યાસથી આત્મા દેહ સમાન' છે, જ્યારે અંતરાત્મા માટે 'પણ તે બંને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન'. અથવા 'જેમ અસિને મ્યાન'. સદા સર્વદા બંને ભિન્ન જ છે. **જડ ને ચેતન બંને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન જ છે.** શરીરાદિ - અચેતનમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે માટે રૂપીપણું ધારણ કરીને રહ્યા છે. જ્યારે આત્મા (ચેતન) અનંત શક્તિ - જ્ઞાન - દર્શન - સુખ - આનંદ વગેરેથી સભર, સુખકંદ સ્વરૂપ છે. અંતરાત્મા નિજ સ્વરૂપમાં કેલિ કરે છે. સ્વ સ્વરૂપને માણ્યા કરે છે.

**દૃષ્ટાન્ત** : જેમ નાળિયેરનો ગોળો છૂટોને છૂટો છે તેમ અંતરાત્મા શરીરાદિથી ભિન્ન પરિણમે છે. નાળિયેરની ઉપરના છોડા તે **નોકર્મ** છે. નાળિયેરની કાચલી તે **દ્રવ્યકર્મ** છે. નાળિયેરના અંદરના ગોળા સાથે એટલે શેષ સાથે રહેલી પાતળી છાલ તે **ભાવકર્મ** છે અને અંદર બધાથી છૂટો ગોળો તે આત્મા છે.

નાળિયેર સાથે આ બધાના હોવાપણામાં પણ ગોળો અંદરથી છૂટો ને છૂટો જ રહે છે. આત્માની અસ્તિનું માહાત્મ્ય અપૂર્વ છે. કર્મ હોવા છતાં અંતરાત્માની દૃષ્ટિ નિરંતર પૂર્ણ શુદ્ધ સ્વરૂપને નિહાળ્યા કરે છે. આ જ અસ્તિની મસ્તી છે. આવી મસ્તીસભર મારી અસ્તિ છે.

**બહિરાત્મપણું ત્યાગીને અંતરાત્મા થવા માટે અંતરંગ રુચિ અને રસની પ્રધાનતા જોઈએ.** ઉપયોગ જે બહાર સંસારભાવમાં ચાલ્યો જતો હોય તો પ્રથમ આત્મરુચિપૂર્વક ઉપયોગને એકાગ્ર કરવો પરમ આવશ્યક છે.

**રે મનાજી ! તું તો જિન ચરણે ચિત લાવ,**
**તેરો અવસર બિત્યો જાય...**
**ઉદર ભરણકે કારણે ગૌઆ વનમેં જાય...**
**ચારો ચરે ચઉદિશી ફરે એનું મનડું વાછરડા માય**
**રે મનાજી ! તું તો...**

જેમ ગૌઆ વનમાં જાય છે પણ દૃષ્ટિ-જોડાણ તેના વાછરડામાં વર્તે છે. ચાર પાંચ સાહેલીઓ કૂવે પાણી ભરવા જાય છે. પાણી ભરીને બેડા માથે ચડાવે છે. ઘરે પાછી ફરે છે. ઘર દૂર હોય છે તેથી રસ્તામાં વાતો કરતી, તાલી દેતી, હસતી, માથે ભરેલા બેડા સાથે ઘરે આવતી હોય છે છતાં બહેનોની દૃષ્ટિ તેના બેડા ઉપર છે. નટવો ચોકમાં દોરડી પર ઉપયોગ સ્થિર કરીને ચાલે છે. જોનારા આવે છે અને જાય છે છતાં તેની નજર તો દોરડી

પર જ હોય છે. સુવર્ણકાર સોનાના અનેક ઘાટ-હાર-વલય કે કર્ણપુષ્પ બનાવે પણ તેનું ચિત્ત સોના પર હોય છે. કારણ ઘાટ તો નાશ પામશે. તે તો તે દ્રવ્યની એક સમયની પર્યાય છે, જ્યારે સુવર્ણ ટકનાર દ્રવ્ય છે. **પર્યાય ઉપરથી દૃષ્ટિ હઠાવી દ્રવ્ય ઉપર દૃષ્ટિ થવી તે સાધકને માટે પ્રયોજનરૂપ છે. પર્યાયદૃષ્ટિને ગૌણ કરી દ્રવ્યદૃષ્ટિ થતાં આત્મા અનુભવાય છે.**

અંતરાત્મા શરીરને અને આત્માને અલગ કરે છે. શરીરને રોગાદિ કાંઈ પણ થાય ત્યારે રાગદ્વેષથી રંગાઈ જતાં નથી - રાગદ્વેષમાં ભળી જતાં નથી પરંતુ શરીરાદિથી ભિન્ન આત્માને સેવે છે. ભેદજ્ઞાનનો આ અપૂર્વ મહિમા છે. મ્યાન અને તલવાર સાથે હોવા છતાં બંને ભિન્ન છે. દવા અને શીશી - શીશીમાં દવા ભરેલી છે પણ બંને ભિન્ન છે. જલ અને પાત્ર - પાત્રમાં જલ - પાણી ભરેલું હોવા છતાં જલ અને પાત્ર ભિન્ન છે. શરીર અને વસ્ત્ર - વસ્ત્ર શરીર પર ધારણ કર્યું હોય તે સમયે પણ શરીર અને વસ્ત્ર ભિન્ન છે એવી અંતરાત્માની દૃષ્ટિ હોય છે, જ્યારે બહિરાત્મા પર પદાર્થમાં ભળી જાય છે અને મમત્વ સેવે છે. સમત્વની ઓળખાણ વગર શું થાય ? મમત્વ જ સેવે, બીજું શું ?

યોગ્યતા હોય તો બહિરાત્મા અંતરાત્મા બની શકે છે. દેહમાં આત્મા માનીને વિભ્રમ - અવિદ્યામાં અનાદિકાળ કાઢી નાખ્યો હવે ધીરો થા. શાંત થા. યોગ્યતા હોય તો સાંભળતાં જ સીધો અંદરમાં ઉતરી જાય છે. તેથી તો કહે છે કે 'તેવી તેની કાળલબ્ધિ.' ત્યાં અજ્ઞાની એમ માને છે કે પુરુષાર્થને ઉડાડી દીધો ! અરે ભાઈ ! પુરુષાર્થ તેનાથી જુદો થોડો છે ? કોઈ સ્વચ્છંદ કરી લે તેથી પુરુષાર્થ કરવો તેમ કહ્યું છે. પરંતુ ત્રિકાળીમાં 'અહં પણું' થાય તેમાં પુરુષાર્થ તો હોય જ છે. આ પુરુષાર્થની પર્યાય જેટલો હું નથી, હું તો ત્રિકાળ દ્રવ્ય જ છું - આ અપૂર્વ શબ્દો શ્રી નિહાલચંદજી સોગાનીજીના છે; જેમાં અતિ સૂક્ષ્મતાના દર્શન થાય છે.

અંતરાત્માની જ્ઞાનધારા અને કર્મધારા ભિન્ન થઈ છે તેથી સાક્ષીપણે રહે છે. પૂ. બેનશ્રી ચંપાબેન અમૃતમય વાણીમાં કહે છે, ''સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન વૈરાગ્યની એવી શક્તિ પ્રગટી છે કે ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં, બધા જ કાર્યોમાં ઉભા હોવા છતાં, લેપ લાગતો નથી. નિર્લેપ રહે છે. જ્ઞાનધારા અને ઉદયધારા બે જુદી પરિણમે છે. અલ્પ અસ્થિરતા છે તે પોતાના પુરુષાર્થની નબળાઈથી થાય છે, તેના પણ જ્ઞાતા રહે છે.''

સર્વ દુઃખથી મુક્ત થવા માટે આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય તે ઉપાય માત્ર છે. પરમકૃપાળુદેવે રાજમાર્ગ આ શબ્દોમાં પ્રગટ કર્યો છે, ''સર્વ દુઃખથી મુક્ત થવાનો અભિપ્રાય જેનો થયો હોય તે પુરુષે આત્માને ગવેષવો અને આત્માને ગવેષવો હોય તેણે યમ, નિયમાદિક સર્વ સાધનનો આગ્રહ અપ્રધાન કરી સત્સંગને ગવેષવો, તેમજ ઉપાસવો. સત્સંગની ઉપાસના કરવી હોય તેણે સંસારને ઉપાસવાનો આત્મભાવ સર્વથા ત્યાગવો. પોતાના સર્વ અભિપ્રાયનો ત્યાગ કરી, પોતાની સર્વ શક્તિએ તે સત્સંગની આજ્ઞાને ઉપાસવી. તીર્થંકર એમ કહે છે કે જે કોઈ તે આજ્ઞા ઉપાસે છે તે અવશ્ય સત્સંગને ઉપાસે છે. અને આત્માને ઉપાસનાર સર્વ દુઃખથી મુક્ત થાય છે.'' **(ક્રમશઃ)**

**હવાથી ભરેલા ફૂટબોલને ચારે બાજુથી ફટકા ખાવા પડે છે તેમ અહંકારથી ભરેલા જીવને પણ કર્મનો માર ખાવો પડે છે.**

# સ્થિતપ્રજ્ઞ મહાત્માના લક્ષણો - એક ચિંતન

**(ક્રમાંક - ૯)**

**પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ટાબેન સોનેજી**

**ध्यायतो विषयान्पुंसः सङ्गस्तेषूपजायते ।**
**सङ्गत्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ॥**

- શ્રી ભગવદ્‌ગીતા અ. - ૨/૬૨

**क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।**
**स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥**

- શ્રી ભગવદ્‌ગીતા અ. - ૨/૬૩

ગુજરાતી પદ્યાનુવાદ : (કિ. ધ. મશરૂવાળા)

**વિષયોનું રહે ધ્યાન, એમાં આસક્તિ ઉપજે,**
**જન્મે આસક્તિથી કામ, કામથી ક્રોધ નીપજે,**
**ક્રોધથી મૂઢતા આવે, મૂઢતા સ્મૃતિને હરે;**
**સ્મૃતિલોપે બુદ્ધિનાશ, બુદ્ધિનાશે વિનાશ છે.**

- શ્લોક ૬૨, ૬૩

**શબ્દાર્થ :** વિષયોનું ધ્યાન કરનાર મનુષ્યને એ વિષયોમાં આસક્તિ (મોહ) ઉત્પન્ન થાય છે, આસક્તિથી કામના (ઇચ્છા) થાય છે, કામનાથી ક્રોધ થાય છે, ક્રોધથી વિવેકહીનતા ઉત્પન્ન થાય છે, વિવેકનષ્ટ થવાથી સ્મૃતિમાં ભ્રમ થાય છે, સ્મૃતિભ્રમથી બુદ્ધિનાશ થાય છે અને બુદ્ધિનાશ થતાં જ એનો પૂર્ણ નાશ થાય છે.

**ભાવાર્થ :** જે મનુષ્ય સતત વિષયભોગોનું ચિંતન કરે છે એના મનમાં વિષયભોગ ભોગવવાની પ્રબળ ઇચ્છા ઉત્પન્ન થાય છે. આ ઇચ્છાની તૃપ્તિ માટે એ બહુ વિષયભોગ પ્રાપ્ત કરવાનો યત્ન કરે છે. વિષયભોગ પ્રાપ્ત થવામાં કોઈ પ્રતિબંધ કરે અથવા વાર લાગે તો એ કારણે એ ઘણો ક્રોધિત થઈ જાય છે અને તે વખતે પોતાના કર્તવ્ય-અકર્તવ્યનું તેને ભાન રહેતું નથી. તેનું ચિત્ત મોહથી ભ્રમિત થઈ જાય છે. ચિત્ત ભ્રમિત થવાથી પૂર્વસ્મૃતિ નષ્ટ થાય છે; સ્મૃતિની સાથે તેના જ્ઞાનનો પણ નાશ થઈ જાય છે. જ્ઞાનનો નાશ થવાથી જીવનું સર્વસ્વ નષ્ટ થઈ જાય છે. તે માટે પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે,

“સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો?”


**- અમૂલ્ય તત્ત્વવિચાર**

વિષયોમાં સુખ શોધવા આ જીવ આકુળવ્યાકુળ થઈ ઘણા પ્રયત્નો કરે છે, પણ એમાં સુખ છે જ નહીં તો ક્યાંથી પ્રાપ્ત થાય ? આમ, સુખ માટે ખોટી કલ્પનાઓ કરી પોતાના અમૂલ્ય એવા મનુષ્યભવને વેડફી નાખે છે અને ક્ષણે ક્ષણે નવા કર્મો બાંધી જન્મ - મરણ ઊભા કરે છે. તે જ ભાવમરણ છે. સર્વસ્વનો નાશ છે.

## વિશેષાર્થ (પરમાર્થ)

આ શ્લોકોમાં વિષયોનું ધ્યાન કરનારની કેવી અધોગતિ થાય છે તેનું વર્ણન છે.

જે સંસારીજીવો પરમાત્મસ્વરૂપ અને પોતાના સત્ય આત્મસ્વરૂપને નથી જાણતા તેમની વૃત્તિઓ બહિર્મુખ હોય છે તેથી તેઓ સુખ પ્રાપ્ત કરવા માટે ઇન્દ્રિયવિષયોનું ચિંતન કરે છે. તે વિષયોનું ચિંતન કરતાં કરતાં અનાદિકાળની વાસનાઓને વશ થઈ - તેમાં જ આસક્ત બની જાય છે - એટલે તેમાં જ તેમનો મોહ, તીવ્રરાગ, રતિ થઈ જાય છે અને નીચે બતાવેલા ચાર્ટ પ્રમાણે જીવનનો નાશ થઈ જાય છે.




આ જીવની ઈચ્છાઓ અસીમિત છે. કહે છે,

"અબ તક અગણિત જડ દ્રવ્યો સે
પ્રભુ ભૂખ ન મેરી શાંત હુઈ,
તૃષ્ણા કી ખાઈ ખૂબ ભરી પર
રિક્ત રહી વહ રિક્ત રહી."

**- શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુપૂજા**

તૃષ્ણાઓની તૃપ્તિ ન થતાં, તેમાં વિઘ્ન આવતાં જીવને તીવ્ર ક્રોધ આવી જાય છે. ક્રોધ અંધ છે. તેથી હિત-અહિતનો વિવેક ભૂલી નર પશુ જેવો બની જાય છે. કોઈ વાર તો ક્રોધમાં આત્મહત્યાનું તથા બીજાઓની હત્યાનું ઘોર પાપ કરી બેસે છે.

## ઉપરોક્ત વિધાનનું સમર્થન કરનારા બીજા મહાપુરુષોના અવતરણો

- सोचा करता हूं, भोगो से,
  बुझ जावेगी इच्छा ज्वाला;
  परिणाम निकलता है लेकिन,
  मानो पावक में घी डाला ॥

  **– श्री देव-शास्त्र-गुरु पूजा**

- શ્રુત પરિચિત અનુભૂત સર્વને કામ ભોગ બંધનની કથા;
  પરથી જુદા એકત્વની છે પ્રાપ્તિ કેવળ સુલભના.

  **- શ્રી સમયસાર ગાથા - ૪**

- વિષય વિકાર સહિત જે, રહ્યા મતિના યોગ,
  પરિણામની વિષમતા, તેને યોગ અયોગ.

  **- શ્રીમદ્ રાજચંદ્રજી**

- आहार निद्रा भय मैथुनं च
  सामान्यमेतद पशुभिनराणाम् ।
  ज्ञानम् हि तेषाम् अधिको विशेषः
  ज्ञानेन हीनाः पशुभिः समानाः ॥

  **- श्री सुभाषित संग्रह**

- ભક્તિ બિગાડી કામિયા, ઈન્દ્રિય કેરે સ્વાદ;
  હીરા ખોયા હાથસેં, જનમ ગંવાયા ખાદ.

  **- સંત કબીરદાસજી**

- કામ, ક્રોધ, મદ લોભકી, જબ લગ ઘટ મેં ખાન,
  કબીર મૂરખ પંડિતા, દોનોં એક સમાન.

  **- સંત કબીરદાસજી**

સર્વ મહાપુરુષોનું કથન છે કે ચારેય પ્રકારના કષાય - ક્રોધ, માન, માયા, લોભ જીવને - સાધકને મૂઢતા (સંમોહ) ઊપજાવે છે તેથી તે ઉન્નત્ત બનીને ચારિત્રભ્રષ્ટ થઈ જાય છે અને ન કરવાના કાર્ય કરી ઘણા પાપકર્મો બાંધી અધોગતિમાં ચાલ્યો જાય છે.

### બોધ :

આપણે પરમાત્માનું, શ્રી સદ્ગુરુનું અને તેમના અમૂલ્ય વચનોનું ચિંતન નથી કરતા તેથી ઈન્દ્રિયોના વિષયોનું ચિંતન થાય છે. કારણ કે આપણી એક તરફ પરમાત્મા છે અને એક તરફ સંસાર છે, માટે આપણે નિરંતર પરમાત્માના અને

**(અનુસંધાન પાના નં. ૩૩ પર...)**

# શ્રી આનંદઘન ચોવીશી

અશોકભાઈ પી. શાહ

## ૧૯ મા તીર્થંકર
## શ્રી મલ્લિનાથ જિન સ્તવન પ્રારંભ

**ભૂમિકા :** તીર્થંકર અને કેવળી ભગવંતોની એક વિશિષ્ટ લાક્ષણિકતા છે - તેમનું 'અઢાર દોષોથી રહિતપણું,' જે તેમને જગતમાં મનાતા વિવિધ ઈશ્વરોથી તદ્દન જુદા પાડે છે. જ્ઞાન, ધ્યાન, પ્રભુભક્તિ અને સ્વરૂપલીનતામાં નિરંતર રમણ કરતાં યોગીશ્વર આનંદઘનજીનો 'ઉપયોગ' સમાધિમાંથી બહાર આવે કે બસ, પ્રભુભક્તિ માટે કોઈ બહાનું જોઈએ ! અઢાર દોષોથી મુક્તપણાની પ્રભુની આ વિશિષ્ટતાનું સ્મરણ થતાં તેઓ આ સ્તવનમાં શ્રી મલ્લિનાથ ભગવાને કેવા અલૌકિક ગુણો વડે મોહમલ્લ પર વિજય મેળવી આ અઢાર દૂષણોનો નાશ કર્યો તેના ગુણગાન કરી પોતાની પ્રભુભક્તિને પુષ્ટ કરે છે અને આપણા માટે પ્રભુના ગુણચિંતનનું સુંદર પાથેય આપતા જાય છે.

આ સ્તવન વિશે એક રસપ્રદ ઘટના એવી છે કે પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ મુમુક્ષુઓને આ સ્તવન ઉપર બોધ આપ્યો છે. ઉપદેશનોંધ - ૧૧માં થયેલ નોંધમાં તેઓશ્રી કહે છે, "ગઈ રાત્રે શ્રી આનંદઘનજીનું શ્રી મલ્લિનાથનું સત્‌દેવતત્ત્વ નિરૂપણ કરતું સ્તવન ચર્ચાતુ હતું..." આટલો ટૂંકો ઉલ્લેખ મળે છે, પણ તે સત્સંગમાં બેઠેલા મુમુક્ષુઓ કેટલા સદ્‌ભાગી કે કૃપાળુદેવના શ્રીમુખેથી આ સ્તવનની ચર્ચા સાંભળવા મળી - એ વિચારતાં રોમાંચ ઉલ્લસે છે.

પ્રભુના ગુણગાન કોઈ અંધશ્રદ્ધા કે સ્વર્ગાદિની નિદાનબુદ્ધિથી નહીં, પરંતુ તત્ત્વદૃષ્ટિથી એટલે કે પ્રભુના સ્વરૂપને, તેમના ગુણોને ઓળખીને, સત્‌દેવતત્ત્વનું અંતરમાં અચિંત્ય માહાત્મ્ય લાવીને જો થાય તો થોડા જ ભવોમાં આપણે પણ પ્રભુ જેવું જ સામર્થ્યવાન પરમપદ પામી શકીએ, એમ સર્વ સત્પુરુષોનો અભિપ્રાય છે. પ્રભુની તત્ત્વદૃષ્ટિથી ઓળખ આ સ્તવનમાં છે, કે કઈ રીતે પ્રભુએ સંસારમાં રખડાવનાર આ ૧૮ દોષોનો નાશ કર્યો. આ ૧૮ દોષો આ પ્રમાણે છેઃ

અજ્ઞાન, નિદ્રા, મિથ્યાત્વ, રાગ, દ્વેષ, અવિરતિ, ભય, શોક, જુગુપ્સા, દાનાંતરાય, લાભાંતરાય, વીર્યાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, કામ, હાસ્ય, રતિ અને અરતિ (જુઓ મોક્ષમાળા - શિક્ષાપાઠ ૮ તથા ૧૩). આ ૧૮ દોષ જાણવાનું પ્રયોજન એ છે કે આમાંનો એક પણ દોષ જ્યાં દેખાય તેને પરમાત્મા કે ભગવાન માનવાની ભૂલ ન કરીએ. કૃપાળુદેવ શિક્ષાપાઠ ૮માં કહે છે કે *"અઢાર દોષમાંનો એક પણ દોષ હોય ત્યાં સત્‌દેવનું સ્વરૂપ નથી."*

આ અઢાર દોષ ખરેખર તો જ્ઞાનાવરણીય આદિ ચાર ઘાતીકર્મોનો જ વિસ્તાર છે. તેમાં પણ અજ્ઞાન, નિદ્રા અને પાંચ પ્રકારના અંતરાય સિવાય બાકીના બધા મોહનીય કર્મનો વિસ્તાર છે. શ્રી મલ્લિનાથ ભગવાને અનંત ચતુષ્ટય પ્રગટાવીને કઈ રીતે અને કયા દોષોનો નાશ કર્યો તે હવે આ સ્તવનની ગાથાઓમાં ક્રમશઃ આપણે જોઈશું.

**સેવક કિમ અવગણિયે હો મલ્લિજિન, એહ અબ શોભા સારી;**
**અવર જેહને આદર અતિ દીએ, તેહને મૂલ નિવારી.**
**- હો મલ્લિજિન૦ ૧**

**શબ્દાર્થ :** હે મલ્લિનાથ જિનેશ્વર ! આ સેવકની કેમ અવગણના કરો છો ? એ શું આપને શોભા આપે છે ? બીજા લોકો જેને બહુ માન આપે છે (એવા આશા, તૃષ્ણા, વિષય - કષાય આદિ) તેનો આપે તો મૂળમાંથી જ નાશ કર્યો છે. (અવગણિયે = અવગણના કરવી, ઉપેક્ષા કરવી, દરકાર ન કરવી; અબ = હમણાં; અવર = બીજા લોકો અથવા બીજા દેવો; આદર = સન્માન; મૂલ = મૂળ; નિવારી = દૂર કરી, નાશ કર્યો.)

**ભાવાર્થ :** યોગીશ્વર આનંદઘનજી તો પ્રભુના પરમ સેવક, પરમ ભક્ત ! પ્રભુને પહેલાં જ સ્તવનમાં પ્રીતમ બનાવ્યા પછી હવે અહીં હકથી મીઠો ઓલંભો આપતાં કહે છે કે, હે મલ્લિજિન ! હું તો તારો સેવક છું, નિરંતર તારી આજ્ઞાને આધીન રહું છું તો સ્વામીની ફરજ બને છે કે તેના સેવકની સર્વ પ્રકારે સંભાળ લેવી. હું તો નિરંતર આપના દર્શન ઇચ્છુ છું. ત્યારે આપ છો કે ક્યારેક મારી અવગણના કરી અંતર્ધાન થઈ દર્શન આપતાં નથી અને ત્યારે હું પાછો વૈભાવિક શુભાશુભ ભાવોમાં ઘસડાઈ જાઉં છું. આપ તીર્થંકર, ત્રિલોકનાથ તરીકે બહુ સારી રીતે શોભી રહ્યાં છો. આપના જેવા શોભાયમાન સ્વામીને આમ આ સેવકની ઉપેક્ષા કરવી છાજતી નથી ! જો કે હું જાણું છું કે આપ તો પરમ વીતરાગી છો. તેથી આપને નથી સેવક પ્રત્યે રાગ કે નથી નિંદક પ્રત્યે દ્વેષ અને એમાં જ ખરેખર આપની શોભા છે. વળી, દુનિયામાં 'અવર' એટલે બીજા લોકો તો વિષય-કષાયને પોષવામાં જ મહત્તા માને છે અને આશા, તૃષ્ણા, ધન, વૈભવ આદિ વિભાવોમાં જ મહત્તા માની આવા દૂષણોનો આદર-સત્કાર કરે છે અથવા 'અવર' એટલે તારા સિવાયના બીજા લૌકિક દેવો પણ શસ્ત્ર, સ્ત્રીસંગ, શાપ, વરદાન આદિ દૂષણોનો આદર કરે છે, પણ હે વીતરાગ ! આપે તો આ સર્વ વિભાવોનો મૂળથી જ નાશ કર્યો છે અને એમાં જ તમારી શોભા છે.માત્ર મારા જેવા પ્રામાણિક, નિષ્ઠાવાન સેવકની અવગણના કરી આપનાથી દૂર રાખવો એમાં તમારી શોભા નથી ! કારણ કે ''પતિત ઉદ્ધારન બિરુદ તિહારો'' એ બિરુદ નિભાવવામાં જ આપની શોભા છે ! પોતાની નિષ્ઠાવંત ભક્તિને પ્રમાણભૂત કરતા આનંદઘનજી હવે પ્રભુએ કઈ રીતે આ ૧૮ દોષોનો નાશ કર્યો તે ક્રમશઃ બતાવે છેઃ

**જ્ઞાન સ્વરૂપ અનાદિ તમારું, તે લીધું તમે તાણી;**
**જુઓ અજ્ઞાન દશા રિસાવી, જાતાં કાણ ન આણી.**
**- હો મલ્લિજિન૦ ૨**

**શબ્દાર્થ :** અનાદિનું તમારું જ્ઞાન સ્વરૂપ તમે ખેંચીને લઈ લીધું. તેથી અજ્ઞાનદશા તો જુઓ, રિસાઈને ચાલી ગઈ. તેને જતાં જોઈ તમે કંઈ પણ ખેદ ન કર્યો ! (તાણી = ખેંચીને, બળપૂર્વક, પુરુષાર્થ કરીને; કાણ ન આણી = સાવ ઉપેક્ષા કરી, ખેદ વ્યક્ત ન કર્યો.)

**ભાવાર્થ :** અઢારમાંનો પહેલો દોષ તે 'અજ્ઞાનદશા.' શ્રી મલ્લિનાથ આદિ તીર્થંકરોએ કેવળજ્ઞાન વડે આ દોષને નિર્મૂળ કર્યો.

ખરેખર તો દરેક જીવ અનાદિથી જ્ઞાન-સ્વરૂપ જ છે, કારણ કે જ્ઞાન તેનો સ્વભાવ છે. પરંતુ અજ્ઞાન અને મોહને વશ થવાથી આ જ્ઞાનસ્વરૂપ અનાદિથી કર્મમળથી આવરિત થયેલું છે.

તીર્થંકર આદિ કેવળી ભગવંતોએ સતત આત્મજાગૃતિ, પ્રબળ સંયમ, ઉત્કૃષ્ટ વૈરાગ્ય, અવિરત જ્ઞાન, ધ્યાન, સમાધિ આદિના સત્પુરુષાર્થ વડે તે અનાદિથી આવરિત પોતાના જ્ઞાનસ્વરૂપને ખેંચીને બહાર કાઢ્યું, અર્થાત્ જે અપ્રગટ હતું તેને પ્રગટ કર્યું. અજ્ઞાનદશા જવાની શરૂઆત તો પ્રભુને આત્મજ્ઞાન થતાં ચોથા ગુણસ્થાનકેથી જ થઈ ગઈ

હતી, પરંતુ આ અંતિમ ભવમાં તો બારમા ગુણસ્થાનના અંતે જ્ઞાનાવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય કરી પ્રભુએ કેવળજ્ઞાન પ્રગટાવી અજ્ઞાનદશારૂપ - કુમતિ સ્ત્રીને કાયમને માટે Divorce આપી દીધો અને તેથી તે અજ્ઞાનદશાને રિસાઈને ચાલ્યા જવું પડ્યું ! 'કાણ આણવી' એક લોકોક્તિ છે, જેનો અર્થ છે - કોઈનું મૃત્યુ થતાં ખરખરો કરવો, શોક વ્યક્ત કરવો. આનંદઘનજી અહીં જાણે વ્યંગમાં કહે છે કે પ્રભુ, અનાદિથી જેણે તમને સાથ આપ્યો તે અજ્ઞાનદશાનું મૃત્યુ થતાં આપે "કાણ ન આણી", તેનો શોક પણ ન કર્યો તે શું આપને શોભે છે ? પણ મોક્ષલક્ષ્મીને વરેલા ભગવાન પછી તેની સામે પણ શા માટે જુએ ? આનંદઘનજી પણ આખરે તો પ્રભુના જ સેવક ને ? તેઓ સમજે છે કે અજ્ઞાનદશા તો જીવમાત્રની શત્રુ છે, જેણે અનાદિથી જીવને સંસારમાં રખડાવી હેરાન-પરેશાન કર્યો છે. પૂર્ણ જ્ઞાનદશા પ્રગટાવી પ્રભુએ તેને કાયમની તિલાંજલી આપી એમાં જ એમની **"શોભા સારી"** છે. આ રીતે જ દરેક ગાથામાં થોડો મીઠો ઉપાલંભ કરી પ્રભુ કયા ગુણ વડે કયા દોષોનો નાશ કરી શોભાયમાન થયા છે તે આનંદઘનજી બતાવશે. આગળ જોઈએ :

**નિદ્રા સુપન જાગર ઊજાગરતા, તુરીય અવસ્થા આવી;**
**નિદ્રા સુપન દશા રિસાણી, જાણી ન નાથ મનાવી.**
**- હો મલ્લિજિન૦ ૩**

**શબ્દાર્થ :** નિદ્રા, સ્વપ્ન અને જાગૃત - આ ત્રણ અવસ્થા પાર કરી પ્રભુને 'ઊજાગરતા' નામની ચોથી અવસ્થા આવી છે. તે આવતાં નિદ્રા અને સ્વપ્નદશા રિસાણી છે તેમ જાણવા છતાં હે પ્રભુ, આપે તેને મનાવવાનો કોઈપણ પ્રયત્ન ન કર્યો ! (સુપન = સ્વપ્ન; જાગર = જાગૃત; ઊજાગરતા = આત્મરમણતારૂપ સંપૂર્ણ જાગૃતિ; તુરીય અવસ્થા = ચોથી અવસ્થા.)

**ભાવાર્થ :** અઢાર દોષમાંનો બીજો દોષ, જેનો જીવ સાથે અનાદિથી સંબંધ છે, તે છે 'નિદ્રા.' તે દર્શનાવરણીય કર્મની એક પેટાપ્રકૃતિ જ છે. શ્રી મલ્લિનાથ આદિ તીર્થંકર ભગવંતોએ તો દર્શનાવરણીયનો ક્ષય કર્યો હોવાથી આ દોષથી પણ પ્રભુ પૂર્ણપણે રહિત થયા છે.

નિદ્રા, સ્વપ્ન અને જાગૃત - આ ત્રણ અવસ્થા છદ્મસ્થ જીવોને દર્શનાવરણીયના ઉદયથી હોય છે. નિદ્રામાં શરીર, ઇન્દ્રિયો અને મન નિષ્ક્રિય હોય છે. સ્વપ્નમાં મન સક્રિય હોય છે. જાગૃત અવસ્થામાં એ ત્રણેય સક્રિય હોય છે પણ અજ્ઞાની જીવ તો જાગૃત છતાં સૂતેલો જ છે કારણ કે મોહનિદ્રામાં છે, જ્ઞેયલુબ્ધ, વિષય-કષાયવાળી પ્રમાદ દશામાં છે. જ્યારે જ્ઞાની પુરુષ સૂતેલા હોય ત્યારે પણ જાગૃત છે, કારણ કે તેમને નિરંતર આત્મજાગૃતિ વર્તે છે. (જુઓ : ભગવદ્ગીતા-અધ્યાય-૨, શ્લોક - ૬૯- સ્થિતપ્રજ્ઞના લક્ષણો)

શ્રી મલ્લિનાથ ભગવાને તો આ ત્રણે અવસ્થાથી પાર એવી 'તુરીય' અર્થાત્ ચોથી 'ઊજાગર' દશા પ્રાપ્ત કરી છે. ઊજાગરતા એટલે સંપૂર્ણ આત્મજાગૃતિ, જ્યાં અખંડપણે પોતાના જ્ઞાનસ્વરૂપમાં રમણતા છે. તેથી નિદ્રાને કોઈ અવકાશ જ નથી. નિદ્રાનો સંબંધ દેહ, દેહની થકાન અને દર્શનાવરણીય કર્મ સાથે છે. પ્રભુને તો સર્વજ્ઞતા અને વીતરાગતા પ્રગટતાં જ 'દેહ છતાં દેહાતીત' દશા છે, અનંત વીર્ય પ્રગટ્યું હોવાથી દેહ છે ત્યાં સુધી કોઈ થકાન નથી એવો અતિશય છે અને દર્શનાવરણીયનો તો સંપૂર્ણ ક્ષય છે.

દેહ હોવા છતાં આંખનું મટકું પણ હવે મારતા નથી એવી પૂર્ણ જાગૃતિ છે. ખરેખર તો પ્રભુએ મુનિદશામાં હતા ત્યારે જ નિદ્રાજય અને આસનજય કર્યો હતો. ભગવાન મહાવીરે તો દીક્ષા લીધા પછી કેવળજ્ઞાન પ્રગટ્યા પહેલાંના સાડા બાર વર્ષમાં માત્ર

બે ઘડી (૪૮ મિનિટ) જ નિદ્રા લીધી હતી ! તો કેવળજ્ઞાન પછી નિદ્રાનો સર્વનાશ જ હોય ને ? આમ નિદ્રા, સ્વપ્ન આદિનો જે અનાદિનો સંબધ હતો તે હવે સાદિ અનંતકાળ માટે છૂટી ગયો. સિદ્ધ અવસ્થામાં તો દેહ પણ નથી, તો નિદ્રાનો પ્રશ્ન જ નથી. આમ, સંબંધ તૂટી જતાં નિદ્રા અને સ્વપ્નદશા રિસાઈને ચાલી ગઈ તો પ્રભુએ તે દોષરૂપ હોવાથી મનાવી પણ નહીં, કારણ કે અનંત ચતુષ્ટયમાં હવે તેઓ કૃતકૃત્ય થઈ બિરાજે છે.

(નિદ્રા, પ્રચલા આદિ દર્શનાવરણીય કર્મની પાંચ પેટાપ્રકૃતિનો વિશેષ અભ્યાસ કરણાનુયોગના શાસ્ત્રોમાંથી થઈ શકશે.) હવે, મોહનીય કર્મના ક્ષયથી પ્રભુએ જે દોષો નિર્મૂળ કર્યા તેની વાત આગળની ગાથાઓમાં જોઈએ :

**સમકિત સાથે સગાઈ કીધી, સપરિવારશું ગાઢી;**
**મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બાહિર કાઢી.**
**- હો મલ્લિજિન૦ ૪**

**શબ્દાર્થ :** પ્રભુએ સમ્યગ્દર્શન સાથે સગાઈ કરી અને એમ કરતાં તેના આખા પરિવાર સાથે પણ ગાઢ સંબંધ થયો. મિથ્યાત્વને ગુનેગાર જાણી પોતાના આત્મારૂપી ઘરમાંથી બહાર કાઢી મૂકી. (સમકિત = સમ્યગ્દર્શન; સપરિવારશું = પરિવાર સહિત; ગાઢી = ગાઢ, મજબૂત; મિથ્યામતિ = મિથ્યાત્વ; અપરાધણ = ગુનેગાર સ્ત્રી)

**ભાવાર્થ :** અઢારેય દોષના મૂળમાં જે રહેલો છે તે 'મિથ્યાત્વ' દોષને પ્રભુએ સમકિત પ્રગટાવી નિર્મૂળ કર્યો. પ્રભુ તીર્થંકરના ભવમાં તો જન્મથી જ ક્ષાયિક સમકિત લઈને આવ્યા હતા. પ્રભુએ તો પૂર્વના ભવોમાં જ ક્ષાયિક સમકિત પ્રગટાવી દર્શનમોહનીય કર્મ એટલે કે 'મિથ્યાત્વ'નો સંપૂર્ણ નાશ કરી નાખ્યો હતો.

'સમકિત' એટલે વ્યવહારથી સત્‌દેવ-ગુરુ-ધર્મ અને તેમના પ્રરૂપેલા નવ તત્ત્વની સમ્યક્‌શ્રદ્ધા અને નિશ્ચયથી પોતાના આત્મસ્વરૂપની **અનુભવપૂર્વકની શ્રદ્ધા.** 'મિથ્યામતિ' એટલે મિથ્યાત્વ, ઊંધી માન્યતા, દેહાધ્યાસરૂપ ભ્રાંતિ, પર પદાર્થોમાંથી સુખ મળશે એવી ખોટી માન્યતા. આ ભ્રાંતિગત માન્યતાએ જ જીવને કર્મબંધનમાં મૂકી અનંતકાળ સંસારમાં રખડાવ્યો. તેથી આનંદઘનજી આ મિથ્યામતિને, કુબુદ્ધિને 'અપરાધણ', ગુનેગાર ઠરાવે છે. તીર્થંકર પ્રભુએ પૂર્વભવોમાં સત્‌દેવ-ગુરુ-ધર્મની આજ્ઞા પ્રમાણે 'તત્ત્વાર્થશ્રદ્ધાન' વડે પોતાના આત્મસ્વરૂપનો અનુભવ કરી ક્રમશઃ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક સમકિત સાથે સગાઈ કરી, અર્થાત્ તેને અંતરમાં સ્થાન આપી સાદિ અનંતનો સંબંધ બાંધ્યો. જેમ લગ્ન થતાં પત્નીના પિયરવાળા સાથે, સાસુ-સસરા, સાળા-સાળી આદિ સમસ્ત પરિવાર સાથે સંબંધ બંધાઈ જાય છે, તેમ સમકિત થતાં નિયમથી સમકિતનો આખો પરિવાર - શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા, અનુકંપા, નિઃશંક્ત્વિ આદિ સમકિતના આઠ અંગ આદિ અનેકાનેક ગુણો - સાથે ગાઢ સંબંધ થઈ જાય છે, અર્થાત્ સમકિતી જીવમાં સહજપણે આ ગુણો પણ પ્રગટે છે. જેમ સુશીલ સ્ત્રીની સચ્ચાઈ સાબિત થતાં બદચલન, કુશીલ સ્ત્રીને અપરાધણ જાણી ઘરથી બહાર કઢાય છે, તેમ સમકિતરૂપી સુમતિ સ્ત્રી અને તેના અનેક સદ્‌ગુણોરૂપી પરિવાર સાથે ગાઢ, ક્ષાયિક સંબંધ બંધાતા પ્રભુ મિથ્યાત્વરૂપ મિથ્યામતિ, કુમતિ-સ્ત્રીને કાયમનો જાકારો આપી પોતાના આત્મ-ઘરમાંથી, આત્મપ્રદેશોમાંથી કાઢી મૂકે છે. એમાં જ તો પ્રભુની સારી શોભા છે.

આગળની ગાથાઓમાં ચારિત્ર મોહનીય અને અંતરાય કર્મના ક્ષયથી થતાં ગુણ પ્રાગટ્ય અને દોષ-નાશ ઉપર આનંદઘનજી સુંદર પ્રકાશ પાડે છે, તે આવતા અંકમાં જોઈશું. **(ક્રમશઃ)**

● ● ●

# સમ્યગ્દર્શન (આત્મદર્શન)

બા.બ્ર.શ્રી સુરેશજી

(ગતાંકથી ચાલુ...)

## સમ્યગ્દર્શનના લક્ષણ (ચિહ્ન)

પ્રત્યેક વસ્તુની ઓળખાણ તેના લક્ષણોથી થાય છે. સમ્યગ્દર્શનની ઓળખાણ પણ તેની ઉત્પત્તિની સાથે જ આત્મામાં થોડા વિશેષ ગુણોનો વિશેષરૂપથી આવિર્ભાવ (પ્રગટ) થાય છે, જેની અભિવ્યક્તિ તથા પ્રભાવ તેના બાહ્ય વ્યક્તિત્વ ઉપર પણ નિશ્ચિતરૂપથી પડે છે. સમ્યક્ત્વ પ્રગટ થતાં જ નિમ્ન ગુણ વિશેષ રૂપથી પ્રગટ થાય છે. એનાથી જ કથંચિત સમ્યક્ત્વની ઓળખાણ કરી શકાય છે : -

**(૧) શમ :** સમ્યક્ત્વના પ્રભાવથી તીવ્રકષાય થતા નથી. કષાયો અતિમંદ થઈ જાય છે. સાધક શાંત બની જાય છે તથા સત્તાગત પૂર્વ કર્મોનો ઉદય થાય છે ત્યારે પોતાના આત્મલક્ષથી તેને શાંત કરી દે છે. સમ્યક્ત્વના આ ગુણ કે લક્ષણોને 'શમ' કહે છે.

**(૨) સંવેગ :** સમ્યક્ત્વ પ્રગટ થતા જ સાધકને સાંસારિક વિષયભોગ પ્રત્યે સહજ જ અરુચિ ઉત્પન્ન થઈ જાય છે તથા સદૈવ આત્મસન્મુખ ઉપયોગ રહે છે, જેનાથી તીવ્રગતિથી મોક્ષમાર્ગ તરફ ગમન થાય છે. સમ્યક્ત્વીના આ લક્ષણને 'સંવેગ' કહે છે. 'સમ'નો અર્થ છે સમ્યક્ પ્રકારથી તથા 'વેગ'નો અર્થ છે મોક્ષમાર્ગમાં ગતિ કરવી અર્થાત્ સમ્યક્ રીતે મોક્ષમાર્ગમાં ગતિ કરવી તેને સંવેગ કહે છે.

**(૩) નિર્વેદ :** આત્મિક સુખનો સ્વાદ આવવાથી સાંસારિક વિષયભોગ, ક્રિયાકલાપ ઝેર જેવા તથા બંધનરૂપ લાગવા માંડે છે. હવે સાધક સંસારભ્રમણના થાકને અનુભવે છે, જેના ફળસ્વરૂપે તે નિવૃત્તિરૂપ ચારિત્રમાર્ગની સન્મુખ થાય છે. સમ્યક્ત્વીના આ લક્ષણને નિર્વેદ કહે છે.

**(૪) અનુકંપા :** રાગ-દ્વેષ રહિત, પરમ શાંત, પરમ અહિંસામય આત્મતત્ત્વના સ્વસંવેદનપૂર્વકનું આત્મશ્રદ્ધાન થઈ જવાથી હવે તે સાધકનું હૃદય દયા, કરુણા, કોમળતા આદિ ભાવોથી ભીંજાયેલું રહે છે, જેથી તેના આત્મામાં જગતના સર્વ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ, કરુણાભાવ રહે છે તથા સ્વયંના આત્મા પ્રત્યે પણ વિશેષ દયાભાવ પ્રગટ થાય છે. સમ્યક્દષ્ટિના આ ગુણને અનુકંપા કહે છે.

**(૫) આસ્થા :** નિર્મળ આત્મતત્ત્વની તાત્ત્વિક શ્રદ્ધા પ્રગટ થવાથી, તે આત્મતત્ત્વના જેઓ પરિપૂર્ણ કે વિશેષ ભોક્તા છે એવા સત્દેવ, સત્ધર્મ, સદ્ગુરુ પ્રત્યે દૃઢ આસ્થા થઈ જાય છે. જ્ઞાની સાધક સત્ દેવ-ગુરુ-ધર્મનો અનન્ય ઉપાસક થઈ જાય છે. સમ્યક્દષ્ટિના આ ગુણને આસ્થા કહે છે.

ઉપરોક્ત પાંચેય લક્ષણ પ્રત્યેક સમ્યક્દષ્ટિ મહાત્માને નિયમથી હોય છે. સમ્યગ્દર્શનની સાથે તેનો અવિનાભાવી સંબંધ છે. હા, એટલું જરૂર છે કે મંદકષાયી માર્ગાનુસારી મિથ્યાદષ્ટિ જીવોમાં પણ આ લક્ષણ દેખાય છે. તેમાં અંતર માત્ર એટલું જ છે કે સમ્યક્દષ્ટિમાં આ લક્ષણ સહજ તથા તાત્ત્વિક રૂપથી હોય છે તથા મિથ્યાદષ્ટિ પ્રયત્નપૂર્વક તેને સાધે છે.

## સમ્યગ્દર્શનના ભૂષણ

જેવી રીતે રાજસી આભૂષણોથી યુક્ત રાજાની સુંદરતા તથા શોભા અત્યંત વધી જાય છે તથા સુંદર સુવર્ણના આભૂષણોથી યુક્ત નવયુવતીની શોભા કે સુંદરતા વિશેષરૂપથી વધી જાય છે તેવી રીતે નિમ્નલિખિત ગુણોના પ્રગટ થવાથી સમ્યગ્દર્શનની શોભા વિશેષ રૂપથી સુંદર લાગે છે. આ ગુણોના કારણે સમ્યક્ત્વ નિર્મળતા તથા સાત્ત્વિક યશને પ્રાપ્ત થાય છે.

(૧) **સંવેગ :** મોક્ષમાર્ગ તરફ તીવ્રવેગથી ગમન કરવું.

(૨) **નિર્વેદ :** સંસારપરિભ્રમણથી થાકી માત્ર મોક્ષનો ઉપાય કરવો.

(૩) **નિંદા :** સમ્યક્દૃષ્ટિને પોતાના નિર્દોષ આત્માનું સંવેદન થયું છે તેથી કામ, ક્રોધાદિ દોષ હવે તેને કાંટાની જેમ ખૂંચે છે. તેને કાઢવા માટે તે સદૈવ પોતાના દોષોની પોતાના જ આત્માની સાક્ષીએ સ્વ-નિંદા કરતો રહે છે, જેનાથી તે દોષ ધીરે ધીરે મંદ પડતા જાય છે. સ્વદોષદર્શન જ્ઞાની સાધકનો પ્રમુખ ગુણ છે.

(૪) **ગર્હા :** પોતાના દોષોની ગુરુ કે ભગવાનની સામે નિંદા કરવી ગર્હા કહેવાય છે. ગુરુ કે ભગવાનની સામે આપણા દોષોના સ્વીકાર માત્રથી અડધા દોષ તો ત્યાં જ સમાપ્ત થઈ જાય છે. બાકીનાને યોગ્ય પ્રાયશ્ચિત્ત તથા અભ્યાસ દ્વારા ધીરે ધીરે કાઢે છે.

"સાધક દ્વારા વિનયી તથા દાસત્વભાવથી યુક્ત થઈ, પ્રભુ-ગુરુની સામે પોતાના દોષોની નિંદા કરવી તે ગર્હા નામક સમ્યક્ત્વનું શ્રેષ્ઠ ભૂષણ છે."

(૫) **ઉપશમ :** સમ્યક્દૃષ્ટિ સાધક પોતાના પરિણામોને સદૈવ શાંત તથા નિરાકુળ રાખે છે. તેના વ્યક્તિત્વમાં સદૈવ શાંતિ, સૌમ્યતા અને કોમળતા ઝળકતા હોય છે. જ્ઞાની સાધક સદૈવ શાંત-ગંભીર તથા પ્રસન્ન રહે છે. આ જ તેનું ઉપશમ નામનું ભૂષણ છે.

(૬) **ભક્તિ :** સમ્યક્ત્વ થયા પછી જ્ઞાની સાધકના હૃદયમાં શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ તથા મોક્ષમાર્ગ પ્રત્યે અતિશય અનુરાગ-ભક્તિ ઉત્પન્ન થાય છે. સમ્યક્દૃષ્ટિ જ વાસ્તવમાં શ્રેષ્ઠ જિનભક્ત હોય છે.

"વીતરાગતા પ્રત્યે અનન્ય અનુરાગ જ સમ્યક્ત્વીનું ભક્તિ નામક શ્રેષ્ઠ ભૂષણ છે."

(૭) **વાત્સલ્ય :** સમ્યક્ત્વ થયા બાદ સાધકનો અન્ય સાધર્મીઓ સાથે વાત્સલ્યભાવ અતિ તીવ્ર થઈ જાય છે, પરંતુ તેમાં મમત્વ તથા રાગભાવ નહિવત્ હોય છે. સમ્યક્દૃષ્ટિ સાધર્મીઓ પ્રત્યે નિઃસ્વાર્થ સ્નેહ કરે છે. આ જ તેનું વાત્સલ્ય નામક ભૂષણ છે.

"વીતરાગ માર્ગના અનુયાયીઓ પ્રત્યે સહજ, સમસ્વભાવિક્તાના કારણે નિઃસ્વાર્થ પ્રીતિ થવી વાત્સલ્ય નામક ભૂષણ છે."

(૮) **અનુકંપા :** સર્વ જીવોને પોતાના જેવા (સમાન) માનીને બધા જીવો પ્રત્યે દયાભાવ રાખવો તે અનુકંપા કહેવાય છે. સમ્યક્દૃષ્ટિ પોતાના આત્માના જેવા જ અન્ય આત્માઓને જોવે છે. તેથી કોઈ પણ જીવને મન, વચન, કાયાથી પીડિત ન કરવા પ્રયત્નશીલ રહે છે. એ જ તેનું અનુકંપા નામક આભૂષણ છે.

ઉપરોક્ત ગુણોરૂપ આભૂષણોને ધારણ કરીને સમ્યક્દૃષ્ટિ મહાત્મા સ્વયં પોતાના આત્માને નિર્મળ કરીને, ચમકાવીને શોભાયમાન રાખે છે તથા બહારમાં પણ ઉપરોક્ત ગુણોથી ઉત્પન્ન

**(અનુસંધાન પાના નં. ૪૨ પર...)**

# શ્રી ભક્તામર સ્તોત્ર
(ક્રમાંક - ૧)

**મહેન્દ્રભાઈ કે. ખંધાર**

**(૧) પ્રાસ્તાવિક :** સાંપ્રત જૈન સમાજમાં વિવિધ સંપ્રદાયો હોવા છતાં ચાર બાબતે સહુ એકમત છે :

(૧) **સત્‌દેવ-મહાવીર સ્વામી :** ચરમતીર્થંકર ભગવાન મહાવીર, તેમનું જીવન-કવન, ઉપદેશ, ચતુર્વિધ સંઘરચના વગેરે સન્માનીય અને સર્વમાન્ય છે. પ્રભુના નિર્વાણને લગભગ ૨૫૪૧ (૫૨૭ AD) વર્ષ થયા હોવા છતાં તેમના આગમો આજે પણ એટલા જ કલ્યાણકારી અને પવિત્ર મનાય છે.

(૨) **સત્‌શાસ્ત્ર - તત્ત્વાર્થસૂત્ર (આમ્નાયભેદે-મોક્ષશાસ્ત્ર) :** વિક્રમની પહેલી-બીજી સદીમાં પૂ. આચાર્ય શ્રી ઉમાસ્વાતિ (આમ્નાય ભેદે ઉમાસ્વામી)એ આ અદ્‌ભુત શાસ્ત્ર લખીને ગાગરમાં જૈન શાસનનો સાગર ભર્યો છે. માત્ર ૩૫૭ સૂત્રોમાં (આમ્નાય ભેદે ૩૪૪) જૈનદર્શનના બધા પાસા સૂત્રાત્મક રીતે આવરી લીધા છે. વિવિધ આમ્નાયના દિગ્ગજ આચાર્યોએ તેના બાવન હજાર શ્લોક પ્રમાણ ટીકાઓ રચેલ છે કે જે આપણા જેવા બાળજીવો માટે સુગમ અને રુચિકર બનેલ છે. કેટલીક મહત્ત્વની ટીકાઓમાં સિદ્ધસેનીય, સર્વાર્થસિદ્ધિ, રાજવાર્તિક, શ્લોકવાર્તિક વગેરે જાણીતી છે.

(૩) **મંત્ર - મહામંત્ર નવકાર :** આ સર્વમાન્ય, શાશ્વત અને મહાપ્રભાવી છે. નવકાર એ જાણે જૈન ધર્મનું પ્રતીક જનસામાન્યમાં બની ગયેલ છે.

(૪) **સ્તુતિ - ભક્તામર સ્તોત્ર :** વિક્રમની ત્રીજી સદીમાં પૂ. આચાર્ય શ્રી માનતુંગસૂરિજીની આ અદ્‌ભુત રચનાએ શાસનદેવ અને ચતુર્વિધ સંઘના દિલ જીતી લીધા છે. માત્ર ૪૮ (આમ્નાય ભેદે ૪૪) ગાથાઓમાં આચાર્ય ભગવંતે સ્તુતિ, છંદ, અલંકાર, ઉપમા, ધર્મ, વ્યવહાર, પરમાર્થ સાથે અત્યંત ભાવસભર લાલિત્યપૂર્ણ હૃદયોદ્‌ગાર વણી લીધા છે.

**(૨) માહાત્મ્ય :** મૂર્તિપૂજક શ્વેતાંબર આમ્નાયમાં, દૈનિક નવસ્મરણમાં ભક્તામર સ્તોત્રનું ૭મું સ્થાન છે. દરેક મહત્ત્વના અને માંગલિક પ્રસંગોએ (દિવાળી, બેસતું વર્ષ, પર્યુષણ) ભક્તામર સ્તોત્રનું સમૂહમાં પારાયણ થાય છે. સ્થાનકવાસી શ્વે. આમ્નાયમાં ભક્તામર સ્તોત્રને મહાપવિત્ર અને કલ્યાણકારી ગણીને દરરોજ નિત્યપાઠ કરવામાં આવે છે. દિગંબર આમ્નાયમાં પવિત્ર પ્રસંગોએ (અષ્ટાન્હિકા, મહાપૂજન) ભક્તામર સ્તોત્રનું સમૂહમાં દિવસો સુધી અહોરાત્ર અખંડ પારાયણ થાય છે. તેરાપંથી અને અન્ય પેટા સંપ્રદાયોમાં પણ યથોચિત નિત્યક્રમ, પારાયણ, પૂજન વગેરે થાય છે. ભક્તામરની પ્રત્યેક ગાથા સાથે અનેક મંત્ર-તંત્ર-કથાઓ સંકળાયેલ છે અને ભવિજનો ભાવથી તે અનુષ્ઠાનો આચાર્યોની આજ્ઞાનુસાર વિધિ સહિત પવિત્રતા સાથે આરાધે છે. ચમત્કારથી નમસ્કાર કરનાર સામાન્ય જનસમુદાય જીવનમાં સાંસારિક પ્રતિકૂળતાઓ આવે ત્યારે શ્રદ્ધાપૂર્વક અમુક ગાથાઓનું પ્રસંગ અનુસાર પઠન-પાઠન કરે છે.

જૈન ઉપરાંત જૈનેતર બહુજન સમાજમાં આ ભક્તામર સ્તોત્રનું અને તેની કેટલીક વિશિષ્ટ ગાથાઓનું (વિઘ્ન નિવારણ, માંગલિક) પારાયણ અને પૂજન થાય છે. શ્રી ભક્તામર સ્તોત્રની આરાધના માટે પ્રાતઃકાલનો પરમાનંદી સમય ઉત્તમ છે. બ્રાહ્મમુહૂર્ત પરમાત્માના મિલનનો સમય છે. વહેલી સવારના સમયમાં મગજની ગ્રંથિઓમાંથી અમૃત સમાન રસ ઝરે છે.

**(૩) ઈતિહાસ :** મહાન આચાર્ય શ્રી સિદ્ધસેન દીવાકરસૂરિજીએ ઈતિહાસ પ્રસિદ્ધ વીર વિક્રમ રાજા (કે જેના નિધન પછી વિક્રમ સંવત શરૂ થયાને આજે ૨૦૭૧ વર્ષ થયા)ના સમયમાં ઉજ્જૈનમાં ભગવાન પાર્શ્વનાથની સ્તુતિરૂપ 'કલ્યાણમંદિર સ્તોત્ર'ની રચના કરી. ૪૪ ગાથાનું આ સ્તોત્ર અત્યંત ભાવાત્મક, મનોહર, અલંકારિક અને ચમત્કારી છે. આ સ્તોત્ર પણ જૈન સમાજમાં ખૂબ શ્રદ્ધાપૂર્વક આરાધાય છે અને નવ સ્મરણમાં તે આઠમું છે.

ત્યાર પછી લગભગ ૩૦૦ વર્ષે, ઉજ્જૈનમાં (ધારાનગરી) રાજા ભોજ રાજ કરતા હતા ત્યારે તેમની સભામાં મયૂરભટ્ટ, બાણભટ્ટ વગેરે પ્રભાવક વિદ્વાનો હતા. તે સમયે આચાર્ય માનતુંગસૂરિ ઉજ્જૈનમાં હતા. જૈનધર્મી ધનંજય પંડિતે સભામાં આચાર્યશ્રીનો ખૂબ ભાવથી ગુણાનુવાદ કરતા, ભોજરાજાએ માનતુંગાચાર્યને ખૂબ આદરપૂર્વક બોલાવીને જૈનધર્મનો પ્રભાવ દર્શાવવા વિનંતી કરી. માનતુંગસૂરિ સંસ્કૃત-પ્રાકૃતના પ્રકાંડ વિદ્વાન, અનેક વિદ્યાના જ્ઞાતા, શ્રુતજ્ઞાનના પ્રેમી, અદ્‌ભુત આધ્યાત્મિક શક્તિના ધારક, જૈનેતર ગ્રંથોના અભ્યાસી અને તે યુગના એક મહાન આચાર્ય હતા. આચાર્યશ્રીએ રાજા ભોજને કહ્યું કે, રાગદ્વેષથી મુક્ત અમારા વીતરાગ ભગવંતો કોઈ ચમત્કાર કરતા નથી, પણ તેમના સેવક દેવો વિશ્વને ચમત્કારી પ્રભાવ બતાવે છે. આચાર્યશ્રીની સૂચના અનુસાર તેમને ૪૮ તાળાવાળી બેડીઓમાં બાંધીને ચોકીપહેરા સાથે એક અંધારી કોટડીમાં રાખ્યા. આચાર્ય ભગવંત ત્રણ દિવસના અઠ્ઠમ તપપૂર્વક ભગવાન આદિનાથ ઋષભદેવના ધ્યાનમાં લીન રહ્યા. પછી ચોથા દિવસની વહેલી સવારે તેમના ભક્તહૃદયમાંથી એક એક ગાથા સરતી રહી, મધુર રાગમાં ભાવથી ગવાતી રહી અને દરેક ગાથાએ એક એક તાળું તૂટતાં, અંતિમ ગાથા પછી મુક્ત થઈને આચાર્યશ્રી બહાર આવ્યા ત્યારે રાજા ભોજ, પંડિતો, દરબારીઓ અને પ્રજાજનોએ તેમને વંદન કરીને વધાવી લીધા. મહાપ્રભાવક આચાર્યશ્રીએ આ રીતે જૈનધર્મનો જયજયકાર ગજાવ્યો.

અન્ય લોકવાયકા(ઓ) પ્રમાણે, રાજા ભોજે આચાર્યશ્રીને બોલાવવા મોકલવા છતાં સામાયિકમાં ધ્યાનસ્થ આચાર્ય ન આવતા, રાજાએ ગુસ્સે થઈને (યાદ હશે કે રાજા-વાજા-વાંદરાનું કાંઈ ધાર્યું નહી!) તેમને બેડી-તાળા સાથે રૂમમાં કેદ કર્યા. પછીની વાત ઉપર પ્રમાણે. કેટલાક વિદ્વાનોના મતે રચનાકાળ, સ્થળ, પંડિતોના નામ, પ્રસંગ વગેરે થોડા જુદા પડે છે.

**(૪) રચના :** સ્તોત્રોની રચના પ્રાયે ભક્તકવિ કરે છે તેથી તેમાં શાંતરસ અને ભક્તિરસની સાથે કાવ્યકળા પણ હોય છે. ભક્તામર સ્તોત્રમાં આદિનાથ શ્રી ઋષભદેવ પ્રભુની સ્તુતિ કરવામાં આવી છે. આ સ્તોત્રના રચયિતા શાસન પ્રભાવક શ્રી માનતુંગસૂરિ પ્રભુ મહાવીરની શિષ્ય પરંપરામાં ૨૦મી પાટ પર વિરાજમાન હતા એવો ઉલ્લેખ પ્રાચીન પટ્ટાવલીમાંથી મળે છે.

આ સ્તોત્રમાં સરલ સુબોધ પ્રસાદમયી ભાષાનો પ્રયોગ થયો છે. તેમાં સમાસ વિનાના નાના શબ્દો, વ્યંજનસંધિ, લાંબા સમાસ, અલંકારો, ઉપમાઓ, અનુપ્રાસ, રૂપક ભરપૂર છે. ભક્તામર સ્તોત્રમાં ભક્તિરસની પ્રધાનતા હોવા છતાં ગૌણતાએ જ્ઞાન અને અધ્યાત્મ પણ રહેલા છે. ભક્તામર સ્તોત્રનું અનુકરણ પાદપૂર્તિના રૂપમાં શ્રી વીર ભક્તામર સ્તોત્ર, શ્રી સરસ્વતી ભક્તામર સ્તોત્ર, શ્રી શાંતિ ભક્તામર સ્તોત્ર, શ્રી પાર્શ્વ ભક્તામર સ્તોત્ર આદિ ૨૦ કરતા પણ અધિક સ્તોત્રોના રૂપમાં થયેલું છે.

ભક્તામર સ્તોત્રની બીજી ગાથામાં એકવાર 'પ્રથમમ્ જિનેન્દ્રમ્' આવેલ હોવાથી તે ઋષભદેવનું સ્તોત્ર ગણાય છે. પરમાર્થથી આ સ્તોત્ર કોઈપણ

તીર્થંકર માટે અને ઘણી ગાથાઓ પોતાના ત્રિકાળી શુદ્ધ આત્મા માટે અનુરૂપ છે. ભક્તામર સ્તોત્ર એ જિનભક્તિનું એક અમર કાવ્ય છે અને તેણે જૈન તથા જૈનેતર વિદ્વાનોને ખૂબ પ્રભાવિત કરેલ છે. હેમચંદ્રાચાર્ય, જિનપ્રભસૂરિ, વાગભટ્ટાલંકાર, આશાધરજી વગેરેએ તેમની ટીકાઓમાં તથા જૈનેતર બૃહદ્જ્યોતિષાર્ણવ ગ્રંથમાં ભક્તામર સ્તોત્રની ગાથા(ઓ)નો ઉલ્લેખ છે. ભક્તામર સ્તોત્ર પર જેટલી ટીકાઓ, પાદપૂર્તિઓ અને ભાષાકીય અનુવાદો થયા છે તેટલા અન્ય કોઈ જૈન સ્તોત્ર વિષે નથી થયા. જૈનેતર વિદ્વાનો આ સ્તોત્રની મુક્તકંઠે પ્રશંસા કરે છે અને તેને સંસ્કૃત સાહિત્યની એક અમૂલ્ય સંપત્તિ માને છે.

શ્રી માનતુંગસૂરિજીએ ભક્તામર સ્તોત્ર ઉપરાંત 'ભયહર સ્તોત્ર' (નમિઉણ સ્તોત્ર) અને 'ભક્તિબ્ભર સ્તોત્ર' નામના બીજા બે સ્તોત્રો રચેલા છે. જૈન તથા જૈનેતર વર્ગમાં પ્રાચીનકાળથી એવી પ્રથા ચાલે છે કે સૂત્રો અને સ્તોત્રો પ્રથમ પદથી ઓળખાય, જેમ કે લોગસ્સ સૂત્ર, નમોત્થુણં સૂત્ર, ઉવસગ્ગહર સ્તોત્ર, કલ્યાણમંદિર સ્તોત્ર, નમિઉણ સ્તોત્ર, વંદિત્તુ સૂત્ર, દેવાગમ સ્તોત્ર, સ્વયંભૂ સ્તોત્ર વગેરે. તે જ રીતે આ સ્તોત્ર 'ભક્તામર' નામથી ઓળખાયું.

આ સ્તોત્રની રચના કોમલ 'વસંતતિલકા' છંદમાં કરેલ છે. તે સંસ્કૃતભાષાનો એક સુંદર છંદ છે. તે 'મધુમાધવી'ના નામે પણ ઓળખાય છે. તેમાં ૭ લઘુ અને ૭ ગુરુ થઈને ૧૪ અક્ષરોથી દરેક ચરણ બને છે. તે રીતે ચાર ચરણની દરેક ગાથામાં ૫૬ લઘુ ગુરુ અક્ષરો છે. મધુર વસંતતિલકા છંદમાં અદ્ભુત શબ્દસૌષ્ઠવપૂર્ણ આ સ્તોત્રના એક એક અક્ષરમાં હિલોળા લેતા ભક્તિસુધાના સાગરમાં ઉદ્ગાતા જ નહીં પણ શ્રોતાઓના પણ ત્રિવિધ તાપનું શમન થાય છે અને અવર્ણનીય આનંદ આપે છે. આ એક કાળજયી સ્તોત્ર છે. તેની મધુર-લલિત શબ્દાવલીમાં માત્ર ઉત્કૃષ્ટ ભક્તિરસ જ ભર્યો નથી પરંતુ જૈન દર્શનનો આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વૈભવ પણ છે. તેની લયમાં એક અદ્ભુત નાદ છે કે જેનાથી પાઠ કરતી વખતે અંતરહૃદયનો તાર સીધો આરાધ્યદેવ સાથે જોડાઈ જાય છે. આ રીતે અત્યંત ભક્તિસભર ક્ષણોમાં રચાયેલ આ એક આત્મોન્મુખી સ્તોત્ર છે અને સ્તોત્ર - સાહિત્યનો મુકુટમણિ છે.

ભક્તિમાં આશ્ચર્યકારી શક્તિ છે અને શ્રદ્ધામાં અનંત બળ હોય છે. શુદ્ધ અને પવિત્ર હૃદયથી પ્રભુના ચરણોમાં સમર્પિત થઈને જો કોઈ પ્રાર્થના કરે તો તે નિષ્ફળ નથી જતી. તેના જીવનમાં ભૌતિક અને આધ્યાત્મિક શક્તિઓનો સંચાર થાય છે તથા આરોગ્ય અને લક્ષ્મી (લૌકિક અને લોકોત્તર) આવે છે. પ્રભુની સ્તુતિમાં જ્યારે મન એકાગ્ર થઈ જાય છે ત્યારે બધા વિકલ્પ સમાપ્ત થઈને તન્મયતાના અપૂર્વ આનંદનો અનુભવ થાય છે. આ આનંદ શબ્દાતીત અને અનુભવગમ્ય છે. શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે, "ઘણા ઘણા પ્રકારથી મનન કરતા અમારો દૃઢ નિશ્ચય છે કે ભક્તિ એ સર્વોપરી માર્ગ છે." (વ. પ. ૨૦૧) પરમકૃપાળુદેવ વિશેષમાં જણાવે છે કે, "ભક્તિ એ સર્વોત્કૃષ્ટ માર્ગ છે. ભક્તિથી અહંકાર મટે, સ્વચ્છંદ ટળે અને સીધા માર્ગે ચાલ્યું જવાય; અન્ય વિકલ્પો મટે. આવો એ ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે." (વ. ઉપદેશ છાયા ૪) ભક્તિપ્રધાન પૂ. શ્રી આત્માનંદજી તેમના સ્વાધ્યાય-સત્સંગમાં અવારનવાર કહે છે કે નવધા ભક્તિમાં (શ્રવણ, કીર્તન, ચિંતવન, વંદન, સેવન, ધ્યાન, લઘુતા, સમતા, એકતા) સાચા ભાવથી કીર્તન કરવાથી આત્મામાં સમતા અને પ્રભુ સાથે એકતા અનુભવાય છે.

વિદ્વાનો માને છે કે જેમ છંદમાં લઘુ-ગુરુ અક્ષરોની સમાનતા/સમતા છે, તેમ આ છંદમાં બનેલ સ્તોત્ર પણ સમતાભાવમાં લઈ જઈ શકે છે. વસંતતિલકા છંદનું વિધિવત્ ઉચ્ચારણ કરનારને

હિંડોળો ચાલી રહ્યો હોય તેવો ભાસ થાય છે. છંદનો શાબ્દિક અર્થ આહ્‌લાદ છે. એના ૧૪ અક્ષર તે ૧૪ રાજલોકનું અને ૧૪ ગુણસ્થાનકનું પ્રતીક સમજીને ૧૪ રાજલોકના અગ્રભાગ પર આપણે સાધકોએ જવું છે અને ૧૪ ગુણસ્થાન ચડીને શાશ્વત સુખની પ્રાપ્તિ કરવી છે.

પ્રેમભક્તિના શાંતરતિ (શાંતરસ) પૂર્ણ અહૈતુકી ભક્તિ આચાર્ય શ્રી માનતુંગસૂરિએ અભિવ્યક્ત કરી છે. સમગ્ર સ્તોત્રમાં કોઈ પણ સ્થળે એમ નથી કહ્યું કે તમે મારા કષ્ટોને દૂર કરો. તેઓ તો પ્રભુની ગુણમાલા પરોવવામાં જ તલ્લીન હતા.

૩૫થી વધારે શ્લોકોમાં ઉદાહરણો અને ઉપમા અલંકાર વડે પોતાના કથનની પુષ્ટિ આપવાની આવડત શ્રી સૂરિજીની તાર્કિકતા વ્યક્ત કરે છે તો તેની સાથે પોતાની વિનમ્રતા બતાવી સ્તુતિમાં પ્રવર્તન તેમની જિનેશ્વર પ્રત્યેની નિષ્કામ ભક્તિને દર્શાવે છે. સામાન્ય વડે વિશેષનું સમર્થન, અંતઃપ્રેરિત ભાવ, કૌશલ્યપૂર્ણ સ્તુતિ, શબ્દોનો કલાત્મક પ્રયોગ, વર્ણ્ય વસ્તુ અથવા ભાવોને મૂર્તરૂપ આપતા અલંકારો શ્રી માનતુંગસૂરિને કવિશિરોમણી તરીકે પ્રતિષ્ઠિત કરે છે. ભારતભરના અધ્યાત્મ સ્તોત્રોમાં ભક્તામર સ્તોત્રનું સ્થાન પહેલા પાંચમાં અને અધ્યાત્મ મહાકવિઓમાં કવિપુંગવ માનતુંગસૂરિજીનું સ્થાન પ્રથમ હરોળમાં છે. ભક્તામર સ્તોત્રમાં આવેલી ઉપમાઓ વધારે પ્રકૃતિને આશ્રિત છે : સૂર્ય, ચંદ્ર, સમુદ્ર, વસંતઋતુ, પ્રકાશ, અંધકાર, કમલપત્ર, પર્વત અને વાયુ. આ ઉપરાંત પશુ, પક્ષી, વૃક્ષ, લતા, દીપક, વાદળ, રાહુ, મણિ, કાચ અને અન્ય દેવો પણ આવે છે.

**(૫) ગાથા અને ક્રમ :** કહેવાય છે કે ભક્તામર સ્તોત્રમાં મૂળ બાવન (૫૨) ગાથાઓ હતી. આ સ્તોત્ર અત્યંત ચમત્કારી હોવાથી શાસનદેવ પ્રત્યક્ષ રહેતા. કાળક્રમે શ્રાવકો અને ભક્તોએ આ સ્તોત્રની ચમત્કારિક સિદ્ધિઓનો લૌકિક અને નિજસ્વાર્થે ઉપયોગ શરૂ કરતા, આચાર્યોએ ૪ મહત્ત્વની ગાથાઓ લોપ કરેલ છે. એક આચાર્ય ભગવંતે આ વાતને સમર્થન આપેલ છે. પરંતુ અન્ય ટીકાઓ કે શાસ્ત્રોમાં આ વિષેનો ઉલ્લેખ મળતો નથી.

માનતુંગાચાર્ય ગાથાઓનો ક્રમ મહદ્‌અંશે તેમના પુરોગામી આચાર્ય શ્રી સિદ્ધસેન દીવાકરજીના 'કલ્યાણમંદિર સ્તોત્ર'ને અનુસરે છે. ભક્તામર સ્તોત્રમાં મંગલાચરણ, પોતાની લઘુતા, પ્રભુની પ્રભુતા, તેમના લૌકિક અને લોકોત્તર ગુણો, વિઘ્ન નિવારણ અને અંતમંગલ છે. નીચે ગાથાવાર આ ક્રમ વિગતે જણાવેલ છે. :

- ગાથા ૧-૨ : મંગલાચરણ અને નમસ્કાર
- ગાથા ૩-૬ : પોતાની અલ્પશક્તિ અને લઘુતા
- ગાથા ૭-૧૦ : ભક્તામર સ્તોત્રનો મહિમા
- ગાથા ૧૧-૧૨ : ઋષભદેવનો બાહ્યવૈભવ
- ગાથા ૧૩-૧૯ : પ્રભુના ગુણોનું કીર્તન
- ગાથા ૨૦-૨૧ : લૌકિક દેવો કરતા પ્રભુની મહાનતા
- ગાથા ૨૨ : તીર્થંકર પ્રભુની માતાની વંદના
- ગાથા ૨૩ : મોક્ષમાર્ગના પ્રણેતા પ્રભુ
- ગાથા ૨૪ : પ્રભુના ૧૫ વિશિષ્ટ ગુણો
- ગાથા ૨૫ : લૌકિક દેવ-ત્રિપુટીના નામ પ્રમાણે પ્રભુના ગુણો
- ગાથા ૨૬ : તીર્થંકરને અદ્‌ભુત ૪ નમસ્કાર
- ગાથા ૨૭ : પ્રભુનો વિશિષ્ટ અતિશય : ગુણ - આશ્રય અને દોષ-પરિહાર
- ગાથા ૨૮-૩૫ : તીર્થંકર નામ કર્મોદયે, ૮ પ્રાતિહાર્ય - અતિશય (અશોકવૃક્ષ, સિંહાસન, ચામર, છત્ર, દેવદુંદુભિ, પુષ્પવૃષ્ટિ, ભામંડલ, દિવ્યધ્વનિ)
- ગાથા ૩૬ : પ્રભુનો વિશિષ્ટ અતિશય વિહાર

- ગાથા ૩૭ : પ્રભુનો વિશિષ્ટ અતિશય - ધર્મોપદેશ અને સમવસરણ
- ગાથા ૩૮-૪૬ : ભક્તામર સ્તોત્ર દ્વારા પ્રભુભક્તિથી ૮ પ્રકારના ભય/વિઘ્ન નિવારણ (હાથી, સિંહ, દાવાનળ, સર્પ, સંગ્રામ, સમુદ્ર, વ્યાધિ, બંધ)
- ગાથા ૪૭ : ૮ ભયનિવારણની સારશ્રુતિ
- ગાથા ૪૮ : અંતમંગલ અને આશીર્વચન

ભક્તામર સ્તોત્રની ૧૨થી ૨૦ એ નવ ગાથાઓમાં સૂરિમંત્ર સમાયો છે. આ જ ગાથાઓમાં આઠ મહાવિદ્યાઓ પણ રહેલ છે.

**(૬) વ્યવહારાર્થ :** વાસ્તવિક રીતે વ્યવહાર અને પરમાર્થ એક જ સિક્કાની બે બાજુ છે. પ્રેરે જે પરમાર્થને તે વ્યવહાર જ સમંત હોય (આત્મસિદ્ધિ-૩૬). તેમજ નિશ્ચય (પરમાર્થ) રાખી લક્ષમાં સાધન (વ્યવહાર) કરવા (આત્મસિદ્ધિ-૧૩૧). સાધકની દૃષ્ટિ વ્યવહારમાં પણ પરમાર્થ સાધી લે છે. વ્યવહાર અને પરમાર્થની સંધિ તે ભક્તિ સ્તોત્ર અને ચૈતન્ય ચમત્કાર છે. પરમપ્રભાવી શ્રી ભક્તામર સ્તોત્રના પારાયણ, પૂજન વગેરેથી જીવનના ઘણા વિઘ્નો અને ભયનું નિવારણ થાય છે તે વ્યવહારથી સમજવું. વીતરાગ પરમાત્માની આત્મલક્ષે અને ભાવથી ભક્તિ કરવાથી તથા ભાવની શુદ્ધિ-વૃદ્ધિથી જે સાતિશય પુણ્યબંધ થાય છે અને કરણાનુયોગના નિયમોની મર્યાદામાં પાપ (વિઘ્ન, ભય)નું સંક્રમણ થાય છે, તેથી અંતરાય/વિઘ્નો ઓછાં/દૂર થાય છે તથા શ્રદ્ધાથી સાંત્વના મળતા ભય પણ ઘટે/મટે છે.

ભક્તામર સ્તોત્રની સાથે મંત્ર-યંત્રની વિપુલ સામગ્રી સંકળાયેલી છે અને તેણે આરાધકવર્ગનું અનન્ય આકર્ષણ કરેલું છે. સમગ્ર જૈન સમાજમાં આજે એવો આરાધક ભાગ્યે જ હશે કે જેણે કોઈ વખત ભક્તામર સ્તોત્રનો શ્રદ્ધાપૂર્વક પાઠ ન કર્યો હોય. તેના નિયમિત પાઠથી રોગમુક્ત અને ભયમુક્ત થયેલાની સંખ્યા ઘણી છે. તેનો ૨૬મો શ્લોક (ગાથા) જિનદર્શન પ્રસંગે તથા બીજા કેટલાક શ્લોકો ચૈત્યવંદન પૂરું થયા પછી ભાવવૃદ્ધિ અર્થે બોલવામાં આવે છે. તે સિવાય, ભયના નિવારણ અર્થે અને રોગાદિની શાંતિ માટે તેના અખંડ પાઠનું આલંબન લેવાય છે.

ભક્તામર સ્તોત્રમાં શ્રુતજ્ઞાનના રસિક, લોકમંગલના અભિલાષી અને વૈરાગ્યપંથે વિહરનારા શ્રી માનતુંગસૂરિએ પોતાના સાધુજીવનનું ચિંતન રેડ્યું છે. રાજસભામાં જૈનધર્મ પ્રત્યે હીનભાવના ઉપજાવનારા વચનોથી મહારાજાને ભરમાવેલા જાણી, તે ભ્રમનું નિરસન કરવા તથા સત્ય વસ્તુ પ્રત્યેની શાશ્વત નિષ્ઠા જગાવવા માટે વ્યવહાર-ક્રિયાનો આશ્રય લઈ બીજા મહાકવિઓ સમક્ષ પોતાની કવિત્વશક્તિ સાથે પોતાના ઈષ્ટદેવ પ્રત્યેનો અડગ વિશ્વાસ પ્રત્યક્ષ કરી બતાવ્યો છે. જૈનધર્મની પતાકાને ફરકતી રાખવા માટે સ્તુતિ કરી ચમત્કાર બતાવ્યો છે તેમજ સ્તોત્રના પ્રત્યેક પદમાં સંસારની નશ્વરતા તથા પ્રભુ ચરણોના આશ્રયથી સમસ્ત વિપદાઓ દૂર થાય છે એવી અડગ અને અખંડ શ્રદ્ધા ઉપજાવનાર ભાવો ગુંથ્યા છે.

**(૭) પરમાર્થ :** આપણા આરાધ્ય તીર્થંકર દેવના સદ્‌ગુણોની છંદોબદ્ધ પ્રશંસા જ સ્તુતિ, સ્તવન કે સ્તોત્ર છે. સ્તોત્રથી ભાવો પવિત્ર થાય છે. જે સદ્‌ગુણોની પ્રશંસા (ભક્તિ) કરવામાં આવે છે તેને પોતાના જીવનમાં અપનાવવાની પ્રેરણા મળે છે.

જિનભક્તિ આધ્યાત્મિક વિકાસ સાધવાનું મંગલ પ્રસ્થાન છે. આત્મગુણો પ્રગટાવવા એ આધ્યાત્મિક વિકાસનો મુખ્ય હેતુ છે. શ્રી જિનેશ્વરદેવમાં અનંતાગુણો ઉત્કૃષ્ટપણે ખીલેલા હોય છે અને તેનું ભાવથી ચિંતન-મનન-ભક્તિ કરતા, ભક્તિ કરનારના હૃદયમાં પણ તે ગુણો ખીલવા લાગે છે. આવશ્યક ટીકામાં કહ્યું છે કે

भत्तीइ जिणवराणं, परमाए खीण-पिज्ज दोसाणं ।
आरुग्गबोहिलाभं, समाहिमरणं च पावंति ॥

રાગ અને દ્વેષનો ક્ષય કરનાર જિનેશ્વરોની પરમ ભક્તિ કરવાથી મનુષ્યો આરોગ્ય, બોધિલાભ અને સમાધિમરણ પામે છે.

અન્યત્ર પણ કહ્યું છે,

"જિનવર ચરણકમળે નમે, જે પરમ ભક્તિરાગથી,
તે જન્મવેલી મૂળ છેદે, ભાવ ઉત્તમ શસ્ત્રથી."

આદિકાળથી જૈન કવિઓએ એક માત્ર શાંતરસ (પ્રશમરસ)ને રસરાજ માની તેની પુષ્ટિમાં - જીવનની અસારતા, સંસારની નશ્વરતા, નિર્વેદની પ્રધાનતા, આરાધ્ય પ્રત્યેની અખૂટ શ્રદ્ધા, વિરક્તિ, શરીરની ક્ષણભંગુરતા, કર્મ નિર્જરા, તપ તથા શમ સ્વીકારેલ છે.

ભક્તામર સ્તોત્રમાં વ્યવહારથી બાહ્યરીતે તીર્થંકર પરમાત્માની સ્તુતિ હોવા છતાં મુમુક્ષુ સાધકો તે આત્મલક્ષે કરતા કરતા અંતર્મુખતામાં સરી પડે છે. વળી, જે પહેલા ૪ ભય દર્શાવ્યા છે (ગાથા ૩૮-૪૧) તે વ્યવહારથી ઉપસર્ગ (હાથી, સિંહ, દાવાનળ, સર્પ) હોવા છતાં પરમાર્થથી તે આપણને અનંત સંસારમાં અનંતકાળથી રખડાવનાર અનંતાનુબંધી કષાયની ચોકડી છે (અનુક્રમે માન, ક્રોધ, માયા, લોભ). બાકીના ૪ ભય દર્શાવ્યા છે (ગાથા ૪૨-૪૬) તે વ્યવહારથી સંગ્રામ (તેની બે ગાથા છે), સમુદ્ર, વ્યાધિ, બંધ હોવા છતાં પરમાર્થથી તેનો વિશેષાર્થ છે (અનુક્રમે જીવનસંગ્રામ, સંસારસમુદ્ર, ભવરોગ મિથ્યાત્વ, કર્મબંધ). વ્યવહારથી પહેલા ૪ ઉપસર્ગ તત્કાલીન તત્ક્ષણ વિઘ્ન/ભય દર્શાવે છે જયારે બાકીના ૪ અનંતકાળલક્ષી અને મૂળમાં ભૂલનું પરિણામ છે.

આ પવિત્ર ભક્તામર સ્તોત્રને ભાવ અને શ્રદ્ધાથી ભણવાથી અપૂર્વ (આત્મિક) અને ચમત્કારિક (લૌકિક) લાભ થાય છે. અહીં વર્ણવેલ પ્રભુ (અને તેમનો ગુણવૈભવ) માટેનો અહોભાવ જે કોઈ ભક્ત પોતામાં પ્રગટાવે તે જરૂર અજર અને અમર બને અર્થાત્ કર્મમુક્ત બને એવું સામર્થ્ય આ સ્તોત્રમાં છે. તે અર્થે તેને ભક્તને અમર કરે એવા 'ભક્તામર' સ્તોત્ર તરીકે પણ ઓળખવામાં આવે છે. કેટલાક આ સ્તોત્રને 'શ્રી આદિનાથ સ્તોત્ર' તરીકે પણ ઓળખે છે.

પૂ. શ્રી રાકેશભાઈ કહે છે કે ભક્તામર સ્તોત્ર એ ભાગવત સ્તોત્ર છે કે જેમાં પરમાત્માના ગુણોની ઓળખ અને કીર્તન છે. તેમાં નિષ્કામ ભક્તિ છે, ભૌતિક યાચના નથી. માનતુંગસૂરિજીને બહિરંગ ઘટના (બેડી, તાળા, ચમત્કાર)માં રસ કે લક્ષ નથી. તેઓ શ્રી તો ભગવાન આદિનાથમાં લીન અને અંતર્મુખ છે. આત્મહિતાર્થે અને આત્મલક્ષે આ સ્તોત્રનું પારાયણ કરવાથી શુભમાંથી શુદ્ધ તરફ જવાય છે.

**(૮) ઉપસંહાર** : જે કોઈ ભવ્ય જીવ આ સ્તોત્રનું નિયમિત પારાયણ કરશે અર્થાત્ તેનો ઉત્તમભાવથી પાઠ કરશે તે મુક્તિરૂપી લક્ષ્મીને અવશ્ય પામશે એ આ સ્તોત્રની ફલશ્રુતિ છે. ભક્તામર-ભક્તિ કરવાથી જીવ શિવ, નર નારાયણ અને ભક્ત ભગવાન બને છે. આ સ્તોત્ર પારમાર્થિક ભક્તિનો અમૂલ્ય ખજાનો છે. તેની એક એક ગાથામાં આત્મકલ્યાણકારી અદ્ભુત ભક્તિભાવ ભર્યા છે. યથાઅવસરે આપણે આ ગાથાઓ પર વિચારણા કરીશું.

સત્પુરુષોના યોગબળથી સર્વજીવો આત્મા અને પરમાત્માનો અહોભાવ પ્રગટાવી સર્વથા કર્મમુક્ત બનો એ જ મંગલ ભાવના.

શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

(સંદર્ભસૂચિ અનુસંધાન પાના નં. ૩૬ પર...)

# હે ગુરુ ગૌતમ !

- નૂતનવર્ષના મંગલ પ્રભાતે આપના જીવનમાં કેવળજ્ઞાનનો દીપક પ્રગટ્યો, અમારા જીવનમાં સમ્યગ્દર્શનનો દીપક તો પ્રગટે એવા આશીર્વાદ અમને આપો !
- પ્રભુ વીરના સમવસરણમાં આપ મહાવીરને જીતવા ગયા અને તેમને સમર્પિત થઈને પરમપદને પ્રાપ્ત કરી લીધું !
- અહંકારના ગજ પરથી કોઈ નીચે ઉતરે એટલે ચમત્કાર સર્જાયા વગર રહે જ નહીં. બાહુબલિજી ઉતર્યા તો તેઓ કેવળજ્ઞાની બન્યા. આપ ઉતર્યા તો આપને કેવળજ્ઞાની મળી ગયા !
- આપની જીવનક્યારીમાં જ્ઞાન, પદ, પ્રતિષ્ઠા, લબ્ધિ વગેરેનું પુષ્કળ ખાતર પથરાયેલું હતું છતાં તેમાં અહંકારનો છોડ ઉછર્યો નહીં અને અમારી જીવનક્યારીમાં આવું કોઈ પોષક ખાતર પડ્યું નથી તો પણ અહંકારનું વિષવૃક્ષ કેમ વધુને વધુ વિરાટ બનતું જાય છે ?
- આપે તો શૂન્યમાંથી સૃષ્ટિનું સર્જન કર્યું ! અહંકારને ઓગાળીને આપ સાવ શૂન્ય બની ગયા તો, વિપુલજ્ઞાન, વિરલ લબ્ધિઓ અને વિશિષ્ટ ગુણસામ્રાજયની ભવ્ય સૃષ્ટિ સહજ સર્જાઈ ગઈ !
- સેવકને સ્વામી બનાવી દે એવા સ્વામીના આપ એવા તો કેવા સેવક બન્યા કે જે જીવો આપના સેવક બન્યા તેઓ બધા પણ અંતે 'સ્વામી' બની ગયા !
- આપે બુદ્ધિની પાઘડી પ્રભુવીરના ચરણે ઉતારી દીધી તો ત્રિપદીમાંથી દ્વાદશાંગીનું સર્જન કરી શકે એવી પ્રજ્ઞાના મુગટથી આપ સુશોભિત બન્યા !
- આપે આપનું સર્વસ્વ પ્રભુના ચરણે સમર્પિત કરી દીધું હતું કે પ્રભુ જ આપનું સર્વસ્વ હતા ? શું સાચું માનવું ?
- અત્યાર સુધી મારી વાંછા હતી કે મને ગુરુ મળો તો આપના જેવા મળો અને શિષ્ય મળો તો પણ આપના જેવા જ મળો. હવે મેં પ્રાર્થના બદલી છે. હું ગુરુ બનું તો આપના જેવો બનું અને શિષ્ય બનું તો પણ આપના જેવો બનું.
- પ્રભુના પાવન ચરણમાં એવી તે કેવી ઉષ્મા હતી કે તેમના ચરણસ્પર્શ માત્રથી આપનો પોલાદી અહંકાર પીગળી ગયો અને પ્રભુના પાવન ચરણોમાં એવી તે કેવી ઠંડક હતી કે આપ ત્યાં થીજી જ ગયા !
- વીરપ્રભુથી આપ એવા તે કેવા ભાવિત અને પ્રભાવિત થઈ ગયા હતા કે આપના સમગ્ર ચારિત્રના અંશેઅંશમાંથી 'વીર-વીર' એવો મીઠો રણકાર ગૂંજ્યા કરતો હતો.
- પ્રભુ આપને ગમતા હતા માટે પ્રભુને જે ગમતું હતું તે આપને ગમતું હતું. અમને પ્રભુ ગમે છે, પરંતુ પ્રભુને જે ગમે છે તે બધું ગમતું નથી. અમને પણ બધું ગમતું થઈ જાય તો કેવું સારું !
- વીતરાગી પ્રભુ પર આપે રાગ કર્યો અને તે રાગ ટક્યો પણ ઘણો. અને અંતે એ રાગ તૂટ્યો અને વીતરાગતા પ્રગટી. કેવળજ્ઞાનની

પ્રાપ્તિ થઈ !

- એવું સાંભળવામાં આવ્યું છે કે જેના હૈયામાં ગુરુનો વાસ છે તે શિષ્ય ધન્ય છે, અને ગુરુના હૈયામાં જે શિષ્યનો વાસ છે તે શિષ્ય ધન્યાતિધન્ય છે. આપની બાબતમાં તો બંને સૌભાગ્ય ચરમસીમાએ પહોંચેલા હતા ! આપને બિરદાવવા માટે શું કહેવું ?
- વીરપ્રભુ દેશનામાં જે કંઈ પ્રકાશતા હતા તે બધું આપ જાણતા હતા, છતાં અદ્ભુત વિસ્મયતાથી આપ પ્રભુના વચનોને ઝીલતા હતા ! કહેનારની મહાનતા પરથી વચનની મહત્તાનું મૂલ્યાંકન કરવાની આપની ભાવના કેવી ઉચ્ચતમ હતી. આપે જાણેલી વાત પણ પ્રભુ મુખેથી ફરી સાંભળવા મળે ત્યારે જાણે અપૂર્વ જ સાંભળતાં હોય તેવું વિસ્મય આપ અનુભવતા હતા !
- અમને એ જાણવાનું ખૂબ કૌતુક છે કે આપ પ્રભુને જ્યારે 'ભંતે' કહેતા હતા ત્યારે આપ વધારે રોમાંચિત થતા હતા કે પ્રભુ મુખેથી 'ગોયમા' સાંભળતી વખતે થતા હતા ?
- વીરપ્રભુના પ્રથમ ગણધર, દ્વાદશાંગીના સર્જક, ચાર જ્ઞાનના ધણી અને ૫૦ હજાર કેવલીઓના ગુરુ, એવા આપે આનંદશ્રાવકના આંગણે જઈને ક્ષમાયાચના કરી તે અદ્ભુત ઘટનાનું વર્ણન કરવા શબ્દો પણ જડતા નથી. આનંદશ્રાવકના નિવાસસ્થાનને ક્ષમાપના-તીર્થ, જે ક્ષણે આ ભવ્ય ઘટના બની તે ક્ષણને ક્ષમાપના-પર્વ અને આપના આનંદશ્રાવકના ઘર સુધીના વિહારને ક્ષમાપના-યાત્રા કહીને બિરદાવવાનું મન થાય છે.
- લબ્ધિનિધાન એવા આપ અષ્ટાપદપર્વત પર સૂર્યના કિરણો પકડીને ચડી ગયા તે ઘટના તો વિસ્મયકારક છે જ, પરંતુ કોઈપણ લબ્ધિના પ્રયોગ વિના અહંકારપર્વતના શિખર પરથી આપ સડસડાટ નીચે ઉતરી ગયા એ તો વધુ વિસ્મયકારક છે !
- અષ્ટાપદ ઉપર આપ ચડી ગયા પણ અમારી ઉપર અષ્ટ-આપદ(અષ્ટકર્મ) ચડી ગયા છે ! અષ્ટાપદ ઉપર ચડવા આપે સૂર્યના તેજકિરણોનું આલંબન લીધું પરંતુ અમને અમારી અષ્ટ-આપદને ઉતારવા આપના જ્ઞાનકિરણોનું આલંબન અમે આપની પાસે માગીએ છીએ.
- આપની પ્રશસ્તિમાં અમે બોલીએ છીએ - 'વાંછિત ફલદાતાર' પરંતુ ૫૦ હજાર શિષ્યોએ આપની પાસે માત્ર દીક્ષા વાંછી હતી અને આપે તો કેવળજ્ઞાન આપી દીધું ! આપને તો 'વાંછાતીત ફલદાતાર' કહેવાનું મન થાય છે.
- આપ જિનની પાછળ પાગલ હતા, અમે નિજ(સ્વાર્થ)ની પાછળ પાગલ છીએ. અમારે પાગલ તો રહેવું જ છે; માત્ર નિજને માટે પાગલ મટીને જિનને માટે પાગલ થવું છે !
- "માગો તે સઘળું મળે" એવો આપના નામનો પ્રભાવ છે. અમારી નામના માટેની કામના આપ ઓગાળી દો ને !
- ઈન્દ્રભૂતિની અવસ્થામાં આપ અહંકારની ટોચે રહ્યા અને પ્રભુ પ્રત્યે વિનમ્ર બન્યા તો એવા બન્યા કે વિનયની ટોચે વસ્યા !
- પ્રભુવીરના હૈયે અને હોઠે આપનું નામ ચડી ગયું. આપ ધન્ય બની ગયા. મારા હૈયે અને હોઠે આપનું નામ ચડાવી દો ને !
- ઉંબરાનો દીપક આગળ-પાછળના બંને ઓરડાઓને અજવાળે, પરંતુ જેની આગળ-

પાછળના બંને ઓરડામાં તેજસ્વી દીપક પ્રગટેલા હોય તે ઉંબરો કેવો ઝળહળે ?

આપના ગુરુ પણ કેવલી, આપના શિષ્યો પણ કેવલી અને આપ ઝળહળતા દીપક !

- અહંકારે આપને વીરપ્રભુનો ભેટો કરાવ્યો, રાગે આપને પ્રભુ સાથે પ્રીત જોડાવી અને વિષાદે આપને કૈવલ્યની પ્રાપ્તિ કરાવી. દોષો પણ આપને સફળ થઈ પરિણમ્યા !
- આપ વિવાદ કરવા ગયા ત્યારે આપને પ્રભુનું મિલન થયું અને પ્રભુનો વિરહ થયો ત્યારે આપે વિષાદ કર્યો. અહો ! કેવી વિચિત્રતા !
- આપના જીવનપ્રસંગો પ્રેરણામૃત વહાવતી પાવનગંગા છે. આપના એ જીવનપ્રસંગો, મારા જીવનમાં પ્રસંગે પ્રસંગે મારા હૃદયકમળ ઉપર ઉપસ્થિત થઈને મને સાચો રાહ બતાવતા રહો.
- ૫૦ હજાર કેવલીઓના ગુરુ, ચાર જ્ઞાનના ધારક, સમસ્ત દ્વાદશાંગીના સર્જક, અનંતલબ્ધિનિધાન તરીકેની વિવિધ મોટાઈ આપને વરેલી હતી. છતાં પણ મોટાઈનું માન આપનામાં ક્યાં હતું ? અમારામાં કોઈ મોટાઈ નથી છતાં મોટાઈનો અંચળો પહેરીને અમે ફરીએ છીએ !
- અહંકારમૂર્તિ ઇન્દ્રભૂતિ અચાનક વિનયમૂર્તિ ગૌતમ બની શકે તેવું આપનું વિસ્મયકારક ચારિત્ર જાણ્યા પછી, કોઈ વ્યક્તિ માટેના એકાદ નબળા અનુભવ પરથી તેના માટેનો કાયમી નબળો અભિપ્રાય બાંધી દેવાની અમારી કુટેવ છૂટતી નથી તે આશ્ચર્ય જ છે.
- આપનું ચારિત્ર જાણ્યા પછી સમજાય છે કે આ જગતમાં લડવા માટેનું અને રડવા માટેનું એકમાત્ર શ્રેષ્ઠ સ્થાન પ્રભુ જ છે ! પ્રભુની સામે લડવા નીકળ્યા તો ગણધરપદ મળ્યું અને પ્રભુની પાછળ રડ્યા તો કેવલીપદ મળ્યું. અમને પણ લડતા અને રડતા શીખવાડોને !

● ● ●

---

## સ્થિતપ્રજ્ઞ મહાત્માના લક્ષણો

**(પાના નં. ૧૮ પરથી ચાલુ...)**

સદ્‌ગુરુના આશ્રયમાં જ રહેવું જોઈએ.

"પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો, તે જોડે હો,
પરમપુરુષથી રાગતા એકત્વતા હો, દાખી ગુણ ગેહ,
ૠષભ જિણંદ શું પ્રીતડી..."

**- યોગીરાજ શ્રી આનંદઘનજી**

"જેમાં મતિની મગ્નતા, તેની જ હોય પ્રતીત (શ્રદ્ધા),
થાય પ્રતીતિ જેહની, ત્યાં જ થાય મન લીન."

**- શ્રી સમાધિશતક**

(૧) આપણે પરમાત્માનું ચિંતન કરવું કે જેથી તેમાં શ્રદ્ધા દૃઢ થશે, તેમનું અલૌકિક માહાત્મ્ય સમજતાં વિષયોની તુચ્છતા ભાસશે અને મન તથા ઈન્દ્રિયો પરમાત્મા, સદ્‌ગુરુ તથા તેમની વાણીની સેવામાં જોડાઈ જશે.

(૨) નિરંતર સત્સંગમાં, સજ્જનોના સંગમાં રહેવું.

"બિનુ સત્સંગ વિવેક ન હોઈ,
રામકૃપા વિનુ સુલભ ન સોઈ."

**- સંત તુલસીદાસજી**

અંતમાં,

"યહ રાગ આગ દહૈ સદા, તાતૈં સમામૃત સેઈયે,
ચિર ભજે વિષય કષાય અબ તો, ત્યાગ નિજપદ બેઈયે;
કહા રચ્યો પર પદ મેં ન તેરો પદ યહૈ, ક્યોં દુઃખ સહૈ,
અબ 'દૌલ' હોઉં સુખી સ્વપદ રચી, દાવ મત ચૂકો યહૈ."

**- શ્રી છ ઢાળા (પં. દૌલતરામજી)**

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

# પુસ્તક સમાલોચના

**મિતેશભાઈ એ. શાહ**

**(નોંધ : આ વિભાગ માટે પુસ્તક કે ગ્રંથની બે નકલ મોકલવા વિનંતી છે.)**

(૧) પુસ્તકનું નામ : **संस्कार नारी दर्पण ( हिन्दी )**

લેખિકા : સાધ્વી ડૉ. ચિન્મયશ્રીજી મ.સા. ● મૂલ્ય : રૂા. ૩૦૦/- ● આવૃત્તિ : પ્રથમ, સને ૨૦૧૪

૧૪૮ પાના ● પ્રકાશક : શ્રી અ.ભા.સા. શાન્તકાન્તિ જૈન શ્રાવક સંઘ, ઉદયપુર. શ્રી વીર સંઘ, અમદાવાદ

પ્રાપ્તિસ્થાનો : (૧) **શ્રી વીર સંઘ** - ૬૧, અનમોલ હાઉસ, હીરાબાઈ માર્કેટ, દીવાન બલ્લુભાઈ રોડ, અમદાવાદ-૨૨. ફોન : ૦૭૯ - ૨૫૪૬૭૧૨૨ (૨) **શ્રી વીર સંઘ**, મુંબઈ. ફોન : ૦૨૨-૨૨૪૦૬૯૬૬ (૩) **શ્રી શાંતિકુમાર કોઠારી**, અમદાવાદ. મો. ૦૯૮૨૫૯૨૮૮૮૦ (૪) **શ્રી વિજય પટવા**, પૂના. મો. ૦૯૮૫૦૧૨૭૩૦૭

આકર્ષક મુખપૃષ્ઠ, સુંદર આર્ટપેપરનો ઉપયોગ, નયનરમ્ય ચિત્રાંકન દ્વારા સમજૂતી આપવામાં આવી છે. આ પુસ્તકમાં નારીના ત્રણ રૂપોને ઉજાગર કરવામાં આવ્યા છે : (૧) ગૃહલક્ષ્મી (૨) સરસ્વતી (૩) દુર્ગા. પ્રેરણાદાયક કથાઓનું નિરૂપણ પુસ્તકને અસરકારક બનાવે છે. આ પુસ્તકમાં નારીના વિવિધ રૂપો, જીવનના બદલાતા રૂપો, નારી-નારાયણી, સાસુની વિશેષતાઓ, વાણીનો પ્રભાવ, સુશીલ વધૂની વિશેષતાઓ, ઘર એક મંદિર, ધન અને પરિવાર, પાડોશી તથા પરિજનો વગેરે વિષયોની સુંદર છણાવટ કરવામાં આવી છે. ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતું આ પુસ્તક દરેકે વાંચવા જેવું છે. આ પુસ્તકના આધારે Open book Exam રાખવામાં આવેલ છે; જેમાં ઉત્તમ દેખાવ કરનારાઓ માટે ઈનામો પણ આપવામાં આવશે.

---

(૨) પુસ્તકનું નામ : **કેન્સર મટી શકે છે.**

લેખક : ડૉ. ચિરાગ એ. શાહ ● કિંમત : અમૂલ્ય ● ૨૦૮ પાના ● પ્રથમ આવૃત્તિ, ઑગસ્ટ ૨૦૧૪

પ્રાપ્તિસ્થાન : (૧) ગૂર્જર સાહિત્ય પ્રકાશન, સેટેલાઈટ, અમદાવાદ ફોન (૦૭૯) ૨૬૭૬૧૩૬૬
(૨) ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ, અમદાવાદ. ફોન : (૦૭૯) ૨૨૧૪૪૬૬૩

આકર્ષક મુખપૃષ્ઠ, આર્ટપેપર તથા સચિત્ર માહિતી આપવામાં આવેલ છે. આ પુસ્તકમાં વિવિધ પ્રકારના કૅન્સર, તેના ચિહ્નો, તે થવાના કારણો, તેને મટાડવાના ઉપાયો, કિમોથેરાપી, રેડિયેશનથેરાપી અંગેની વિશદ માહિતી આપવામાં આવી છે.


---

(૩) પુસ્તકનું નામ : **भारतीय साहित्य के निर्माता आचार्य हेमचन्द्र ( हिन्दी )**


લેખક : વાસુદેવ પાઠક 'વાગર્થ' ● મૂલ્ય : રૂા. ૫૦/- ● ૮૪ પાના ● પ્રથમ આવૃતિ, ૨૦૧૪

પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન : (૧) સાહિત્ય અકાદમી, રવીન્દ્રભવન, ૩૫, ફિરોજશાહ માર્ગ, નવી દિલ્હી - ૧૧૦૦૦૧. (૨) સ્વાતિ મંદિર માર્ગ, નવી દિલ્હી. (૩) ૧૭૨, મુંબઈ મરાઠી ગ્રંથ સંગ્રહાલય માર્ગ, દાદર, મુંબઈ - ૪૦૦૦૧૪. email : sahityaakademisale@yahoo.com

આકર્ષક મુખપૃષ્ઠ, સારા કાગળનો ઉપયોગ થયેલ છે. પુસ્તક ચાર ખંડમાં વિભાજિત છે. તેમાં શ્રી હેમચંદ્રાચાર્યજીનું જીવનવૃત્તાંત, તેઓની સૃજનયાત્રા, તેઓના ગુણો, તેઓના શિષ્યો ઉપરાંત પ્રેરક સુભાષિત - સૂક્તિઓનું વર્ણન છે.



# બાળ વિભાગ



સંકલન : મિતેશભાઈ એ. શાહ

## મા પર મમતા

આ એક સત્ય ઘટના છે. વરસો પૂર્વે ચીનમાં બનેલી છે.

એક જુવાન છોકરો હતો. એનું નામ હતું હો-લીન. ઘરમાં માત્ર બે જ સભ્યો હતો. હો-લીન અને એની ઘરડી મા. મા બહુ જ બીમાર રહેતી હતી. રાત્રે હો-લીનની પથારી માની બાજુમાં જ રહેતી. અચાનક માને કોઈ વસ્તુની જરૂર પડે તો બૂમ ન પાડવી પડે.

એક દિવસ હો-લીન સૂતો હતો ત્યાં એક ચોર આવ્યો. ચોરે હો-લીનની પીઠ પર બંદૂક ધરીને એને જગાડ્યો. હો-લીન ચોરને જોઈને ગભરાઈ ગયો. એ અવાજ કરવા જતો હતો ત્યારે ચોરે કહ્યું, ''ખબરદાર, અવાજ કર્યો છે તો. જો હો હા મચાવીશ તો આ બંદૂક તારી સગી નહિ થાય.''

હો-લીન ચૂપચાપ ખાટલા પર પડ્યો રહ્યો. ચોરે એને ખાટલાની સાથે મુશ્કેટાટ બાંધી દીધો.

હો-લીન એકદમ નિરાશ થઇ ગયો. એ બીજું કાંઈ કરી શકે એમ પણ ન હતો. એના હાથ-પગ તો ખાટલાની સાથે મુશ્કેટાટ બંધાયેલા હતા. પણ જ્યારે ચા ભરવાની નાનકડી કીટલી પણ ઉપાડીને ચોરે ચાદર પર મૂકી ત્યારે હો-લીનથી ના રહેવાયું. એણે કહ્યું,

''ભાઈ ! તારે બીજું જે જોઈએ તે લઈ જા, પણ કીટલી ના લઈશ. પ્લીઝ ! આ કીટલી રહેવા દે.''

ચોરે કહ્યું, ''ભલા માણસ ! તું સાવ મૂર્ખો લાગે છે. આ કીટલીમાં એવા તે શું સોના-ચાંદી ભર્યા છે કે તે કીટલી લેવાની મને ના પાડે છે !''

''દોસ્ત ! સોના-ચાંદી જ નહિ, હીરા-મોતીથી પણ વધુ કિંમતી છે આ મારી કીટલી. મારી મા જ્યારે સવારે જાગશે તો પહેલા ચા માગશે. કીટલી વગર હું ચા શેમાં બનાવી આપીશ ? સવારે બજારમાં લેવા જઉં તો તો કેટલું બધું મોડું થઈ જાય ? દુકાન પણ મોડી ખૂલે. ત્યાં સુધી મારી માને ભૂખ્યા રહેવું પડે. મારી મા ઘરડી છે અને બીમાર છે. એટલે તને કહું છું કે આ કીટલી રહેવા દે.''

હો-લીનની આ વાત સાંભળતા જ ચોર થીજી ગયો. એ શરમિંદો બની ગયો. એ ધીમે પગલે હો-લીનના ખાટલા પાસે આવ્યો. બધા બંધનો છોડીને એણે હો-લીનની અંતરથી માફી માંગી. બધો સામાન જેમનો તેમ મૂકીને ચોર પાછો જવા રવાના થયો.

પોતાના આંગણે આવેલો ચોર કાંઈ પણ લીધા વિના ખાલી હાથે જાય, તે હો-લીનને પસંદ ન હતું અને સવારે જો પોતાની માને આ વાતની ખબર પડે તો માને પણ દુઃખ થશે. તેથી હો-લીને કહ્યું, ''તું જો ખાલી હાથે જઈશ તો મારી માને બહુ દુઃખ થશે. માટે આમાંથી તને જે જોઈએ તે લેતો જા - એક કીટલી સિવાય.''

ચોરની આંખો આંસુથી છલકાઈ ગઈ. એ મનોમન વંદી રહ્યો, મા પાછળ પાગલ બનેલા પુત્રપ્રેમને. બે હાથ જોડીને ભારે હૈયે ચોર પાછો ફરી ગયો. સમગ્ર ચીનમાં માતૃભક્ત તરીકે હો-લીનનું નામ અમર થઇ ગયું.

## મૃત્યુથી ડર શાનો ?

ગ્રીસમાં કશાય ગુના બદલ લશ્કરના દસ જેટલા સેનાપતિઓને ફાંસીની સજા ફરમાવાઈ. દેશના તત્ત્વચિંતક સોક્રેટિસે એ સજા ગેરકાયદેસર અને અમાનુષી હોવાનું જણાવ્યું ! એણે આ સજાને પોતાનું અનુમોદન આપ્યું નહિ. રાજ્યના વડાઓ આથી સોક્રેટિસ પર ગુસ્સે ભરાયા.

પરિણામે એ લોકોએ સોક્રેટિસને વિષનો પ્યાલો પી જઈને મૃત્યુને શરણે થવાની સજા કરી.

આ સજા જ્યારે સોક્રેટિસને સંભળાવવામાં આવી ત્યારે એ જરાયે ગમગીન બન્યા નહિ. એમના મોં પર આનંદનો દરિયો જાણે ઘૂઘવી રહ્યો હતો.

સોક્રેટિસના એક શિષ્યે પૂછ્યું, ''ગુરુવર્ય, આપને મૃત્યુની શું જરાયે બીક લાગતી નથી. આપના મુખ પર દુઃખના ભાવને બદલે આનંદ અને ઉલ્લાસની ભાવરેખાઓ ઉપસી રહી છે !''

સોક્રેટિસે શાંતિથી જવાબ આપ્યો, ''મૃત્યુની શા માટે બીક રાખવી ? મૃત્યુ તો એક અત્યંત મંગળ ઘટના છે ! મૃત્યુને તો સહર્ષ વધાવી લેવું જોઈએ.''

શિષ્યે પૂછ્યું, ''તો, મૃત્યુ એ છેવટે છે શું?''

સોક્રેટિસે શિષ્યને કહ્યું, ''સાંભળ ! મૃત્યુ એ બીજું કંઈ નથી પણ તે એક ગાઢ સ્વપ્ન કે ગાઢ નિદ્રા સમાન છે, જે જીવંત સ્થિતિ કરતા વધુ સારી અવસ્થાવાળું છે અને આત્મા તો અમર છે. દેહનો નાશ થાય છે, આત્માનો નાશ થતો નથી. એક ખોળિયું છોડી દઈને તે બીજા ખોળિયામાં પ્રવેશ કરે છે. આત્મા એક ઘર છોડીને કોઈ નવા ઘરમાં પ્રવેશ કરે છે એ મંગળ ઘટના એટલે મૃત્યુ. પછી મૃત્યુથી શા માટે બીક રાખવી ?''

આવા સ્વસ્થ સોક્રેટિસ પોતાના હાથે જ ઝેરનો કટોરો ગટગટાવીને મંગળ મૃત્યુને ભેટ્યા.

• • •

---

### શ્રી ભક્તામર સ્તોત્ર

(પાના નં. ૩૦ પરથી ચાલુ...)

**(૯) સંદર્ભ સૂચિ :**


૧) 'ભક્તામર દર્શન' - પૂ. આચાર્ય શ્રી રાજ્યશસૂરિજી, ભરૂચ

૨) 'ભક્તામર રહસ્ય' - પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ, મુંબઈ

૩) 'ભક્તામર (અર્થ, ભાવાર્થ સહિત)' - પૂ. શ્રી ધીરજમુનિ મ.સા., રાજકોટ

૪) 'ભક્તામર સ્તોત્ર(સમીક્ષા)' - ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી, દિલ્હી

૫) 'શ્રી ભક્તામર સ્તોત્ર (વિવેચન સહિત)' - ડૉ. સરયુબેન આર. મહેતા, મુંબઈ

૬) 'ભક્તામર સ્તોત્ર-વિવેચન' - પૂ. શ્રી કાનજીસ્વામી, સોનગઢ

૭) 'સચિત્ર ભક્તામર સ્તોત્ર' - શ્રીચંદ સુરાના, આગ્રા

૮) 'ભક્તામર સ્તોત્રમ્' - પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી, સાંગલી (મહારાષ્ટ્ર)

૯) પૂ. શ્રી આત્માનંદજીના સ્વાધ્યાય અને ધર્મવાર્તા, કોબા

૧૦) 'શ્રી ભક્તામર સ્તોત્ર' - પર્યુષણ પર્વ - ૨૦૦૧, પૂ. શ્રી રાકેશભાઈ ઝવેરી, ધરમપુર

૧૧) આદ. શ્રી પ્રો. પ્રતાપભાઈ ટોલીયા સાથેની ધર્મવાર્તા, બેંગલોર

૧૨) 'ભક્તામર સ્તોત્ર (સમશ્લોકી અનુવાદ)' - શ્રી માવજી દામજી શાહ, મુંબઈ


■ ■

# गुरुस्तुति


पू. मुनिश्री १०८ निर्दोषसागरजी महाराज
पू. मुनिश्री १०८ निर्लोभसागरजी महाराज

(दोहा)

भव समुद्र से तारने, गुरु है खेवनहार ।
उन चरणों में शीशधर, मुनि पद दो उपहार ॥१॥

(हरिगीत)

संसार सागर से उतरने, को जहाज समान है,
वे साधु गुरुवर मम हृदयमें, ठहरने के थान है ।
ये गात्र रोगो का हि घर है, जो सदा चिंतन करे,
ये भोग काले नाग जैसे, जीव को डसते रहें ॥२॥
संसार जो है कदलि तरुवत्, जान इसको त्यागते,
संसार मे रचने के लायक, थान हि नहीं पावते ।
संसार मे यदि सौख्य होता, तीर्थंकर क्यों त्यागते,
इसीलिये भव वन से वे तो, राग को ही त्यागते ॥३॥
वर्षा ऋतु जब आती है तब, धार मूसल बरसती,
जिसमें कि बादल और बिजली, हर समय है तड़कती ।
वे परम तपसी धन्य है जो, वृक्ष नीचे बैठते,
सब रातभर ये कष्ट सहते, सहते जीवन जीवते ॥४॥
ओ रत्नत्रय की निधि उर में, जो सदा है धारते,
निर्ग्रन्थ पद में सदा रहते, आत्म में चित्त धारते ।
ओ कर्म वैरी नाशने को, जो सदा उद्यम करें,
ऐसे परम ऋषिराज के हम, चरण में मस्तक धरे ॥५॥
पांचो महाव्रत सदा पाले, पांच समिति भी धरे,
अभ्यास गुप्ति त्रय का करते, रमण आतम में करे ।
परिपूर्ण साधना में लगे है, मुक्ति निश्चित पावते,
ऐसे तपस्वी गुरु जनों के, चरण मस्तक नावते ॥६॥
ओ धर्म दशलक्षण सुधारे, भावना है भावते,
दो बीस परिषह सदा सहते, खेद को नहि पावते ।
ओ ग्रीष्म ऋतु में सूर्य तपता, नीर सरवर सूखता,
निर्वस्त्र काया शैल तपते, कर्म सरवर सूखता ॥७॥
ओ कडकडाती ठंड में जब, वानरों का मद गले,
जहाँ पर नदी की लहर आती, आप तट पर है खडे ।
निजरुप मे तल्लीन रहे, सब हि कष्टो को सहे,
ऐसे दिगंबर साधु के हम चरण में मस्तक धरे ॥८॥
शीत गरम वर्षा ऋतु में जो, दुर्धर तप है तपते,
निज स्वरुप में ममता करते, तन से ममता तजते ।
पहले भोगे भोगों का जो, नहि विचार है करते,
भावी भोगों की जो मन में, नहीं लालसा रखते ॥७॥
चारो गतियो के दुख से जो, सदा भीत है रहते,
शिव सुख की जो आश लगाये, सदा तपस्या करते ।
घर में थे तब महलों मे रह, सदा सुखों को भजते,
कोमल शय्या पर सोकर के, रात दिना सुख भजते ॥१०॥
धन्य धन्य है वे योगीश्वर, शयन भूमि में करते,
ओ उनकी महिमा को सुन करके, सब जन के मन हरते ।
जब सवारि वे गज पर करते, मान शिखर पर चढते,
चतुरंगी सेना को सज के, शत्रु चढाई करते ॥११॥
अब वे साधक पैर विहारी, नहि वाहन पर चढ़ते,
चार हाथ भूमि को लखकर, प्राणी रक्षा करते ।
उनके चरण जहाँ है पडते, वहाँ पर तिरथ बनते,
चरण धूलि हम मस्तक रखते, बार बार है नमते ॥१२॥
गुरुओं की भक्ति करे, बनता गुरु समान ।
कर्म महल को छेदने, गुरु है तीर समान ॥१३॥
मैं तो बालक अज्ञ हूँ, मुजे ज्ञान दो ईश ।
तुम चरणों मे रख रहा में तो अपना शीश ॥१४॥



II Shri Param Krupalu Devay Namah II

# YUVA TIMES

Hame Jeena Sikha Diya

**Inspired by PUJYA ATMANANDJI**



## THE FALSE HUMAN BELIEF

As a man was passing the elephants, he suddenly stopped, confused by the fact that these huge creatures were being held by only a small rope tied to their front leg. No chains, no cages. It was obvious that the elephants could, at anytime can break away from their bonds but for some reason, they did not.

He saw a trainer nearby and asked why these animals just stood there and made no attempt to get away. "Well," trainer said, "when they are very young and much smaller we use the same size rope to tie them and, at that age, it's enough to hold them. As they grow up, they are conditioned to believe they cannot break away. They believe the rope can still hold them, so they never try to break free."

The man was amazed. These animals could at any time break free from their bonds but because they believed they couldn't, they were stuck right where they were.

Like the elephants, how many of us go through life hanging onto a belief that we cannot do something, simply because we failed at it once before?

**Moral:** Failure is a part of learning. We should never give up the struggle in life. You Fail not because you are destined to fail, but because there are lessons which you need to learn as you move on with your life.

## BABY CAMEL AND MOTHER

A mother and a baby camel were lying around, and suddenly the baby camel asked, "mother, may I ask you some questions? Mother said, "Sure! Why son, is there something bothering you? Baby said, "Why do camels have humps?" Mother said "Well son, we are desert animals, we need the humps to store water and we are known to survive without water". Baby said, "Okay, then why are our legs long and our feet rounded?" Mother said, "Son, obviously they are meant for walking in the desert. You know with these legs I can move around the desert better than anyone does!" Baby said, "Okay, then why are our eyelashes long? Sometimes it bothers my sight". Mother with pride said, "My son, those long thick eyelashes are your protective cover. They help to protect your eyes from the desert sand and wind".

Baby after thinking said, "I see. So the hump is to store water when we are in the desert, the legs are for walking through the desert and these eye lashes protect my eyes from the desert then what in god's name are we doing here in the Zoo!?"

**Moral:** Skills, knowledge, abilities and experiences are only useful if you are at the right place

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થા આયોજિત મેડિકલ કેમ્પની તારીખમાં ફેરફાર તથા આગામી આયોજિત શિબિરો અંગે

સંસ્થા દ્વારા તા. ૧-૧૨-૧૪ થી તા. ૩-૧૨-૧૪ દરમિયાન તેમજ તા. ૧૧-૨-૧૫ થી તા. ૧૪-૨-૧૫ દરમિયાન આધ્યાત્મિક શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે; જેનો લાભ લેવા સૌને નિમંત્રણ છે. અનિવાર્ય સંજોગોના કારણે તા. ૩૦-૧૧-૧૪ના રોજ યોજાનાર મલ્ટિસ્પેશ્યાલિટી મેડિકલ કેમ્પ હવે આગામી તારીખ ૧૫-૨-૧૫, રવિવારના દિવસે યોજાશે; જેની નોંધ લેવા વિનંતી. તા. ૩૦-૧૧-૧૪, રવિવારના દિવસે આયોજિત સ્વૈચ્છિક રક્તદાન શિબિર રાબેતા મુજબ યોજાશે. રક્તદાન કરીને કે અન્યને પ્રેરણા આપીને સ્વ-પર કલ્યાણનો લાભ લેવા વિનંતી છે. સંપર્કસૂત્ર : (૧) ડૉ. રાજેશભાઈ સોનેજી : ૦૯૮૨૪૦૪૭૬૨૧, (૨) શ્રી જયંતિભાઈ જોબાલિયા (પૂનાવાળા) : ૦૯૪૨૯૭૭૫૫૫૪

## શ્રી આત્મસિદ્ધિ રચનાદિન નિમિત્તે સંસ્થામાં યોજાયેલ વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો

આધ્યાત્મિક જગતમાં આપણા પુણ્યોદયે કેટલીક એવી ઘટનાઓ ઘટિત થતી હોય છે કે જે અધ્યાત્મમાર્ગે ચાલનારાઓ માટે પરમ આશીર્વાદરૂપ બને છે. આવી જ એક ઘટના આસો વદ એકમ વિક્રમ સંવત ૧૯૫૨માં નડિયાદ મુકામે બની. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ ભક્ત શ્રી સોભાગભાઈના માધ્યમથી આપણને અવનિના અમૃત સમી શ્રી આત્મસિદ્ધિ સંપ્રાપ્ત થઈ. શ્રીમદ્ રાજચંદ્રજીએ શ્રી આત્મસિદ્ધિની રચના દ્વારા ગુજરાતી ભાષામાં આધ્યાત્મિક પાથેય પૂરું પાડીને આધ્યાત્મિક જગતમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપેલ છે.

તા. ૯-૧૦-૧૪, આસો વદ એકમ - શ્રી આત્મસિદ્ધિ રચનાદિન નિમિત્તે આપણી સંસ્થામાં શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનું પારાયણ કરવામાં આવ્યું; જેમાં પ્રત્યેક ગાથાનું બેવાર પારાયણ કરવામાં આવ્યું. કેટલાક મુમુક્ષુ ભાઈ-બહેનોએ પ્રત્યેક ગાથાએ વંદના સહિત શ્રી આત્મસિદ્ધિનું પારાયણ કર્યું હતું.

પૂજ્યશ્રી આત્માનંદજીએ સ્વાધ્યાય આપતા જણાવ્યું કે આ કાળમાં શાસ્ત્રીય પદ્ધતિથી લખાયેલું શાસ્ત્ર તે શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર છે. પરમકૃપાળુદેવે આ શાસ્ત્રમાં આત્માનુભૂતિપૂર્વક મોક્ષનો માર્ગ બતાવ્યો છે. આગમ, સુયુક્તિ, ગુરુપરંપરા અને સ્વાનુભવ દ્વારા આત્માનો વૈભવ (આત્માનુભવ) પ્રાપ્ત કરી શકાય છે. બધી અવસ્થામાં જાણનાર-દેખનાર આત્મા હોય છે. ઈન્દ્રિયોથી અગોચર સ્વ-પર પ્રકાશક તત્ત્વ તે હું (આત્મા) છું. આત્મતત્ત્વની દૃઢ અને તાત્ત્વિક શ્રદ્ધાને કારણે પરમકૃપાળુદેવ નિર્ભયપણે ઈડરના પહાડોમાં સાધના કરી શકતા. આત્માનુભવ(આત્મજ્ઞાન) થતાં મોક્ષમાર્ગમાં આગળ વધવાનું મન થાય છે અને શક્તિ અનુસાર આગળ વધી શકાય છે. આ કાળમાં પણ આત્માનુભવ કરી સ્વરૂપનો નિર્ધાર કરનાર મહાપુરુષો છે. આવા મહાપુરુષો પ્રત્યે સમર્પણભાવ કેળવીએ, તેઓએ બતાવેલા પંથે ચાલીએ એ આત્મસિદ્ધિનું પારાયણ કરવાનું પ્રયોજન છે.

આ પ્રસંગે આદ. શ્રી મનહરભાઈ જશવાસીએ શ્રી આત્મસિદ્ધિની રચના કેવી રીતે થઈ, તેનું મહત્ત્વ

વગેરે બાબતે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

આ પ્રસંગે આપણી સંસ્થામાં રહીને સેવા-સાધના કરતા મુરબ્બી, મુમુક્ષુવર્ય આદ. શ્રી મુક્તાબેન ચુનીલાલ મહેતા તથા તેઓના બહેન સ્વ. શ્રી મધુબેન રસિકલાલ શેઠ પરિવાર તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું અને દિવાળી પુસ્તિકાની પ્રભાવના કરવામાં આવી હતી. ભોજનાલયમાં આસો વદ એકમની કાયમી તિથિ તેઓ તરફથી નોંધાવવામાં આવેલ છે; જે બદલ સંસ્થા તેઓને સાભાર ધન્યવાદ પાઠવે છે. આ પ્રસંગે આપણી સંસ્થામાં રહીને સેવા-સાધના કરતા આદ. શ્રી મનોરમાબેન પારેખની સુપુત્રીઓ તરફથી ૧૦/- રૂપિયાની પ્રભાવના કરવામાં આવી હતી.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનાર દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનાર નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

- **સંતકુટિર :** આદ.શ્રી ઈલાબેન વી. મહેતા, અમદાવાદ. રૂા. ૧,૦૦,૦૦૦/-
- **મેડિકલ સેન્ટર :**

(૧) આદ.શ્રી જયંતિભાઈ તથા પુષ્પાબેન શાહ, લંડન રૂા. ૧૧,૧૧૧/-
(તેઓશ્રીના પૌત્ર ચિ. અપૂર્વના શુભલગ્ન પ્રસંગે)

(૨) આદ.શ્રી જયંતિભાઈ તથા પુષ્પાબેન શાહ, લંડન રૂા. ૧૧,૧૧૧/-
(તેઓશ્રીના દોહિત્ર ચિ. નીરવના શુભલગ્ન પ્રસંગે)

(૩) આદ. શ્રી ઊર્મિલાબેન નવીનભાઈ શાહ, મુંબઈ રૂા. ૧૧,૦૦૦/-

(૪) આદ. શ્રી ભદ્રાબેન નરસિંહભાઈ શાહ, પાલડી, અમદાવાદ રૂા. ૧૦,૦૦૦/-

(૫) આદ.શ્રીમતી જયાબેન વાઘજીભાઈ માલદે, લંડન રૂા. ૧૦,૦૦૦/-
(હસ્તે આદ.શ્રી જયંતિભાઈ શાહ, લંડનવાળા)

(૬) આદ. શ્રી નીતાબેન જ્યોતીન્દ્રભાઈ દોશી, રાજકોટ રૂા. ૬,૦૦૦/-

(૭) આદ. શ્રી મધુબેન આર. શેઠ, રાજકોટ (હસ્તે આદ.શ્રી મુક્તાબેન મહેતા) રૂા. ૫,૦૦૦/-

(૮) આદ. શ્રી ભરતભાઈ તથા આદ.શ્રી અતુક્ષાબેન માલદે, લંડન રૂા. ૪,૦૦૦/-
(હસ્તે આદ.શ્રી જયંતિભાઈ શાહ, લંડનવાળા)

(૯) આદ. શ્રી અવનિશભાઈ તથા આદ.શ્રી લીનાબેન માલદે, લંડન રૂા. ૪,૦૦૦/-
(હસ્તે આદ.શ્રી જયંતિભાઈ શાહ, લંડનવાળા)

## સંસ્થામાં શ્રી દીપાવલી આરાધના શિબિર સંપન્ન

પૂ. શ્રી આત્માનંદજીના પાવન સાન્નિધ્યમાં ધનતેરસથી બેસતા વર્ષ સુધી ૪ દિવસની (મંગળ થી શુક્રવાર, ૨૧ થી ૨૪ ઓક્ટોબર) ઘનિષ્ઠ અધ્યાત્મ સત્સંગ શિબિર સંપન્ન થઈ. રાજકોટથી વચનામૃતજીના અભ્યાસી આદ.શ્રી સુધીરભાઈ મહેતા પધાર્યા હતા. તેમણે ૭ સ્વાધ્યાયમાં વચનામૃત પત્રાંક - ૬૦૯ના આધારે સત્સંગનું સ્વરૂપ, સત્સંગનું વિજ્ઞાન, તેના સાધક-બાધક કારણો, જીવનમાં તેનો પ્રયોગ વગેરેની

વચનામૃતજીના વિવિધ પત્રાંકો, વ્યાખ્યાનસાર અને મોક્ષમાળાના આધારે વિસ્તૃત છણાવટ કરી. આત્માની સહજ સ્થિતિ એટલે કે આત્માનું મૂળ શુદ્ધ સ્વરૂપ, લક્ષણો, સંગ-મલિનતા - અસંગપણું - શુદ્ધતાનું સૂક્ષ્મતાથી વિવેચન કર્યું. સત્સંગ એટલે જ સત્પુરુષ અને તેમનો સત્સમાગમ કહીને સત્પુરુષનો યોગ, સમાગમ, ઓળખાણ, પરિચય, સાન્નિધ્ય, તેમના લક્ષણો, આપણી પાત્રતા વગેરે વિષે ઝીણવટભરી ચર્ચા કરી. સમગ્રતયા આત્મકલ્યાણનું લક્ષ બાંધવા અને તેને કેન્દ્રમાં રાખવા પર ભાર મૂક્યો. સાધના અને પરિણમનનો ક્રમ પણ દર્શાવ્યો કે વૈરાગ્ય → ઉદાસીનતા → વીતરાગતા. સાધકની ત્રણ ચડતી દશા સમજાવી : મુમુક્ષુ → ઉત્તમ મુમુક્ષુ → આત્મજ્ઞાન. સર્વ અધ્યાત્મવિકાસનો રામબાણ ઈલાજ કહ્યો કે (૧) સત્સંગની ઉપાસના અને (૨) સમજણપૂર્વકની ભક્તિ.

પૂ. શ્રી આત્માનંદજીના ૪ સ્વાધ્યાયમાં (વિડીયો દ્વારા) તેઓશ્રીએ ગુણપ્રાપ્તિરૂપે અધ્યાત્મવિકાસનો ક્રમ દર્શાવ્યો કે (૧) ગુણાનુવાદ, (૨) ગુણસ્મરણ, (૩) ગુણગ્રહણ. જીવન ન્યારું - પ્યારું - પવિત્ર - સુગંધિત કેવી રીતે બને તેની સમજણ સાથે પ્રેરણા આપી. આત્મસિદ્ધિજીની ગાથા -૧૩૮ના આધારે મુમુક્ષુના ૭ લક્ષણોની વિચારણા કરી. વિ.સં. ૨૦૭૧ના નવલ પ્રભાતે શુભ આશીર્વાદ સાથે કહ્યું કે સમય કોઈની રાહ જોતો નથી. તેથી આત્મકલ્યાણનું આપણું કામ સત્વરે કરી લેવું. ''મોટા ઘરનું તેડું'' ગમે ત્યારે આવી શકે તેથી પ્રમાદ વિના સાંસારિક કાર્યો/પ્રવૃત્તિ ગૌણ કરીને નિવૃત્તિની ભાવના સાથે સાધનાનો વેગ વધારવો. મોટા પાપોથી સર્વથા દૂર રહીને પોતાના સૂક્ષ્મ દોષો શોધીને કાઢવાં. ધર્મ કરવાનો આવો અમૂલ્ય અવસર વારેવારે નહીં આવે.

આદ.શ્રી અશોકભાઈએ તેમના સ્વાધ્યાયમાં ''સહજાનંદી શુદ્ધ સ્વરૂપી, અવિનાશી હું આત્મસ્વરૂપ'' મંત્રના આધારે જ્ઞાન, જ્ઞાની, સુખ, આનંદ, છ પદ વગેરેની વાત કરીને આત્માના સૂક્ષ્મ સ્વરૂપ વિષે સમજાવ્યું.

આ ઉપરાંત સવાર-સાંજના દેવવંદન, આજ્ઞાભક્તિ, પ્રભુજીનો અભિષેક, દેવપૂજા, આલોચના વગેરે હતા. ઘાતી-અઘાતી કર્મની નિર્જરા માટે પંચ મંત્રની ૩૬ માળાનું પારાયણ દરરોજ રાત્રે હતું. એકંદરે શિબિર ખૂબ અધ્યાત્મપ્રેરક અને વાત્સલ્યવર્ધક રહી.

**જ્ઞાનપંચમી :** આ દિવસે સવારે શ્રી જિનવાણી માતાની પૂજા, સ્તુતિ, આરતી આદિ થયાં. આદ. બા.બ્ર.શ્રી સુરેશજીએ 'જ્ઞાનના લક્ષણો' વિષય અંતર્ગત જ્ઞાનનું કાર્ય, જ્ઞાયકનો આશ્રય, તત્ત્વવિચારની આવશ્યકતા, સમ્યક્જ્ઞાનનું મહત્ત્વ વગેરે બાબતો પર છણાવટ કરી હતી. પૂજ્યશ્રી આત્માનંદજીએ સ્વાધ્યાય આપતા જણાવ્યું કે ધર્મમાર્ગમાં બુદ્ધિની વૃદ્ધિની નહિ, પણ બુદ્ધિની શુદ્ધિની જરૂર છે. જિનવાણીનું માહાત્મ્ય શબ્દોમાં વર્ણવી શકાતું નથી. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા', 'ભાવ'ની શુદ્ધિનું લક્ષ રાખવું. સાંસારિક સુખ પરપદાર્થ પર આધારિત છે, જ્યારે આત્મસુખ સ્વાધીન છે. ભગવાનની વાણીને હૃદયગત કરે છે તે નિર્વાણને પ્રાપ્ત કરે છે.

## શ્રી આત્મસિદ્ધિ પારાયણ

**[૧]** સ્વ. ગુણવંતીબેન રમણભાઈ શાહના આત્મશ્રેયાર્થે તા. ૨૫-૯-૧૪ના દિવસે આપણી સંસ્થામાં આદ. શ્રી રમણભાઈ શાહ પરિવાર તરફથી શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનું પારાયણ રાખવામાં આવ્યું હતું.

પારાયણ બાદ આદ. બા. બ્ર. સુરેશજીએ 'ચાર પ્રકારના પુરુષાર્થ' વિષયક મનનીય સ્વાધ્યાય આપ્યો હતો. પૂજ્યશ્રી આત્માનંદજીએ સ્વ. ગુણવંતીબેનના સ્પષ્ટવક્તા, સત્કાર્યોમાં સહાયરૂપ થવું, ધર્મપ્રેમ જેવા સદ્‌ગુણોની અનુમોદના કરતા જણાવ્યું કે ગૃહસ્થના ષટ્કર્મો(દેવપૂજા, ગુરુપાસ્તિ, સ્વાધ્યાય, સંયમ, તપ, દાન) દરરોજ નિયમિત કરવાં જોઈએ. ચાર પ્રકારના પ્રતિબંધોને ઘટાડવાં પ્રયત્ન કરવો.

પૂજ્ય બહેનશ્રીએ સ્વ. ગુણવંતીબેનમાં રહેલા ધર્મ પ્રત્યે સારી શ્રદ્ધા, દાનની ભાવના, સમતાભાવ, સરળતા, સહનશીલતા, ધર્મપ્રેમ, ગુરુભક્તિ વગેરે સદ્‌ગુણોની અનુમોદના કરી હતી. આ પ્રસંગે આદ. શ્રી રમણભાઈ શાહ પરિવાર તરફથી સંસ્થાને ૫૧૦૦/- રૂપિયાનું દાન જાહેર કરવામાં આવ્યું હતું.

**[૨]** આપણી સંસ્થામાં છેલ્લા ૨૦ વર્ષથી સાધના-સેવા કરતા મુરબ્બી આદ. મુમુક્ષુ બહેનશ્રી તરુબેન ગાંધીના જન્મદિન નિમિત્તે તા. ૧૩-૧૦-૨૦૧૪ના રોજ તેઓશ્રી તરફથી શ્રી આત્મસિદ્ધિનું પારાયણ રાખવામાં આવ્યું હતું. ધર્મ અને અધ્યાત્મ ક્ષેત્રે રુચિ ધરાવતા શ્રી તરુબેને આ દિવસની ભોજનાલયની કાયમી તિથિ નોંધાવેલ છે; જે બદલ સંસ્થા તરફથી સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ. આ પ્રસંગે આદ.શ્રી તરુબેનના સગાવહાલાં, સ્નેહીજનો ઉપસ્થિત રહ્યા હતા.

## કવિ નર્મદ પારિતોષિક સમારોહ

મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી કવિનર્મદના જન્મદિવસ ૨૪મી ઑગસ્ટે વિશ્વ ગુજરાતી ભાષાદિવસ ઊજવે છે. આ પ્રસંગે તેઓ ગુજરાતી ભાષાના સાહિત્યકારને અને એક મરાઠી સાહિત્યકારને કવિ નર્મદ ઍવૉર્ડ, સન્માનપત્ર તથા એકાવન હજાર રૂપિયાનો પુરસ્કાર અર્પણ કરે છે. આ વર્ષનો પુરસ્કાર ગુજરાતી ભાષાના સાહિત્યકાર ડૉ. કુમારપાળ દેસાઈને અને મરાઠી સાહિત્યકાર શ્રીમતી વિજ્યા રાજાધ્યક્ષને ૨૪મી ઑગસ્ટે મુંબઈના રવીન્દ્ર નાટ્યમંદિરમાં એનાયત કરવામાં આવ્યો. આ પ્રસંગે ડૉ. કુમારપાળ દેસાઈએ પોતાની સર્જનયાત્રાની વાત કરી હતી અને ચરિત્ર, સંશોધન, બાળસાહિત્ય, પ્રૌઢસાહિત્ય, અનુવાદ, વિવેચન અને પત્રકારત્વનાં સ્વરૂપોમાં કઈ રીતે ગતિ કરી હતી એનો ખ્યાલ આપ્યો હતો. તાજેતરમાં ચાલતી ગુજરાતી વિશ્વકોશની પ્રવૃત્તિનો ખ્યાલ આપતાં તેઓશ્રીએ કેટલીક રસપ્રદ વિગતો આપી હતી.

આ પ્રસંગે મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી હેમરાજ શાહે અભિવાદન કર્યું હતું. ઉર્દૂ અકાદમીના અધ્યક્ષ અને બહોળી સંખ્યામાં ગુજરાતી સાહિત્યકારો ઉપસ્થિત હતા. સમસ્ત કોબા પરિવાર ડૉ. કુમારપાળભાઈ દેસાઈને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવે છે. ■ ■ ■

**સમ્યગ્‌દર્શન**

**(પાના નં. ૨૪ પરથી ચાલુ...)**

સાત્ત્વિક કીર્તિથી પોતાને ઝગમગાવે છે.

### સમ્યગ્‌દર્શનના લક્ષણો તથા ભૂષણોમાં અંતર

(૧) સમ્યગ્‌દર્શનના લક્ષણોનો સમ્યક્ત્વની સાથે અવિનાભાવી સંબંધ છે, પરંતુ ભૂષણોનો સંબંધ અવિનાભાવી નથી.

(૨) સમ્યક્ત્વના લક્ષણોના અભાવમાં સમ્યક્ત્વ રહેતું નથી, પરંતુ તેના ભૂષણોના અભાવમાં સર્વથા સમ્યક્ત્વ જતું નથી.

(૩) લક્ષણ અનિવાર્ય ગુણ છે, ભૂષણ અતિરિક્ત ગુણ છે.

**(ક્રમશઃ)**

● ● ●

# મન

- વિભાબેન એસ. મહેતા

૧. મનની અગાધ શક્તિ છે. મનને વશ કર્યું તેણે જગતને વશ કર્યું.

૨. મનની નિર્બળતાથી અતૃપ્તિ, તૃષ્ણા, ઈર્ષા, દ્વેષ ઉત્પન્ન થાય છે.

૩. જીવનનો પરમોચ્ચ આનંદ પ્રાપ્ત કરવા માટે મનને પ્રભુકાર્યમાં સ્થિર રાખવું જોઈએ.

૪. મનુષ્ય વિષય તરફ આકર્ષાય છે ત્યારે મન તેમાં સામેલ થઈ જાય છે. મનની જાગૃતિ માનવીને વિષય તરફ આકર્ષાતા નિયંત્રિત કરશે.

૫. મનને જીતતા જીવનમાં પ્રસન્નતા આવશે. જીવન સૌરભથી મહેકતું થશે.

૬. મનને નાથતા જીવન સંગીતમય બની જશે.

૭. પ્રથમ દુર્દમ એવા મનનો જય કરવાથી ઈન્દ્રિયોનો જય સુખે કરી શકાય છે.

૮. મનની ચંચળતા વર્તમાનના અસંખ્યાતા પ્રદેશી 'ઉપયોગ' જેવા ક્ષણમાત્ર પણ સમયને આત્મસ્વભાવમાં લીન થવા દેતી નથી. પરપદાર્થના વિકલ્પમાં ચિત્ત ભમ્યા કરે છે.

૯. મન, વચન, કાયા ઉપરના ગુણસ્થાનક સુધી હોય. મન તો કાર્ય વગર બેસતું જ નથી.

૧૦. અનાદિથી ચપળ એવું મન સ્થિર કરવું. પ્રથમ અત્યંતપણે સામું થાય એમાં કાંઈ આશ્ચર્ય નથી. ક્રમે કરીને તે મનને મહાત્માઓએ સ્થિર કર્યું છે, શમાવ્યું છે. ક્ષય કર્યું છે એ ખરેખર આશ્ચર્યકારક છે.

૧૧. મનને વશ કરવું એ સર્વોત્તમ છે. એના વડે સઘળી ઈન્દ્રિયો વશ કરી શકાય છે. મન જીતવું બહુ દુર્ઘટ છે. એક સમયમાં અસંખ્યાતા યોજન ચાલનાર અશ્વ તે મન છે. એને થકાવવું બહુ દુર્લભ છે. એની ગતિ ચપળ અને ન ઝાલી શકાય તેવી છે. મહાજ્ઞાનીઓએ જ્ઞાનરૂપી લગામ વડે એને સ્તંભિત રાખી સર્વ જય કર્યો છે.

૧૨. મન જ સર્વોપાધિની જન્મદાતા ભૂમિકા છે. મન જ બંધ અને મોક્ષનું કારણ છે. મન જ સંસારની મોહિની રૂપ છે. એ વશ થતાં આત્મસ્વરૂપને પામવું લેશમાત્ર દુર્લભ નથી.

૧૩. સ્વમનના પર્યાય જાણી શકાય, તો પરમનના પર્યાય જાણવા સુલભ છે. સ્વમનના પર્યાય જાણવા પણ મુશ્કેલ છે. સ્વમન સમજાય તો વશ થાય. સમજાવા સદ્‌વિચાર અને સતત એકાગ્ર ઉપયોગની જરૂર છે.

૧૪. મનની ઇચ્છાઓ, તરંગો, સંકલ્પો અસીમ છે. શુદ્ધ ચિત્તથી મનને જીત્યા સિવાય સુખ પ્રાપ્ત નહિ થાય.

૧૫. ચંચળ વૃત્તિનો મનુષ્ય પણ જો મુસીબતની સામે થવાને મનોવૃત્તિને એકાગ્ર કરશે તો તે જ ઘડીએ તેની સામે ઉમટેલો આફતનો દરિયો શમી જશે.


૧૬. મનને એરકન્ડીશન કરી સંસારની કામનાઓ અને વાસનાઓને શાંત કરો.

૧૭. મનની મોટાઈ એ છે કે પોતાની ભૂલો કબૂલ કરીને તેને છોડી દેવી. ચંચળ મનથી સિદ્ધિ દૂર ભાગે છે.

૧૮. મનરૂપી હાથીને ઈન્દ્રિય વિષયના સુખમાં રતિ ન કરવા દેતા, મનને સહસા પાછું વાળી લેતા આત્મા અને પરની ભેળસેળ થતી નથી. વિષય-કષાયોમાં જતાં મનને વાળીને નિરંજન તત્વમાં સ્થિર કરો.

Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2012-14 issued by SSP Ahmedabad valid upto 31-12-2014
Publication Date 15th of every month

આદ. શ્રી સુધાબેન પ્રફુલભાઈ લાખાણીના નિવાસસ્થાને પરમકૃપાળુદેવની પ્રતિમાજીની સ્થાપના (ન્યૂયોર્ક, યુ.એસ.એ.)






કવિ નર્મદ પારિતોષિક સમારોહ વેળાએ ડૉ. કુમારપાળ દેસાઈનું અભિવાદન કરતા શ્રી હેમરાજ શાહ, ઉર્દૂ અકાદમીના અધ્યક્ષ તથા મરાઠી લેખિકા વિજયા રાજાધ્યક્ષ

**આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા**

'દિવ્યધ્વનિ' નવેમ્બર - ૨૦૧૪ના અંક માટે રૂા. ૧૧,૦૦૦/-નો આર્થિક સહયોગ

**૧ સ્વ. પ્રવીણચંદ્ર મોહનલાલ સંઘવીના આત્મશ્રેયાર્થે**
**હસ્તે : આદ. શ્રી શાંતાબેન પ્રવીણચંદ્ર સંઘવી, મુંબઈ**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

'દિવ્યધ્વનિ' નવેમ્બર - ૨૦૧૪ના અંક માટે રૂા. ૧૧,૦૦૦/-નો આર્થિક સહયોગ

**૨ એક મુમુક્ષુ બહેન, અમદાવાદ**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah